# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
મોહનીશ બહલની પુત્રી પ્રનૂતન હોલિવૂડ ફિલ્મમાં જોવા મળશે



પેજ-09
વિરાટ કોહલી કઈ કંપનીના શૂઝ પહેરે છે અને તેની કિમત કેટલી છે?

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 21.00 |
| વડોદરા | 34.00 | 19.00 |
| સુરત | 35.00 | 19.00 |

પેજ 5



ભારતનું ઈ-કોમર્સ માર્કેટ 2035 સુધીમાં 4 ગણું વધીને 48 લાખ કરોડને...

23 FEBRUARY-2025 SUNDAY

ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક એરફોર્સ ચીફ ઓફિસર બ્રાઉનને પદથી હટાવ્યા



પેજ 10

.....સુવિચાર.....
કળા એટલે પ્રત્યેક ચીજને, એટલે કે વિચારને, વાણીને, વર્તનને તેના યથાયોગ્ય સ્થાને મૂકવી.



વર્ષ-14 | અંક-096 | વિક્રમ સંવત-2081 | મહા વદ-11 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# શક્તિકાંત દાસ હવે મોદીના મુખ્ય સચિવ

## આરબીઆઈના પૂર્વ ગવર્નર શક્તિકાંત દાસને વડાપ્રધાન મોદીના મુખ્ય સચિવ બનાવાયા

(એજન્સી) નવી દિલ્હી | તા. 22

રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર શક્તિકાંત દાસને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રિન્સિપલ સચિવ-2 તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમનો કાર્યકાળ વડાપ્રધાન મોદીના કાર્યકાળ સાથે જ સમાપ્ત થશે. ડિસેમ્બર 2018માં તેમને રિઝર્વ બેંકના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, અને તેમનો કાર્યકાળ 10 ડિસેમ્બર, 2024ના રોજ સમાપ્ત થાય છે. આદેશ મુજબ, તેઓ PMના પ્રિન્સિપલ સેક્રેટરી-1 ડૉ. પીકે મિશ્રા સાથે વડાપ્રધાનના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે કામ કરશે. શક્તિકાંત દાસ 1980 બેચના IAS અધિકારી છે. તેઓ તમિલનાડુ કેડરના અધિકારી છે. મે 2017 સુધી, તેઓ આર્થિક બાબતોના સચિવ હતા. દાસે ઘણા મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા છે. દાસે 15મા નાણાપંચના સભ્ય તરીકે પણ સેવા આપી હતી. બ્રિક્સ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને સાર્કમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. તે દેશના 25મા ગવર્નર બન્યા. નવેમ્બર 2016માં જ્યારે નોટબંધી થઈ ત્યારે પણ દાસ મુખ્ય મોરચા પર હતા.



▪ **કેન્દ્ર સરકારે જાહેર કર્યું નોટિફિકેશન :** કેન્દ્ર સરકારમાં નિમણૂંક કમિટી દ્વારા રજૂ કરવામાં આવેલાં જાહેરનામાંમાં કહેવામાં આવ્યું કે, 'મંત્રીમંડળની નિમણૂંક સમિતિએ શક્તિકાંત દાસ, આઈએએસ (રિટાયર્ડ) (ટીએન:80) ની વડાપ્રધાનના સચિવ-2 નિમણૂંકની મંજૂરી આપવામાં આવી છે. આ નિમણૂંક તેમના પદ સંભાળ્યા બાદથી અમલમાં આવશે. તેમની નિમણૂંક વડાપ્રધાનના કાર્યકાળની સાથે અથવા આવનારા આદેશ સુધી શરૂ રહેશે.'

▪ **1980ની બેચના IAS અધિકારી :** ઓડિશાની રાજધાની ભુવનેશ્વરના વતની 67 વર્ષીય શક્તિકાંત દાસ તમિલનાડુ કેડરના 1980 બેચના IAS અધિકારી છે. પોતાની કારકિર્દી દરમિયાન તેમણે કેન્દ્ર અને તમિલનાડુ સરકાર માટે વિવિધ પદ પર કામ કર્યું છે. કેન્દ્રમાં તેમણે વિવિધ તબક્કામાં આર્થિક મામલાના સેક્રેટરી, ફાઈનાન્સ સેક્રેટરી અને ફર્ટિલાઈઝર સેક્રેટરીના રૂપે કામ કર્યુ છે. તે દિલ્હીના પ્રખ્યાત સેન્ટ સ્ટીફન્સ કોલેજના વિદ્યાર્થી રહ્યા છે.

## મહાકુંભમાં રેકોર્ડ 60 કરોડ લોકોએ સ્નાન કર્યું



મહાકુંભનો 41મો દિવસ છે. મેળાના માત્ર હવે 4 દિવસ બાકી છે. યમુના નદી પર બનેલા પુલ તરફ જતો રસ્તો લગભગ 7 કલાકથી જામ થયો છે. અડધો કલાકનું અંતર કાપવામાં 4 કલાક લાગે છે. કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ત્રિવેણી સંગમ પહોંચ્યા છે. આ દરમિયાન તેમની સાથે સીએમ યોગી આદિત્યનાથ પણ હાજર છે. સીએમ યોગી આજે નવ કલાક મહાકુંભમાં રહેશે. મહાશિવરાત્રી સ્નાનની તૈયારીઓની સમીક્ષા કરશે.

## પહેલીવાર અમેરિકન ટૉપ સિક્રેટ અંતરિક્ષ વિમાન X-37Bની તસવીરો થઈ જાહેર

(એજન્સી) ન્યુયોર્ક | તા. 22

અમેરિકાના અવકાશ દળે (USSF) ટોપ સિક્રેટ X-37B અવકાશયાનની પહેલી તસવીર જાહેર કરી છે. અવકાશયાનમાં લગાવાયેલા કેમેરાથી ખેંચવામાં આવેલી તસવીરમાં યાન અવકાશમાં દેખાઈ રહ્યું છે અને તે આફ્રિકન ખંડની ઉપર પરિક્રમાં કરતો દેખાઈ રહ્યો છે.



**USSF તસવીર શેર કરી :** USSF એક્સ પર પોસ્ટ તસવીર શેર કરવાની સાથે લખ્યું છે કે, 'X-37B અવકાશ વિમાન 2024થી ઉચ્ચ પૃથ્વી ભ્રમણકક્ષામાં પ્રયોગ કરી રહ્યો છે. તેના ઑનબૉર્ડ કેમેરા દ્વારા પૃથ્વીની તસવીર ખેંચવામાં આવી છે. X-37Bમાં વધુ ઈંધણ વપરાતું નથી.

**X-37Bની ખાસિયત :** X-37B અમેરિકાનું ખૂબ જ ખાસ વિમાન છે, તેને અવકાશમાં લઈ જવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. તેનું સંચાલન અમેરિકાના સ્પેસ ફોર્સના રેપિડ કેપેબિલિટીઝ ઓફિસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. વિમાનના પાંખીયાની લંબાઈ 15 ફુટ છે, જ્યારે X-37Bની લંબાઈ 29 ફુટ છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે, X-37B અવકાશનું મિશન સફળતા પૂર્વક પાર પડી પરત ફરવામાં સક્ષમ છે.

**X-37B સ્પેસ પ્લેને અવકાશમાં એક વર્ષથી વધુ સમય કાઢ્યો**

અવકાશયાનની સૌથી મહત્ત્વની વાત એ છે કે, તેને અવકાશાં એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે. USSFએ ગત વર્ષે 28 ડિસેમ્બરે સ્પેસએક્સ ફાલ્કન (SpaceX Falcon) હેવી રૉકેટમાં અવકાશયાન મોકલ્યું હતું. તેના દ્વારા શું પ્રયોગ કરાશે, તેની માહિતી અમેરિકન સરકારે ગુપ્ત રાખી છે. જોકે સ્પેસ ફોર્સે ગુપ્ત યાનની તસવીર જાહેર કરી હોય, તેવું પ્રથમવાર બન્યું છે.

## ચાર દિવસમાં ચોથી વખત ભારતીય ચૂંટણીઓમાં US ફંડિંગ પર સવાલ

# મારા મિત્ર મોદીને રૂ.182 કરોડ મોકલ્યા...

**ટ્રમ્પે બાંગ્લાદેશનો પણ ઉલ્લેખ કર્યો**

(એજન્સી) વૉશિંગ્ટન ડીસી | તા. 22

ટ્રમ્પે ચાર દિવસમાં ચોથી વખત ભારતીય ચૂંટણીઓમાં યુએસ ફંડિંગ પર સવાલો ઉઠાવ્યા છે. આ વખતે તેમણે કહ્યું કે મારા મિત્ર મોદીને 182 કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે. આ બીજી વખત છે જ્યારે ટ્રમ્પે આ મામલે મોદીનું નામ લીધું છે. ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે, આ ફંડિંગ ભારતમાં વોટર ટર્નઆઉટ વધારવા માટે આપવામાં આવ્યું હતું. અને અમારું શું? અમારે પણ અમેરિકામાં વોટર ટર્નઆઉટ વધારવા માટે પૈસા જોઈએ છે. આ ઉપરાંત ટ્રમ્પે બાંગ્લાદેશને મોકલવામાં આવેલા 250 કરોડ રૂપિયાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં રાજકીય વાતાવરણને મજબૂત બનાવવા માટે આ ફંડિંગ એક એવી સંસ્થાને મોકલવામાં આવ્યું હતું જેનું નામ કોઈએ સાંભળ્યું પણ નહોતું.



**ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું- આ માહિતી ચિંતાજનક**

ભારતીય ચૂંટણીઓમાં હસ્તક્ષેપ અંગે ટ્રમ્પના નિવેદન પર ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે કહ્યું કે, આ માહિતી ખૂબ જ ચિંતાજનક છે. આનાથી ભારતીય ચૂંટણીઓમાં વિદેશી હસ્તક્ષેપ અંગે ચિંતા વધી છે. તેમણે કહ્યું કે અમે આ મુદ્દાની તપાસ કરી રહ્યા છીએ. આ સમયે આ બાબતે કંઈ પણ કહેવું વહેલું ગણાશે. આશા છે કે અમને ટૂંક સમયમાં આ અંગે કેટલીક અપડેટ મળશે.

**અમેરિકાથી પૈસા ભારત આવવાના 4 સ્ટેપ...**

1 પૈસા ક્યાંથી આવ્યા? અમેરિકન એજન્સી USAID દ્વારા ભારતને આપવામાં આવેલ ફંડિંગ 4000 કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય ફંડિંગનો એક ભાગ હતો.

2 પૈસા ભારતમાં કેવી રીતે પહોંચ્યા આ પૈસા કન્સોર્ટિયમ ફોર ઇલેક્શન્સ એન્ડ પોલિટિકલ પ્રોસેસ સ્ટ્રેન્થનિંગ (CEPPS) નામની સંસ્થાને આપવામાં આવ્યા હતા. આ સંસ્થા પાસે ત્રણ NGO છે, IFES (ચૂંટણી જાગૃતિ માટે), NDI (લોકશાહીને પ્રોત્સાહન આપવા માટે) અને IRI (નાગરિક ભાગીદારી વધારવા માટે). CEPPS એ આ પૈસા એશિયામાં કામ કરતી એશિયન નેટવર્ક ફોર ફ્રી ઈલેક્શન્સ (ANFREL) નામની NGOને આપ્યા. ત્યાંથી ભારતમાં IFESને મળ્યા.

3 ભારતમાં કોને પૈસા મળ્યા? આ પછી, આ પૈસા NGO, નાગરિક સમાજ જૂથો અને મતદાતા જાગૃતિમાં સામેલ રાજકીય પક્ષોને આપવામાં આવ્યા. તેમના નામ જાહેર કરવામાં આવ્યા નથી.

4 પૈસા કેવી રીતે ખર્ચાયા આ પૈસાનો ઉપયોગ રેલીઓ, ડોર-ટુ-ડોર ઝુંબેશ અને વર્કશોપ યોજવા માટે કરવામાં આવ્યો હતો. અમુક વિસ્તારોમાં વોટર ટર્નઆઉટ વધારવા માટે પણ પૈસા ખર્ચવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકાર વિરુદ્ધનો માહોલ વધારવા માટે મીડિયા પ્રચાર કરવામાં આવ્યો. સ્વયંસેવકોને તાલીમ, ખોરાક, રહેવાની વ્યવસ્થા અને મુસાફરી ખર્ચ પૂરો પાડવામાં આવ્યો હતો.

## દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી



(એજન્સી) નવી દિલ્હી | તા. 22

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે પાર્ટીના મેનિફેસ્ટો અને દિલ્હીના વિકાસ માટે વિકાસ યોજનાઓની ચર્ચા કરી. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રીએ 8 માર્ચથી મહિલા સન્માન યોજના લાગુ કરવાની જાહેરાત કરી છે. સંભવતઃ પીએમના હસ્તે તેનું ઉદ્ઘાટન થઈ શકે છે.દિલ્હીમાં યમુનાની સફાઈ શરૂ થયા બાદ રસ્તાઓ પર પડેલા કચરાને દૂર કરવાનું કામ પણ શરૂ થઈ ગયું છે. શુક્રવારે સીએમ રેખા ગુપ્તાએ પીડબ્લ્યુડી અને દિલ્હી જલ બોર્ડના અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

### પંજાબના CMને 20 મહિને થયું આત્મજ્ઞાન

## ગજબ... ! કોઈ કર્મચારી કે અધિકારી વિના ચાલી રહ્યો હતો સરકારી વિભાગ

(એજન્સી) અમૃતસર | તા. 22

પંજાબની આમ આદમી પાર્ટીની સરકારમાં હાલ ખળભળાટ છે. એક દિવસ પહેલાં જ ભગવંત માન સરકારે 21 ઓફિસરોનું ટ્રાન્સફર કરવાની સાથે-સાથે મંત્રી કુલદીપ સિંહ ધાલીવાલ પાસેથી વહીવટી સુધારા મંત્રાલય પરત ખેંચી લેવાયું છે. હવે એવી જાણકારી સામે આવી રહી છે કે, જે વહીવટી સુધારા મંત્રાલયે ધાલવાલ પાસેથી લઈ લેવામાં આવ્યું છે તે હકીકતમાં ક્યારેય હતું જ નહીં. આ મંત્રાલય ફક્ત કાગળ પર ચાલી રહ્યો હતો. મુખ્યમંત્રી ભગવંત માનને 20 મહિના બાદ ભાન આવ્યું અને ત્યારબાદ આ ભૂતિયા વિભાગને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પંજાબ સરકારે હવે વહીવટી સુધારા વિભાગને હાલમાં જ ખતમ કરી દેવામાં આવ્યો છે. પંજાબ સરકારે વિભાગ પરત લેવાને લઈને સંબંધિત જાહેરનામું રજૂ કર્યું છે.

**ભગવંત માન સરકારને ઘેરવાનો દરેક સંભવ પ્રયાસ કરાયાનો આક્ષેપ**



**અધિકારી વિનાના મંત્રી હતાં ધાલીવાલ**

હવે એવો પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે કે, વહીવટી સુધારા કાર્ય મંત્રાલયની જરૂરત જ નહતી તો પછી તેને અમલમાં કેમ લાવવામાં આવ્યો? જેમાં એક મંત્રીની નિયુક્તિ પણ કરવામાં આવી પરંતુ, મંત્રીને ન તો કોઈ સ્ટાફ આપવામાં આવ્યો અને ન કોઈ પ્લાન તૈયાર કરવામાં આવ્યો. આ કહેવાનું ખોટું નહીં હોય કે, ધાલીવાલ સ્ટાફ વિનાના મંત્રાલયના મંત્રી હતાં. 20 મહિના બાદ ભગવંત માન સરકાર ઊંઘમાંથી જાગ્યા છે અને આ મંત્રાલયને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## રાજસ્થાનમાં ઠંડી વધી, મનાલીમાં બરફવર્ષા થઈ

(એજન્સી) નવી દિલ્હી | તા. 22

હિમાચલ પ્રદેશ: મનાલીમાં બરફવર્ષા બાદ, નેહરુ કુંડ પહોંચતા પ્રવાસીઓના વાહનોની કતાર લાગી છે. હવામાન વિભાગ (IMD)એ સતત બીજા દિવસે 10 થી વધુ રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર, શનિવારે 15 રાજ્યોમાં વરસાદની શક્યતા છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને હિમવર્ષાને કારણે ઠંડીમાં વધારો થયો છે. હિમાચલના લાહૌલ-સ્પિતિમાં નેશનલ હાઈવે-3 પર 2 ફૂટ બરફ જામ્યો છે. આ કારણે બધા વાહનો બંધ થઈ ગયા. ગોંદલામાં સૌથી વધુ 42 સેમી બરફવર્ષા થઈ હતી.

## તેલંગાણામાં ટનલ દુર્ઘટના

### સુરંગમાં છતનો એક ભાગ ધરાશાયી થતા અનેક શ્રમિકો ફસાયા, રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરાયો



(એજન્સી) તેલંગાણા | તા. 22

તેલંગાણામાં એક મોટી દુર્ઘટના ઘટી છે. અહીં એક નિર્માણાધીન ટનલમાં છતનો ભાગ ધરાશાયી થતા મોટી દુર્ઘટના ઘટી છે. રાજ્યના નાગરકુર્નૂલ જિલ્લામાં શ્રીશૈલમ લેફ્ટ બેંક કેનાલ (SLBC) ની ટનલની છતનો એક ભાગ ધરાશાયી થયો છે, જેના કારણે 6 થી 8 શ્રમિકો ફસાયા હોવાની આશંકા છે. જોકે, શ્રમિકોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું કે, નિર્માણ કંપનીની એક ટીમ મૂલ્યાંકન માટે સુરંગની અંદર ગઈ છે અને પુષ્ટિ કરી છે કે, શ્રમિકો ફસાયા છે.

### પ્રયાગરાજની અસર અયોધ્યામાં ! રામલલા હવે પહેલાં કરતાં બમણાં લોકોને દર્શન આપી રહ્યાં છે

## રામ મંદિરમાં શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી, મોડી રાત્રી સુધી ખુલ્લું રહ્યું મંદિર

(એજન્સી) અયોધ્યા | તા. 22

ભવ્ય-દિવ્ય રામ મંદિરમાં વિરાજમાન રામલલા હવે પહેલાં કરતાં બમણાં લોકોને દર્શન આપી રહ્યાં છે. પ્રયાગરાજ મહાકુંભના વિપરીત પ્રવાહની એટલી અસર થઈ છે કે, ફક્ત મંદિરની નક્કી કરાયેલી દિનચર્યાનું જ નહીં પરંતુ, દર્શનના સમયગાળાનું પણ પાલન નથી થઈ રહ્યું. ભક્તોની સંખ્યામાં અણધાર્યા વધારાના કારણે મંદિરને મધ્યરાત્રિ 12 વાગ્યા બાદ પણ ખુલ્લું રાખવું પડે છે. શ્રદ્ધાળુઓ વધતાં ટ્રસ્ટના દર્શનનો સમય તો વધ્યો તેમ છતાં 17 કલાક પણ ઓછા પડી રહ્યાં છે. છેલ્લાં અનેક દિવસોથી રામલલા નિત્ય 19 કલાક સુધી દર્શન આપી રહ્યાં છે.



**અચાનક વધી શ્રદ્ધાળુઓની સંખ્યા**

મંદિરની પહેલી વર્ષગાંઠ 11 જાન્યુઆરીને પ્રતિષ્ઠા દ્વાદશીના નામથી ઉજવવામાં આવી હતી અને તે જ સમયગાળા દરમિયાન પ્રયાગરાજમાં મહાકુંભ શરૂ થયો હતો, તેથી 22 જાન્યુઆરીથી ભક્તોની સંખ્યામાં અચાનક વધારો થયો હતો. દરરોજ અણધારી સંખ્યામાં ભક્તો આવવા લાગ્યા, જેનાથી ટ્રસ્ટ દ્વારા નક્કી કરાયેલી દિનચર્યા ખોરવાઈ ગઈ અને મંદિર સવારે 5 વાગ્યે ખોલવું પડ્યું.

**દર્શનાર્થીઓની સંખ્યા સામે સિદ્ધાંત બદલવો અયોગ્ય :** જગદગુરુ રામાનુજાચાર્ય સ્વામી રત્નેશ પ્રપન્નાચાર્યએ કહ્યું કે, દર્શનાર્થીઓની સંખ્યા આગળ સિદ્ધાંતો બદલાતા નથી. કોઈપણ મંદિરના પોતાના નિયમો અને કાયદા હોય છે. જો રામ મંદિરમાં બેઠેલા રામલલાને બાળક માનવામાં આવે છે, તો તેમની સુખ-સુવિધાઓનું પણ ધ્યાન રાખવું પડશે.

**દર્શનનો સમય વધાર્યો, રાત્રે 12 વાગ્યે બંધ થઈ રહ્યું છે મંદિર :** ગત પખવાડિયામાં ભાગ્યે જ કોઈ દિવસ એવો દિવસ હશે, જ્યારે મંદિર 12 વાગ્યા પહેલા બંધ થયું હોય. મંદિર મધ્યરાત્રિ સુધી ખુલ્લું રહેવાને કારણે, દર્શનનો સમયગાળો 19 કલાક સુધી લંબાવવામાં આવી રહ્યો છે. ગુરુવારે પણ મંદિર બપોરે 12:10 વાગ્યે બંધ કરવામાં આવ્યું હતું. શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ગત 1 ઓક્ટોબરના રોજ નવરાત્રિના પહેલાં દિવસથી મંદિરની દિનચર્યાનું આયોજન કરીને રામલલાના દર્શનનો સમયગાળો નક્કી કર્યો હતો.

## માનનીય રેલ રાજ્યમંત્રી શ્રી રવનીત સિંહે અમદાવાદ ડિવિઝનની મુલાકાત લીધી

(એજન્સી) નવી દિલ્હી | તા. 22

માનનીય રેલ્વે અને ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી રવનીત સિંહ બિટ્ટુએ પશ્ચિમ રેલ્વે ના અમદાવાદ ડિવિઝન ની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે અમદાવાદ, પાલનપુર અને ગાંધીનગર કેપિટલ સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું. સ્ટેશન પર યાત્રી સુવિધાઓ અને સ્ટેશન પુનઃવિકાસના કાર્યોની સમીક્ષા કરી અને તેમણે મુસાફરો સાથે વાતચીત કરીને તેમની જરૂરિયાતો અને સૂચનો પણ સાંભળ્યા. માનનીય મંત્રી શ્રી એ વરિષ્ઠ અધિકારીઓ સાથે અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ ના કર્યો સહીત અમદાવાદ ડિવિઝનમાં ચાલી રહેલા વિવિધ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી, તેમણે અમદાવાદ સ્ટેશન પર NHSRCL સ્ટેશનના કામોની પ્રગતિનું પણ નિરીક્ષણ કર્યું. ઉપરાંત, ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFCCIL) સાબરમતી સ્થિત ઓપરેશન કમાન્ડ સેન્ટરની મુલાકાત લઈને વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી. તેમણે કમાન્ડ



સેન્ટરના સંચાલનની ઝીણવટભરી બાબતો સમજી અને તેના અસરકારક અમલીકરણની પ્રશંસા કરી. પાલનપુર સ્ટેશન પર માનનીય પૂર્વ સાંસદ બનાસકાંઠા શ્રી પરબતભાઈ પટેલ ની સાથે સૌજન્ય મુલાકાત કરી અને સ્ટેશન પર યાત્રી સુવિધાઓની સમીક્ષા કરી.

ઈકો સેન્સિટિવ ઝોનની ગંભીરતા સાથે શંકાસ્પદ વિરોધદર્શી સરકારી ગત

# ગીરની આસપાસ હોટલ સહિતના ધંધાઓને છૂટ આપવા મોટી ચાલ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

વન અને સિંહ સહિતનાં પ્રાણીઓને બચાવવાના દાવા વચ્ચે બેવડી નીતિ, ખેડૂતોને રાહત કરી આપવાને બદલે મોટા ધંધાર્થી ઓના લાભાર્થે કાયદો સુધારાયો હોવાની જનમાનસ માં ઉપસતી છાપ ગાંધીનગરને બાકાત કરીને તમામ સત્તા સ્થાનિક કક્ષાએ ગીર જંગલની આસપાસ હોટલ ઉદ્યોગ સહિતના ધંધા ઓને પાછલાં બારણે પ્રોત્સાહન આપવાના હેતુસર ગાંધીનગર ના ઊચ્ચ અધિકારીઓની સત્તામાં કાપ મૂકી સ્થાનિક કક્ષાએ મંજૂરી સહિતની સત્તા આપી દેવામાં આવી છે. અગાઉ જે અગત્યનું હતું તે હવે સરકાર માટે બિન અગત્ય નું થઈ ગયું હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. અગાઉ અભયારણ્ય ની બોર્ડરથી પાંચ કિ.મી.ના વિસ્તારને અગત્યનો માની તેની મંજૂરીની સત્તા ગાંધીનગર હતી. હવે આ તમામ સત્તા જે તે કલેકટર, સ્થાનિક ડીસીએફ, ડીડીઓને આપી દેવા માં આવી છે. પાંચ કિ.મી.થી દસ કિ.મી.ની સત્તા સ્થાનિક કક્ષા એ હતી તે હવે ઝીરોથી પાંચ કિ.મી.ની સત્તા સ્થાનિક કક્ષાએ આપી દેતા અનેક સવાલો ઊભા થયા છે. તા. ૧ જુલાઈ ૨૦૧૫ના હાઈકોર્ટના આદેશ બાદ બનાવેલા પરિપત્રમાં સુધારો કરવામાં આવ્યો છે. તદ્દનુસાર, અભયારણ્ય આસપાસ ઝીરોથી એક, એકથી બે અને બેથી પાંચ કિલોમીટર માં પણ કલેકટર, સંબંધિત નાયબ વન સરક્ષક, ડીડીઓ અને એસપીને સત્તા આપી દેવામાં આવી છે. આ અંગેનો વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવ આસવ ગઢવી દ્વારા સુધારા ઠરાવ આજે જાહેર કરવામાં આવ્યો છે. આ સુધારા ઠરાવથી જંગલની આસપાસના વિસ્તારમાં બાંધકામ કરવામાં કે ધંધા ઉદ્યોગ કરવામાં વન વિભાગના સી.એફ, સીસીએફ કે ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનની મંજૂરીની કોઈ જરૂરિયાત રહેશે નહીં. હવે કલેકટરની અધ્યક્ષતાવાળી કમિટી જ તેનો



નિર્ણય કરી આપશે. તા.૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ગીરના ઈકો સેન્સિટીવ ઝોનના પ્રાથમિક જાહેરનામામાં પણ સ્પષ્ટ જોગવાઈ છે કે, ૧ જુલાઈ ૨૦૧૫ના પરિપત્ર મુજબની અમલવારી કરવાની રહેશે. કેન્દ્ર સરકારનો નિર્ણય હોવા છતાં રાજ્ય સરકારે પરિપત્રમાં સુધારો કરી ગીરની આસપાસ હોટલ ઉદ્યોગ સહિતના ધંધાઓ પર આડકતરી રીતે છૂટ આપી દીધી હોય તેવો ઘાટ ઘડાયો છે.અગાઉ ઝીરોથી પાંચ કિ.મી.ના વિસ્તારને ખૂબ જ અગત્ય નો માનવામાં આવતો હતો. હવે આ વિસ્તાર સરકાર માટે અગત્યનો ન રહ્યો હોય તેમ ઉચ્ચ અધિકારીઓની સત્તામાં કાપ મુકી સ્થાનિક કક્ષાએ તે અંગેની સત્તા આપી દેવા પાછળ મોટી ગેમ હોવાની પણ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. વન અને પર્યાવરણ વિભાગમાં આ અંગેની છેલ્લા ઘણા દિવસથી ગતિવિધિઓ ચાલી રહી હતી ત્યારથી જ તેનો વિરોધ શરૂ થઈ ગયો હતો. હવે સરકાર દ્વારા આ અંગે સત્તાવાર ઠરાવ કરી અમલવારી કરવાનો નિર્ણય કરી દેતા આગામી દિવસોમાં સુધારા ઠરાવનો વિરોધ થાય તેવી શક્યતા ઓ જોવા મળી રહી છે. એક બાજુ સરકાર ગીર અને સિંહોને બચાવવા માટે કાર્યરત હોવાના મોટા દાવાઓ થઈ રહ્યા છે. બીજી તરફ પાછલા બારણેથી હોટલ ઉદ્યોગ સહિતના અનેક ધંધાઓને પ્રોત્સાહન આપવા માટે ઉચ્ચ અધિકારીઓની સત્તામાં કાપ મૂકી સ્થાનિક કક્ષાએ સત્તા આપવાના નિર્ણયથી સરકારની બેવડી નીતિનો વિરોધ જોવા મળી રહ્યો છે. સ્થાનિક કક્ષાએ સત્તા આપવામાં આવે તો રાજકીય દબાણ કે અન્ય કોઈપણ કારણસર બાંધકામની મંજૂરીઓ મેળવવી કે ગીરની આસપાસ ધંધાઓ કરવા સહેલા બની જશે. અગાઉના કિસ્સામાં છેક ગાંધીનગર સુધી મંજૂરીની પ્રક્રિયા થતી હતી તેમાં વનવિભાગના બે ઉચ્ચ અધિકારીઓનો પણ અભિપ્રાય લેવામાં આવતો હતો. ઉચ્ચ અધિકારીઓની સત્તામાં કાપ મૂકવાના નિર્ણયથી અનેક સવાલો ઊભા થયા છે.અગાઉની કેવી હતી જોગવાઈ હાઈકોર્ટના આદેશ બાદ ગીર અભયારણ્ય, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, પાણીયા અને મિતિયાળા અભ્યારણ ફરતે આવેલા વિસ્તારોમાં ખાનપાનના હેતુસર હોટલ રિસોર્ટ અને અન્ય પ્રકારના આતિથ્ય, હોમ સ્ટે, ઔદ્યોગિક એકમો અને વાણિજ્ય હેતુસરના બાંધકામો ફાર્મ હાઉસ્ વગેરે પ્રવૃત્તિઓની મંજૂરી આપવા બાબતની નીતિ ઘડવામાં આવી હતી. તેમાં અભયારણ્યથી ૦થી ૧ કિ.મી.ના એરિયામાં હોમ સ્ટે કે અન્ય કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી તથા બિનખેતીને કે બાંધકામની મંજૂરી આપવાની પણ મનાઈ છે.

વેળાવદર માધ્યમિક શાળામાં માતૃભાષા દિવસની ઉજવણી

## માતૃભાષાથી મોં ફેરવનાર માતૃદ્રોહી: લેખક-સાહિત્યકાર તખુભાઈ સાંડસુર

વેળાવદર /ભાવનગર

ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના વેળાવદર ખાતે માધ્યમિક શાળામાં 21 ફેબ્રુઆરી માતૃભાષા દિવસની ઉજવણી એક પરીસંવાદનું વિશિષ્ટ આયોજન કરીને કરવામાં આવી.માતૃભાષા દિન ઉપલક્ષ્યમાં આ પરીસંવાદનું આયોજન ગુજરાત સાહિત્ય અકાદમીના નેતૃત્વમાં અને અધ્યક્ષ શ્રી ભાગ્યેશ ઝાની વિશેષ પ્રેરણાથી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ આ પરીસંવાદના કાર્યક્રમનો વિષય હતો 'માતૃભાષા ગુજરાતી: વિકાસ મહત્વ અને મમત્વ'તેના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત લેખક સાહિત્યકાર શ્રી તખુભાઈ સાંડસુર જણાવ્યું હતું કે જે રીતે માતૃભાષાના શિક્ષણ તરફ સમાજમાં દૂર્લક્ષ્યતા અને એક પ્રકારની અસ્પૃશ્યતા ફેલાઈ રહી છે તે આપણા સૌ માટે ચિંતાનો વિષય છે.



માતૃભાષાના શિક્ષણથી મૂલ્યો ઈતિહાસ અને સાંસ્કૃતિક પરંપરાઓ જાળવી શકાય તેમ છે. પરંતુ જો આપણે તેની આ રીતે સતત અવહેલના કરતા રહેશું તો તે માતૃભાષાના તરફ મોં ફેરવવાની ઘટના બની રહેશે અને તે આપણાં ઉપનિષદિય કથન 'માતૃ દેવો ભવ' ના દ્રોહ બરાબર છે. તેથી આ દ્રોહથી આપણે અટકીએ અને તેને સતત માત્ર વાતમાં નહીં પરંતુ અમલમાં મૂકીને જીવતા શીખીએ. તેઓએ માતૃભાષાના શિક્ષણ મહત્વ અને મમતાને સ્પષ્ટ કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સાતપડા હાઈસ્કૂલના આચાર્ય પ્રિ.શ્રી ભરતભાઈ ગોટી એ ઉપસ્થિત રહીને સૌને માતૃભાષાની વધુમાં વધુ ઉપયોગી પ્રવૃત્તિ પર ભાર મૂક્યો હતો. લેખક, સાહિત્યકાર શ્રી કમલેશભાઈ ઉપાધ્યાયએ પણ પણ ઉપસ્થિત રહીને પોતાના મનોભાવો વ્યક્ત કર્યા હતા.

## જિલ્લા કક્ષાના ઈનોવેશનમાં પ્રથમ નંબરે રહી સંખેડાની શાળાના શિક્ષિકાએ ગૌરવ વધાર્યું

કમલેશ પટેલ | સંખેડા

જિલ્લા કક્ષાના ઈનોવેશન માં પ્રથમ નંબરે રહી સંખેડા તાલુકાની લોટીયા પ્રાથમિક શાળાના શિક્ષિકા ગઢવી ભૂમિ બહેન વિજય કુમાર જે છોટા ઉદેપુર જિલ્લાનું તેમજ સંખેડા તાલુકાનું ગૌરવ વધાર્યું હતું.



GCERT ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન છોટાઉદેપુર આયોજિત જિલ્લા કક્ષાનો ઈનોવેશન ફેર વર્ષ 2024-25 નું આયોજન ખત્રી વિદ્યાલય, બોડેલી મુકામે થયો હતો. જેમાં પ્રાથમિક અને માધ્યમિક ના કુલ 41 શિક્ષકોએ ભાગ લીધેલ હતો તે પૈકી સંખેડા તાલુકાની લોટીયા પ્રાથમિક શાળા ના શિક્ષિકા શ્રી ગઢવી ભૂમિબહેન વિજયકુમાર દ્વારા આપણી રાષ્ટ્રભાષા હિન્દીનું બાળકોમાં ઘડતર અને હિન્દી ભાષાને વધુ વેગવંતા બનાવવા માટેના હેતુસર નવતર પ્રયોગ કર્યો હતો. જેનો મુખ્ય શીર્ષક 'મુહાવરે' હતો બાળકો સરળતા થી મુહાવરા નો અર્થ સમજી શકે વ્યવહારમાં ઉપયોગ કરી શકે અને હિન્દી વિષયને સરળતાથી બોલી શકે તેમ જ સમજી શકે. આ નવતર પ્રયોગ જિલ્લાના શ્રેષ્ઠ કૃતિ પસંદગી થતા શાળા પરિવાર , બી.આર.સી ભવન તેમજ સંખેડા તાલુકાના તમામ શિક્ષકોમાં હર્ષની લાગણી વ્યક્ત કરી છે.

## અમિત કુમારે એસબીડી નેશનલ ઓપન ક્લાસિક પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025માં ડેડલિફ્ટમાં સિલ્વર મેડલ જીત્યો

(એજન્સી) અમદાવાદ । તા. 22

પશ્ચિમ રેલ્વે ના અમદાવાદ મંડળ ના આસિસ્ટન્ટ ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, ગાંધીધામ શ્રી અમિત કુમાર એ એસબીડી નેશનલ ઓપન ક્લાસિક પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025 માં શાનદાર પ્રદર્શન કરીને સિલ્વર મેડલ જીત્યો.

આ પ્રતિષ્ઠિત સ્પર્ધા 19 થી 23 ફેબ્રુઆરી 2025 દરમિયાન પંજાબના ફગવાડા ખાતે આયોજિત કરવામાં આવી છે . મંડળ રેલ પ્રવક્તા, અમદાવાદ એ માહિતી આપતાં જણાવ્યું કે, શ્રી અમિત કુમારે 93 કિગ્રા વજન વર્ગ ની ડેડલિફ્ટ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પોતાની અસાધારણ કુશળતા




નું પ્રદર્શન કરી ને 307.5 કિગ્રા વજન ઉપાડીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. આ નોંધપાત્ર સિદ્ધિ ન માત્ર તેમની વ્યક્તિગત ક્ષમતાઓને દર્શાવે છે પરંતુ તેનાથી સમગ્ર અમદાવાદ મંડળ નું પણ માન વધ્યું છે. શ્રી અમિત કુમારની આ સફળતા તેમની સખત મહેનત, અતૂટ સમર્પણ અને રમત પ્રત્યેની ઊંડી પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે. તેમની સિદ્ધિ દરેક એ યુવા ખેલાડી માટે પ્રેરણારૂપ છે જે પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે.

## સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

(એજન્સી) અમદાવાદ । તા. 22

અમદાવાદ ડિવિઝનના મહેસાણા-પાલનપુર સેક્શન પર ઊંઝા અને કામલી સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નં. 929 ના પુનર્નિર્માણ હેતુ એન્જિનિયરિંગ કાર્યને કારણે સાબરમતી-યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ થી ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:-

1. 25 ફેબ્રુઆરી 2025 ના રોજ સાબરમતી થી ઉપડનારી ટ્રેન સંખ્યા 19031 સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુરના ને બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-પાટણ-ભિલડી-પાલનપુર ના માર્ગ થી ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

2. 24 ફેબ્રુઆરી 2025ના રોજ યોગનગરી ઋષિકેશ થી ઉપડનારી ટ્રેન સંખ્યા 19032 યોગનગરી ઋષિકેશ-સાબરમતી યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ પાલનપુર-ઉંઝા-સિદ્ધપુર-મહેસાણા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-પાટણ-મહેસાણા ના માર્ગ થી ચાલશે તથા ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

3. 24 ફેબ્રુઆરી 2025ના રોજ દૌલતપુર ચોક થી ઉપડનારી ટ્રેન સંખ્યા 19412 દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ પાલનપુર-ઊંઝા-સિદ્ધપુર-મહેસાણા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-પાટણ-મહેસાણા ના માર્ગ થી ચાલશે અને ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## રાસાયણિક ઈજનેરીના ભવિષ્ય પર ચર્ચા સાથે CHEM-O-CLAVE: A Youth Conference પૂર્ણ

(એજન્સી) ગાંધીનગર । તા. 22

પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (પી.ડી.ઈ.યુ.) એ તાજેતરમાં કેમો-ઓ-ક્લેવ યુથ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું, જે એક એવો કાર્યક્રમ હતો, જેમાં વર્ષ 2015માં સ્નાતક થયેલા 2011ની બેચના નામાંકિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એકઠા કરવામાં આવ્યા હતા. આ કોન્ફરન્સમાં ગાંધીનગરની ઈમેજિન પાવરટ્રી પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ શનિ પંડ્યા, અમદાવાદના ચોક્સી પિગમેન્ટ્સના ટેકનિકલ ડિરેક્ટર રોહન પરેશ ચોક્સી, અમદાવાદના રેમાસ્ટો પ્રાઈવેટ લિમિટેડના સહ-સ્થાપક સૌમિલ ચાંદીરા, અમદાવાદના શ્રી સિદ્ધિ કેમટેક પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર નકુલ પારિખ, અમદાવાદના શ્રી સિદ્ધિ કેમટેક પ્રાઈવેટ લિમિટેડના ક્યુસી હેડ રચના વિક્રમભાઈ દુવાની અને લખ્તારિયા કેમિકલ્સના મેનેજિંગ ડિરેક્ટર જલક અશોકભાઈ લખ્તારિયા જેવા ઉદ્યોગ અગ્રણીઓના નેતૃત્વમાં સમજદાર પ્રસ્તુતિઓ અને ચર્ચાઓ રજૂ કરવામાં આવી હતી.આ પ્રતિષ્ઠિત વક્તાઓએ તેમની વ્યાવસાયિક સફર અને આજની ટોચની કંપનીઓ નવી



ભરતીમાં જે લક્ષણો શોધે છે તે શેર કર્યા, જેમ કે વિકાસની માનસિકતા, શિક્ષણવિદો દ્વારા મેળવેલ નોંધપાત્ર તકનીકી જ્ઞાન અને નેતૃત્વ, નિર્ણય લેવા અને નૈતિક વર્તન સહિત નિર્ણાયક સોફ્ટ કુશળતા. તેમણે રાસાયણિક ઉદ્યોગના વિવિધ ક્ષેત્રોમાં, ખાસ કરીને ઓપ્ટિમાઈઝેશન, મોડેલિંગ અને સંશોધન અને વિકાસ જેવા ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગની પરિવર્તનકારી ભૂમિકા પર ભાર મૂક્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વર્તમાન વિદ્યાર્થીઓને તેમની સોફ્ટ કુશળતાને સુધારવા માટે તેમના શૈક્ષણિક અભ્યાસ ઉપરાંત સહ-અભ્યાસક્રમ પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા, જે વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ બંને માટે જરૂરી છે. તેમણે સંશોધન અને વિકાસમાં નોંધપાત્ર રોકાણની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે મૂળભૂત ઈજનેરી ખ્યાલો માટે નવીન અને માહિતીસભર અભિગમો ઔદ્યોગિક કામગીરીમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. આવી જ એક ઘટના આઈડીએથૉન હતી જેમાં 27 ટીમોએ ઉદ્યોગો માટે કાર્યક્ષમ હીટ એક્સ્ચેન્જર્સ અને મુશ્કેલ પર્વતીય ભૂપ્રદેશોમાં પાણીનું પરિવહન કરવા માટે પંપ અને પાઈપલાઈન સિસ્ટમની રચના કરવામાં ભાગ લીધો હતો, જે તેને ઉદ્યોગ તેમજ સમાજમાં સુસંગતતા ધરાવતી એક અનન્ય ઘટના બનાવે છે.

વિદ્યાર્થીએ ઓપન-સોર્સ ડિઝાઈન સોફ્ટવેર પર ડિઝાઈનનું અનુકરણ કર્યું અને તેમના પરિણામો ન્યાયાધીશોની પેનલ સમક્ષ રજૂ કર્યા. ડો. મો. ઔરંગઝેબ અને ડૉ. અભિષેક યાદવે વિદ્યાર્થીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કર્યું અને ત્રણ શ્રેષ્ઠ ડિઝાઈન પસંદ કરી. ચેમ્ફ્યુઝ ક્વિઝ સ્પર્ધા અન્ય ઈવેન્ટ હાઈલાઈટ હતી, જેમાં 55 ટીમોએ ભાગ લીધો હતો. આ ચેલેન્જમાં રસાયણ ઈજનેરી અને મૂળભૂત રસાયણશાસ્ત્રમાં સહભાગીઓના જ્ઞાનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં 16 ટીમો બીજા રાઉન્ડમાં આગળ વધી હતી. સફળ ટીમોને પ્રમાણપત્રો અને રોકડ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા, જે તમામ વિદ્યાર્થીઓને તેમના ક્ષેત્ર માટે તેમના જ્ઞાન અને ઉત્સાહનું પ્રદર્શન કરવા માટે પ્રેરિત કરે છે.

## ડાંગમાં પોલીસની કડક કાર્યવાહી છતાં નિયમોનો ભંગ, જ્યાં જુઓ ત્યાં મેમો આપવા હાજર ટ્રાફિક વિભાગ

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લામાં એક જ ટુ વ્હીલ પર ચાર જેટલા શાળાના બાળકો સવારે કરી રહ્યા હોય તેવી એક તસવીર સામે આવી છે. જેના કારણે પંથકમાં અનેક ચર્ચાઓ સાથે તર્ક વિતર્કો સર્જાતા જોવા મળી રહ્યા છે. અને પોલીસની કામગીરી સામે પણ પ્રશ્નાર્થ ઉભા થતા જોવા મળી રહ્યા છે.ડાંગ જિલ્લામાં પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.જેમાં નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને મેમો પણ આપવામાં આવી રહ્યા છે. પરંતુ આ કડક કાર્યવાહીની વચ્ચે પણ શાળાના બાળકો દ્વારા ખૂલ્લેઆમ ટ્રાફિક નિયમોનો ભંગ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં, એક તસવીર સામે આવી છે જેમાં શાળાના ચાર બાળકો એક જ બાઈક પર સવારી કરતા જોવા મળ્યા હતા.આ તસવીર જોયા બાદ ઘણા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કે શું આ બાળકોને પોલીસનો કોઈ ડર નથી ? શું તેઓ ટ્રાફિક નિયમોથી અજાણ છે ? કે પછી તેઓ માત્ર મજા કરવા માટે આમ કરી રહ્યા છે ? આવા અનેક સવાલ સાથે પંથકમાં અનેક તર્ક વિતર્કો સર્જાતા જોવા મળી રહ્યા છે. તેમજ નાની ઉંમરના બાળકો



વાહનો ચલાવે તે ગેરકાયદેસર છે. ઘણીવાર આવા બાળકો શાળાએ વાહન લઈને જતા હોય છે અને અકસ્માતની ઘટનાઓ બને છે. ત્યારે અહીં આ ઘટનાએ ડાંગ જિલ્લામાં ટ્રાફિક નિયમોના પાલન અંગે ચિંતા વધારી છે. પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવા છતાં, શાળાના બાળકો દ્વારા આ રીતે ટ્રાફિક નિયમોનો ભંગ કરવો એ ચિંતાજનક બાબત છે. કે,અન્ય જિલ્લાઓમાં તો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ દ્વારા લાઈસન્સ ધરાવતા ન હોવા છતાં વાહનો લઈને શાળામાં આવતા વિદ્યાર્થીઓ સામે ડ્રાઈવ યોજવામાં આવે છે. જેમાં RTO તથા ટ્રાફિક પોલીસની ટીમને સાથે રાખીને ડ્રાઈવનું આયોજન કરવામાં આવતું હોય છે.અને વિદ્યાર્થીઓ પાસેથી દંડ પણ વસૂલવામાં આવે છે.

પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન
BOOT મોડલ પર મિકેનાઇઝ્ડ લોન્ડ્રી સેટ કરવા માટે ટર્નકી કોન્ટ્રાક્ટ
ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : M-2025-02-BOOT-LD-OKHA તારીખ 20.02.2025 (i) કામનું નામ : 1.5TPS/3TPD ના BOOT (બિલ્ડ, ઓન, ઓપરેટ અને ટ્રાન્સફર) મોડલ પર મિકેનાઇઝ્ડ લોન્ડ્રી સેટ કરવા માટે ટર્નકી કોન્ટ્રાક્ટ જેમાં મિકેનાઇઝ્ડ લોન્ડ્રીમાં લિનન ધોવા / સાફ કરવા, સૂકવવા, પ્રેસિંગ / ઇસ્ત્રી કરવા, પેકેજિંગ અને ઓખા સ્ટેશન પર ઇચ્છિત સ્થાનથી લોન્ડ્રીમાં ગંદા લિનનનું પરિવહન અને ઓખા સ્ટેશન પર પેક્ડ બેડરોલ સેટમાં ધોયેલા લિનનને ઇચ્છિત સ્થાન પર દસ વર્ષ માટે ડિલિવરી અને ઓખા સ્થિત પ્રાથમિક જાળવણી ટ્રેનોના એસી કોચમાં ઓન બોર્ડ લિનન વિતરણનો સમાવેશ થાય છે. (ii) અંદાજિત કિંમત : ₹43,74,98,963.36 (iii) અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹ 23,37,500/- (iv) ટેન્ડર રજૂ કરવાની તારીખ અને સમય : 14.03.2025 ના રોજ 15.00 કલાક સુધી અને ટેન્ડર 14.03.2025 ના રોજ 15.30 કલાકે ખોલવામાં આવશે. (v) ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે ઓફિસનું સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાન : ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ રાજકોટ - 360001 વેબસાઇટ વિગતો : www.ireps.gov.in 174
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## હિંમતવાન આદિવાસી મહિલાઓ અતિ ઊંચા ઝાડ ઉપર ચડી "ખાંડણી" એટલે છીદંણી કરતા દ્રશ્યો આશ્ચર્યજનક

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લાનાં વિવિધ વિસ્તારોમાં હાલમાં ઉનાળાની શરૂઆતમાં આદિવાસી મહિલાઓ પોતાના ખેતરમાં આવેલ 80 થી 100 ફૂટ ઊંચા સાગ સહિત ઈતર ઝાડ ઉપર ચડી આદર તૈયાર કરવા માટે જોઈતી સુકી ડાળીઓની ખાંડણી કરવા નીકળી જાય છે. ડાંગ માટેનું ' આપણું



દક્ષિણ ગુજરાત' સોશીયલ મિડિયા ગ્રુપમાં ખાંડણી એટલે છીદંણી કરતો વિડિયો વિશે ચર્ચા થઈ હતી.ઊંચા ઝાડ ઉપર ચડવાનું આ પ્રકારનું સાહસ ભાગ્યે જ જોવા મળે છે. ત્યારે ડાંગ જિલ્લામાં પ્રકૃતિ અને આદિવાસી સંસ્કૃતિના અભ્યાસ કરતા અમિતભાઈ રાણા દ્વારા આ વિડીયો જોતા તેઓ પણ અચરજ પામ્યા હતા.અને જીવને જોખમમાં મૂકી ઉંચા ઝાડ પર ચડવાનું કરતબ નવાઈ પમાડે તેવુ જોવા મળ્યુ હતુ.ડાંગમાં આ પ્રકારની આદિવાસી મહિલાઓની હિંમત જોઈ ખરેખર તેમને શાબાસી આપવાનું મન થઈ જાય છે. ડાંગમાં આદિવાસીઓ પોતાના પરિવારને ગુજરાન ચલાવવા ખેતી એ મુખ્ય આવકનું સાધન બની રહે છે ત્યારે ચોમાસાની પૂર્વે આદિવાસીઓ ખેતરમાં આદર કરે છે.આદર દ્વારા જમીનને ફળદ્રુપ બનાવવામાં આવે છે.આ આદરમાં અનેક વનસ્પતિજન્ય કચરો, વૃક્ષોની ડાળી ,છાણાં વગેરેનાં ઢગલાં કરવામાં આવે છે.આ ઢગલાં વ્યવસ્થિત લાઈનબંધ હોય છે.ત્યારબાદ ચોમાસું શરૂ થવાને આરે હોય છે. ત્યારે આ આદરને સળગાવવામાં આવે છે.આદર સળગી ગયાં બાદ જે તેની નીપજ રાખ તરીકે બચે છે.

## આર્થિક વૃદ્ધિ, શાસન અને સેવા પ્રદાનને વધારવા માટે ડેટા આધારિત નિર્ણય લેવાની પ્રક્રિયા મહત્ત્વપૂર્ણ છે: ડૉ. માંડવિયા

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ચંદીગઢમાં લેબર બ્યૂરો, ઇપીએફઓ અને ઇએસઆઇસી મોડલ હોસ્પિટલની કામગીરીની સમીક્ષા કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે ચંદીગઢની મુલાકાત લીધી હતી અને શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળની મુખ્ય સંસ્થાઓની સમીક્ષા કરી હતી. તેમની મુલાકાતના ભાગરૂપે કેન્દ્રીય મંત્રીએ લેબર બ્યૂરો અને એમ્પ્લોઇઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ઈએસઆઈસી) મોડલ હોસ્પિટલ, ચંદીગઢની મુલાકાત લીધી હતી. તેમની ચાલી રહેલી પહેલોનું મૂલ્યાંકન કર્યું હતું અને હિતધારકો સાથે વાતચીત કરી હતી. લેબર બ્યૂરો દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને યોજનાઓ અંગે એક સંક્ષિપ્ત પ્રેઝન્ટેશન કેન્દ્રીય મંત્રીને આપવામાં આવ્યું હતું. તેમને પ્રાઇસ ઈન્ડેક્સ, લેબર સ્ટેટિસ્ટિક્સ અને સરવે સહિત વિવિધ પ્રવૃત્તિઓના ઉદ્દેશો, અવકાશ અને સ્થિતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.કામદારોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા ડો. માંડવિયાએ આર્થિક વિકાસ, શાસન અને સેવા



પ્રદાનને વધારવામાં ડેટા-સંચાલિત નિર્ણય લેવાની નિર્ણાયક ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. કેન્દ્રીય મંત્રીએ લેબર બ્યૂરોમાં પંજાબ અને હિમાચલ પ્રદેશ ઝોન હેઠળ ઈપીએફઓ પ્રાદેશિક કચેરીઓની કામગીરી અને પહેલોની સમીક્ષા પણ કરી હતી. શ્રમિકોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, આઈટી સિસ્ટમમાં સુધારાથી ઈપીએફઓની કામગીરીમાં સતત પરિવર્તન આવી રહ્યું છે. દિવસનાં અંતે કેન્દ્રીય મંત્રીએ ચંદીગઢમાં ઈએસઆઈસી મોડલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ઓપીડી રજિસ્ટ્રેશન કાઉન્ટર, ફાર્મસી, લેબોરેટરી, રેડિયોલોજી યુનિટ, હાઈ ડિપેન્ડન્સી યુનિટ (એચડીયુ), ઓપીડી અને કેઝ્યુલિટી વિભાગો સહિત હોસ્પિટલ સુવિધાઓની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન, ડો. માંડવિયાએ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ સાથે વાતચીત કરી હતી અને તેમને ભરોસો આપ્યો હતો કે સરકાર કામદારો અને તેમના પરિવારો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. હોસ્પિટલના કોન્ફરન્સ હોલમાં પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન યોજવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય મંત્રીને હોસ્પિટલના ઓપરેશન્સ, ઉદ્દેશો અને વિઝન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા, તેમજ પ્રાદેશિક કાર્યાલયની કામગીરીની ઝાંખી આપવામાં આવી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સુરતમાં પ્રેમિકાનો જીવ લેનાર પ્રેમીએ કહ્યું- તું મારી નહીં તો કોઈની નહીં થવા દઉં...

# 'ગ્રીષ્માકાંડ-2': યુવતીએ બીજે સગાઈ કરી લેતાં નારાજ થયો પ્રેમી

સુરત | સુરતના માંગરોળના વાંકલ-બોરિયા માર્ગ પર ચાર દિવસ પહેલાં પ્રેમિકાની હત્યા નિપજાવનાર પ્રેમીનો હત્યાના બનાવને અંજામ આપ્યા પહેલાંનો સાત મિનિટનો વીડિયો વાઈરલ થયો છે, એમાં તે પોતાના, મૃતક પ્રેમિકાના પ્રેમસંબંધ અને બ્રેકઅપની વાત કરે છે.

સુરેશે જ તેની પ્રેમિકા તેજસ્વીની હત્યા કર્યાનું સામે આવ્યા બાદ પોલીસે હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ કરતાં હત્યાના બનાવ પહેલાં સુરેશે કારમાં બેસી બનાવેલો વીડિયો મળી આવ્યો હતો. એમાં તે કહી રહ્યો છે કે,"તું મારી નહીં થાય તો તને કોઈની પણ થવા દઈશ નહીં." યુવતી દ્વારા સુરેશને સોશિયલ મીડિયામાં બ્લોક કરી દેવાતાં તે વીડિયોમાં નારાજગી વ્યકત કરતા જોવા મળી રહ્યો છે. પોલીસે હવે આ વીડિયોને લઈ વધુ તપાસ હાથ ધરી છે.

સુરતના માંગરોળના વાંકલ-બોરિયા માર્ગ પર ચાર દિવસ પહેલાં તેજસ્વી નામની યુવતીની તેના જ પ્રેમી સુરેશ દ્વારા હત્યા નીપજાવી દેવાતાં ચકચાર મચી હતી. પ્રેમિકાની હત્યા કર્યા બાદ પ્રેમીએ પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક તેજસ્વી અને આરોપી સુરેશ છેલ્લાં છ વર્ષથી પ્રેમસંબંધમાં હતાં, પરંતુ થોડા દિવસ પહેલાં જ બંને વચ્ચે બ્રેકઅપ થઈ જતાં સુરેશ નારાજ થયો હતો અને હત્યાને અંજામ આપી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

હત્યા પાછળનું પોલીસે કારણ જાણવા તપાસ શરૂ કરી ત્યારે ખબર પડી કે આરોપી સુરેશ તેને કહેતો હતો, "તું મારી નહીં થાય તો તને કોઈની પણ થવા દઈશ નહીં." તે તેને મળવા માટે કોલેજ અને ઘર નજીક પણ જતો હતો. હત્યા પહેલાં તેને એક વીડિયો પણ બનાવ્યો હતો, જેમાં તે સ્પષ્ટ કહી રહ્યો છે હત્યા પહેલાં શું થયું હતું. શેના કારણે બંને વચ્ચે સંબંધો બગડ્યા હતા. આ વીડિયો કારમાં બનાવવામાં આવ્યો હતો, જેમાં સુરેશ પોતાનું દુ:ખ અને ગુસ્સો વ્યક્ત કરી રહ્યો છે. આ વીડિયોમાં તે તેજસ્વી પર આરોપ મૂકે છે કે તેણે બીજા યુવક સાથે સગાઈ કરી, સોશિયલ મીડિયામાં તેને બ્લોક કરી દીધો અને જુદી જિંદગી શરૂ કરવાની તૈયારીમાં હતી.



### શું છે વાઇરલ વીડિયોમાં?

વીડિયોમાં આરોપી સુરેશ કહે છે કે "તેણે મારી સાથે બ્રેકઅપ કરી દીધું. 31 જાન્યુઆરીના રોજ બ્રેકઅપ કરી દીધું. એ દિવસે મારી સાથે મળી ખાધું-પીધું, અમે માંડવી ગયાં, વાતચીત કરી. તે પછી તે ઘરે ગઈ અને હું પણ ઘરે આવી ગયો. પહેલી કે બીજી તારીખે તેનો એક્સિડન્ટ થયો. તેની ફ્રેન્ડ સાથે તેણે મને ફોટો મોકલ્યો હતો. મેં ફોટો જોયો, તેને ઓછું વાગેલું. એ જ સમયે મારા પપ્પાને છાતીમાં દુખાવો શરૂ થઈ ગયો. ઘરે બીજું કામ પણ હતું. મેં વિચાર્યું કે દવા પણ લઈ આવું અને ઘરનું પણ કામ કરી લઉં. ઘરે એકલો હતો. હું ફોન કરતો હતો, પણ તેણે દરેક જગ્યાએ મને બ્લોક કરી દીધો. કોલ અને વ્હોટ્સએપ પર પણ બ્લોક કરી દીધો.

મેં કહ્યું કે 'તને શું થયું? મારી એક ભૂલ થઈ ગઈ, હું આવી શક્યો નથી. મારા પપ્પાને દુખાવો થયો હતો અને તેને વધારે વાગ્યું નહોતું, આ માટે હું ગયો નહોતો.' પછી મેં વિચાર્યું કે 'હું તેને ફોન કરી દઈશ અને કહીશ કે "તેજુ, હું સાંજે આવીશ'

મારો એક ફ્રેન્ડ છે, જે ઓફિસમાં કામ કરે છે અને તેને ઓળખે છે. ખાવાના સમયે અમે બેસ્યાં હતાં અને ઈન્સ્ટાગ્રામ ખોલ્યું. ત્યારે તેણે મને ઈન્સ્ટાગ્રામ બતાવ્યું કે 'ભાભીએ કોઈ છોકરા સાથે ફોટો મૂક્યો છે. ફોટો પ્રોફાઈલ પર છે.' મેં કોલ પર કોલ કર્યો, પણ તેણે મને બ્લોક કરી દીધો હતો. મિત્રના ફોનમાંથી ફોન કર્યો, પણ એ ઉઠાવતી નહોતી. ચોથો કોલ રિસીવ કર્યો.

મેં કહ્યું, 'તેજુ, આ કોણ છે?' તેણે કહ્યું કે 'ફ્રેન્ડ છે.' મેં ખાધું પણ નહીં અને રડતો રહ્યો. મેં રજા માગીને ઘરે આવી ગયો. હું બહુ રડ્યો. હું બધાને ઓળખું, પણ આ છોકરાને ઓળખતો નહોતો.

## 'ચીટ' જીપીટી: ચાલુ પરીક્ષાએ ચેટજીપીટી દ્વારા ચોરી કરતા 2 વિદ્યાર્થી ઝડપાયા

(એજન્સી) સુરત | તા.21




સુરતના ઈતિહાસમાં પહેલી વખત સીબીએસઈની ધો. 12ની મુખ્ય જાહેર પરીક્ષામાં ગેરરીતિના 2 કેસ નોંધાયા છે. બન્ને વિદ્યાર્થીઓ ધો. 12 સાયન્સના છે અને તેઓ શુક્રવારની ફિઝિક્સની પરીક્ષામાં એઆઇ ટેક્નોલોજીની એપ્લિકેશન ચેટ જીપીટીથી પ્રશ્નના જવાબ લખતા પકડાયા છે. આ બન્ને વિદ્યાર્થીઓને નવા નિયમો મુજબ સજા આપવામાં આવી છે. જેમાં ચાલુ વર્ષ 2025-26 અને આવતા નવા શૈક્ષણિક વર્ષ 2026-27માં સુધી એમ 2 વર્ષ સીબીએસઈની ધો.12ની પરીક્ષા આપી શકશે નહીં. અહીં, એક વિદ્યાર્થી લસકાણાની સ્વામિનારાયણ મિશન સ્કૂલમાંથી પકડાયો છે, જ્યારે બીજી વિદ્યાર્થિની પીપલોદની મહેશ્વરી વિદ્યાપીઠ સ્કૂલમાંથી પકડાઈ છે. આ બે સ્કૂલ સીબીએસઈની ધો-12ની મુખ્ય જાહેર પરીક્ષાના સેન્ટર છે.

બન્ને વિદ્યાર્થી અંત:વસ્ત્રોમાં મોબાઈલ છુપાવીને લાવ્યા હતાં. તેમણે વૉશરૂમમાં જઈને ચેટજીપીટીની મદદથી જવાબ શોધીને ક્લાસમાં પેપરની નીચે મોબાઈલ મુકીને ઉત્તરો લખ્યા હતા. સુપરવાઇઝરનું ધ્યાન પડતા તેઓ ઝડપાયા હતા.

## સહકર્મીએ મહિલાને ધમકાવી શારીરિક સંબંધો રાખવા દબાણ કર્યું, વિશ્વાસમાં લઈ 2 લાખના દાગીના પણ પચાવી પાડ્યા

સુરત | સુરતના ભેસ્તાન વિસ્તારમાં રહેતા એક યુવકે ડીંડોલી વિસ્તારમાં રહેતી પરિણીતાને લગ્નના પ્રલોભન આપી બે વર્ષ સુધી શારીરિક શોષણ કર્યું હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. શંકાસ્પદ યુવક મનોજ કદમે પરિણીતાને વિશ્વાસમાં લઈ દાગીના પચાવી પાડ્યા. જો સંબંધ ચાલુ નહીં રાખે તો સાસરીમાં જાણ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપતો હતો. આ ઘટનાની ફરિયાદ ડીંડોલી પોલીસ મથકે નોંધાતા પોલીસે બળાત્કાર સહિતના ગંભીર ગુનાઓ હેઠળ તપાસ શરૂ કરી છે. જાન્યુઆરી 2022માં નોકરીના સ્થળે પરિણીતા અને મનોજ કદમ વચ્ચે ઓળખ થઈ હતી. આ સમયગાળામાં પરિણીતા પતિ સાથેના સંબંધોમાં તણાવ અનુભવતી હતી અને તેણીએ પતિ વિરુદ્ધ દહેજની ફરિયાદ પણ નોંધાવી હતી. મનોજ કદમે આ નાજુક પરિસ્થિતિનો લાભ ઉઠાવી પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી. તેનાથી હોટલ અને ડીંડોલી વિસ્તારના એક રેસિડેન્સીમાં ભાડાના મકાનમાં શારીરિક સંબંધ બાંધ્યો. આ દરમિયાન મનોજ કદમે પરિણીતાને વિશ્વાસમાં લઈ સોનાની બંગડી, મંગળસૂત્ર, કાનમાં પહેરવાની બાલી, સોનાની ચેઈન અને ઝુમકા મળીને કુલ 2 લાખના દાગીના પડાવી લીધા હતા.

### ગળાફાંસો ખાતાં પહેલાં સ્ટેટસ મૂક્યું 'ફેંસલા કરના હૈ કી, પન્ના પલટના હૈ યા કિતાબ બંધ કરની હૈ', પિતાને અંતિમ ફોન કરી કહ્યું-'હું જાઉં છું'

# ઈન્સ્ટાગ્રામ-ક્વીન 'તોફાની રાધા'નો આપઘાત

રાજકોટ |રાજકોટ શહેરમાં માતા-પિતાથી અલગ રહેતી અને ઈન્સ્ટાગ્રામમાં ફેમસ બનેલી તોફાની રાધા એટલે કે રાધિકા ધામેચા (ઉ.વ.26) ગઈકાલે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરતા પહેલા એટલે કે ગઈકાલે સાંજના 7 વાગ્યા આસપાસ પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર 'પના પલટના હૈ યા કિતાબ બંધ કરની હૈ' ડાયલોગ સાથે સ્ટેટ્સ મૂક્યું હતું અને પિતાને પણ ફોન કરી હું જાઉં છું કહી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. જો કે, આપઘાતનું ચોક્કસ કારણ સામે ન આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરના રૈયા રોડ પર એકલી રહેતી રાધિકા હર્ષદભાઈ ધામેચા (ઉ.વ.26) એટલે કે ઈન્સ્ટાગ્રામમાં તોફાની રાધા નામથી ફેમસ બનેલી યુવતીએ ગઈકાલે રાત્રિના ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરતા પહેલા રાધિકાએ તેના પિતાને ફોન કરી હું જાઉં છું કહ્યું હતું જેથી પિતાને અજુક્તું લાગતા તેઓ તુરંત રાધિકા જ્યાં રહેતી હતી ત્યાં પહોંચ્યા હતા. જો કે, ત્યાં પહોંચતા રાધિકા ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી. જેને નીચે ઉતારી હોસ્પિટલ ખેસડવામાં આવી હતી, પરંતુ તબીબો દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવી હતી. બનાવ અંગેની જાણ યુનિવર્સીટી પોલીસને કરવામાં આવતા પોલીસે મૃતદેહ પોઅમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક રાધિકા ધામેચા ઈન્સ્ટાગ્રામમાં તોફાની રાધા નામથી એકાઉન્ટ ધરાવતી હતી અને તે ઈન્સ્ટાફેમ બની હતી. તે ઈન્સ્ટાગ્રામમાં 42,800થી વધુ ફોલોઅર્સ ધરાવે છે. ગઈકાલે સાંજે 7 વાગ્યે તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજમાં એક સ્ટેટ્સ મૂક્યું હતું.




### રાધિકા ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી


રાજકોટ શહેરના રૈયા રોડ પર એકલી રહેતી રાધિકા હર્ષદભાઈ ધામેચા (ઉ.વ.26) એટલે કે ઈન્સ્ટાગ્રામમાં તોફાની રાધા નામથી ફેમસ બનેલી યુવતીએ ગઈકાલે રાત્રિના ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરતા પહેલા રાધિકાએ તેના પિતાને ફોન કરી હું જાઉં છું કહ્યું હતું જેથી પિતાને અજુક્તું લાગતા તેઓ તુરંત રાધિકા જ્યાં રહેતી હતી ત્યાં પહોંચ્યા હતા. જો કે, ત્યાં પહોંચતા રાધિકા ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી. જેને નીચે ઉતારી હોસ્પિટલ ખેસડવામાં આવી હતી, પરંતુ તબીબો દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવી હતી. બનાવ અંગેની જાણ યુનિવર્સીટી પોલીસને કરવામાં આવતા પોલીસે મૃતદેહ પોઅમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

### 'તોફાની રાધા' એકાઉન્ટ પરથી ત્રણ સ્ટોરી અપલોડ થઈ હતી

મૃતક રાધિકા ધામેચા ઈન્સ્ટાગ્રામમાં તોફાની રાધા નામથી એકાઉન્ટ ધરાવતી હતી અને તે ઈન્સ્ટાફેમ બની હતી. તે ઈન્સ્ટાગ્રામમાં 42,800થી વધુ ફોલોઅર્સ ધરાવે છે. ગઈકાલે સાંજે 7 વાગ્યે તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજમાં એક સ્ટેટ્સ મૂક્યું હતું. જેમાં ફિલ્મ અભિનેતા દ્વારા ડાયલોગ બોલવામાં આવે છે કે 'હર એક કી ઝીંદગી મેં એક સમય આતા હૈ, જબ ઉસે ફેંસલા કરના પડતા હૈ કી પન્ના પલટના હૈ યા કિતાબ બંધ કરની હે'.

# વાલ્વની કામગીરી દરમિયાન પાણીની રેલમછેલ વડદલા પાસે લાખો લીટર પાણીનો વેડફાટ...

(એજન્સી) વડોદરા | તા. 22



વડોદરા શહેર નજીક હાઈવે પાસે તરસાલી બાયપાસ વડદલા રોડ પર ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. પાણી વિતરણ કરવાના સમયે જ વાલ્વને લગતી કામગીરી કરાતા જળબંબાકારની સ્થિતી સર્જાઇ હતી. રોડ ઉપરના દુકાનદારોએ દુકાનોમાં પાણી ઘૂસી ગયા હોવાના આક્ષેપ કર્યા હતા. રોડ ઉપર પાણીની રેલમછેલ થતાં લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. આડેધડ કામગીરીથી લાખો લિટર પાણી ગટરમાં વહી ગયું હતું.

વડોદરા શહેરમાં આડેધડ કામગીરી સહિતના પ્રશ્ને જાણીતું પાલિકાનું તંત્ર નગરજનોને રાહત આપવાના બદલે મુશ્કેલીમાં વધારો કરી રહ્યું છે. શહેરના તરસાલીથી વડદલા તરફ જવાના માર્ગ ઉપર હાઈવે નજીક પાણીની મુખ્ય લાઈનનો વાલ્વ બદલવાની કામગીરી દરમિયાન પાણીની રેલમછેલ થઇ હતી. માર્ગ પર પાણી ભરાઇ ગયા હતા સાથે આસપાસની દુકાનોમાં પણ પાણી ઘુસી જતાં દુકાનદારોને નુકસાન થયું હતું.

લોકોને પોતાના વાહનો હંકારવાની અને રાહદારીઓને ચાલીને જવાની ઘણી મુશ્કેલીઓ પડી હતી. પાણી વિતરણના સમયે જ આ કામગીરી કરવામાં આવતા પાણી માર્ગ પર ફરી વળ્યાં હતા. ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ત્યારે લોકોએ પાલિકા તંત્રની આડેધડ કરાતી કામગીરી સામે અનેક સવાલો ઉઠાવ્યા હતા. પાણી વિતરણ સમયે વાલ્વ બદલવાની કામગીરી સમયે પાણીનો વેડફાટ થતાં વિસ્તારના લોકોને ઓછા પ્રેશરથી પાણી મળ્યું હતું. આયોજન વગરની કામગીરીના કારણે લાખો લિટર પાણી ગટરમાં વહી ગયું હતું.

### નવદંપતીને આશીર્વાદ આપતા 'રાજકોટ પોલીસ ઝિંદાબાદ'ના નારા લાગ્યા, કરિયાવર સામાજિક આગેવાન આપશે...

# મહેંદી લાગી, પીઠી ચોળાઇ, પણ વર-કન્યા ફેરા ન ફરી શક્યા

(એજન્સી) રાજકોટ | તા. 22

રાજકોટમાં માધાપર ચોકડી નજીક આયોજિત સર્વજ્ઞાતિય સમૂહલગ્નમાં લગ્ન સમયે જ આયોજકો ગાયબ થઈ જતાં અને લગ્નસ્થળે કોઈ વ્યવસ્થા ન હોવાથી પરણવા આવેલાં વરવધૂ અને તેમનાં પરિવારજનો મુશ્કેલીમાં મુકાયાં હતાં. રાજકોટ ઉપરાંત આસપાસના જિલ્લાઓમાંથી લોકો જાન જોડીને પરણવા પહોંચ્યા હતા, પરંતુ અહીં કોઈ વ્યવસ્થા જ ન હતી અને આયોજકો પણ ગાયબ હતા, જેના કારણે જાન લીલા તોરણે જ પરત ફરવા લાગતાં કન્યાઓ રડી પડી હતી. તો બીજી તરફ પરિવારજનોએ હોબાળો મચાવતાં રાજકોટ પોલીસ દોડી આવી હતી અને માનવતાવાદી વલણ અપનાવી લગ્નની વિધિ સંપન્ન કરાવવાની જવાબદારી લીધી હતી. રાજકોટ પોલીસના ડીસીપી, એસીપી સહિતના સ્ટાફે નવદંપત્તીને આશીર્વાદ આપતા લોકોએ તાળીઓ પાડી રાજકોટ પોલીસ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. પોલીસની સાથે સાથે રાજકોટના સામાજિક આગેવાનો પણ આગળ આવ્યા હતા અને લગ્નપ્રસંગે નવવધૂને જે કરિયાવર આપવાનો હોય છે તેની વ્યવસ્થા કરી આપી હતી. તો બીજી તરફ સામાજિક સંસ્થાઓ ભોજનની પણ તાત્કાલીક વ્યવસ્થા કરી આપી હતી. રાજકોટ પોલીસે લગ્નવિધિ શરૂ કરાવ્યા બાદ જે આયોજક સામે આક્ષેપો થયા તેની સામે ગુનો નોંધવાની તજવીજ શરૂ કરી છે.



### પોલીસે ઘટનાસ્થળે પહોંચી લગ્નવિધિ શરૂ કરાવી

સમૂહલગ્ન સ્થળ પર હોબાળો થતાં રાજકોટનાં એસીપી રાધિકા ભારાઈ, ડીસીપી સજ્જનસિંહ પરમાર સહિતનો પોલીસકાફલો લગ્નસ્થળ પર પહોંચ્યો હતો. આ સમયે કેટલાક વરઘોડિયા તો લીલા તોરણે પરત ચાલ્યા ગયા હતા. પોલીસે સ્થિતિને પારખીને પોતે જ લગ્નવિધિ સંપન્ન કરાવવાની જવાબદારી લીધી હતી અને જે વરઘોડિયા પરત ગયા હતા તેમને બોલાવ્યા હતા અને લગ્નવિધિ શરૂ કરાવી હતી. એસીપી રાધિકા ભારાઈએ કહ્યું હતું કે આયોજકો સામે ગુનો નોંધવામાં આવશે. રાજકોટમાં સમૂહલગ્નમાં આવેલા લોકો અને પોલીસ જે આયોજકને લઈ પરેશાન થઈ છે તે આયોજક ચંદ્રેશ છત્રોલાએ સ્ટેટસ મૂકી પોતાની તબિયત સારી ન હોવાનું અને હોસ્પિટલમાં એડમિટ હોવાનો ફોટો મૂક્યો છે.

### હિસ્ટ્રીશીટર જીતુ રાવળ અને એક મહિલા સહિત ચાર આરોપી ઝડપાયા

# ડ્રગ્સની ડીલ ચાલતી હતી ને પોલીસ ત્રાટકી

(એજન્સી) સુરત | તા. 22

સુરત શહેરમાં નશીલા પદાર્થોના કાળા વેપાર પર પોલીસની તવાઈ યથાવત્ છે. તાજેતરમાં, રાંદેરના રામનગર વિસ્તારમાં પોલીસની ટીમે દરોડો પાડીને એમડી ડ્રગ્સની મોટી ડીલને નાકામ બનાવી હતી. રામનગર ક્રિષ્ના કોમ્પ્લેક્ષના પહેલા માળે આવેલી જીતુ રાવળની ઓફિસમાં એમડી ડ્રગ્સની ખરીદી-વેચાણની ડીલ થવાની હતી. બાતમીના આધારે રાંદેર પોલીસ ટીમે તુરંત ત્યાં દરોડો પાડ્યો હતો. જ્યાં એક મહિલા સહિત ચાર આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા.

પોલીસે દરોડો પાડી એક મહિલા સહિત ચાર આરોપીઓને ઝડપી પાડી 6.54 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા આરોપીઓ જીતેન્દ્ર ઉર્ફે જીતુ પ્રતાપ રાવળ (ઉ.વ. 51, રહે- માઈ લસ્ટોન બિલ્ડિંગ, ઉગત કેનાલ રોડ, મૂળ- પાલી, રાજસ્થાન), ગુલામ રસુલ મોહમંદ ઐયુબ શેખ (ઉ.વ. 35, રહે- ભરૂચી ભાગળ, પીપરડીવાલા સ્કૂલ પાસે, રાંદેર, મૂળ- યુપી), ઉમર યુસુફ શેખ (ઉ.વ. 38, રહે- બોમ્બે કોલોની, સગરામપુરા), અકીલા સમીર મલેક (ઉ.વ. 28, રહે- મુન્સી મહિલ્લા, જમાદાર સ્ટ્રીટ, રાંદેર, મૂળ- ઔરંગાબાદ, મહારાષ્ટ્ર) છે.

પોલીસે આરોપીઓની તલાશી લેતા એમડી ડ્રગ્સની પડીકી મળી આવી. તેઓએ ડ્રગ્સ સિગારેટના બોક્સમાં છુપાવ્યા હતા અને સાથે પુશ-લોકવાળી પારદર્શક બેગોમાં પણ ડ્રગ્સ રાખવામાં આવ્યું હતું. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) દ્વારા ટેસ્ટ કરવામાં આવતા ડ્રગ્સ એમડી હોવાનું સાબિત થયું હતું. પોલીસે કબ્જે કરેલા મુદ્દામાલમાં 5.04 લાખની કિંમતનું 50.440 ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ, ડ્રગ્સ વેચાણના રોકડ 82,150, 8 મોબાઈલ ફોન મળી કુલ મુદ્દામાલ 6.54 લાખનો મુદ્દામાલ ઝડપી રાંદેર પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને આગળની તપાસ શરૂ કરી છે.

આ કેસમાં અકીલા સમીર મલેક (ઉ.વ. 28) મુખ્ય આરોપી તરીકે ચિહ્નિત થઈ છે. અકીલા મુંબઈથી ડ્રગ્સ લાવીને સુરતમાં સપ્લાય કરતી હતી. તપાસમાં જાણવા મળ્યું હતુ કે, અકીલા મુંબઈથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ લાવી સુરતના જુદા-જુદા વિસ્તારોમાં સપ્લાય કરતી હતી. તે અગાઉ પોલીસ દ્વારા ડ્રગ્સ હેરાફેરીના કેસમાં પકડાઈ ચૂકી છે. પોલીસ હાલમાં અકીલા સાથે સંકળાયેલા અન્ય સપ્લાયરો અને ખરીદદારોની તપાસ કરી રહી છે. આ કેસમાં મુખ્ય આરોપી જીતુ રાવળ ફાઈનાન્સર અને જમીન દલાલ તરીકે ઓળખાય છે, પણ હકીકતમાં તે હિસ્ટ્રીશીટર છે. જીતુ રાવળના નામે અગાઉ 5 ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જેમાં આર્મ્સ એક્ટ હત્યાની કોશિશ, મારામારી, ચોરી, વ્યાજખોરી સામેલ છે.

## જૂનાગઢના ગિરનારની ગોદમાં મહાશિવરાત્રિના મેળાનો પ્રારંભ

જૂનાગઢ | ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં ગિરનાર તળેટી ખાતે 4 દિવસના મહાશિવરાત્રિ મેળાનો આજથી પ્રારંભ થયો છે. આજે ભવનાથ મહાદેવ મંદિર પર ધ્વજારોહણ કર્યા બાદ મેળાને વિધિવત્ રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આગામી 4 દિવસ ભવનાથ ક્ષેત્રમાં નાગા સંન્યાસીઓ, સાધુ-સંતો અને લાખો ભાવિકો ઊમટી મહાદેવના મેળાની મોજ માણશે. ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમાન આ મેળામાં સાધુઓ ધૂણી ધખાવશે તેમજ વિવિધ કલાકારો ભજનોની રમઝટ બોલાવશે.

જૂના અખાડાના મહામંડલેશ્વર હરિગિરિ મહારાજ, જગતગુરુ મહેન્દ્રાનંદગિરિ મહારાજ, ઈન્દ્રભારતી બાપુ, મુક્તાનંદ બાપુ, મહામંડલેશ્વર હરિહરાનંદ ભારતી મહારાજ, બુદ્ધગિરિ મહારાજ તેમજ જૂનાગઢ કલેક્ટર, એસપી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં ભવનાથ પટાંગણમાં પૂજા વિધિ બાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ભવનાથના સાધુ-સંતોની હાજરીમાં વિધિવત્ રીતે મેળો ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જૂનાગઢ મનપાના અધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્ર, ઉચ્ચ અધિકારીઓની સાથે સમગ્ર દેશમાંથી આવેલા નાગા સંન્યાસીઓએ ભવનાથ મંદિર પટાંગણમાં હાજર રહી પાવનકારી ધજા, પૂજા-અર્ચનાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## સાંતલપુર હાઈવે પર ટેન્કરમાં આગ:ટાયર ફાટવાથી ટેન્કરમાં ભીષણ આગ લાગી

પાટણ | સાંતલપુર નેશનલ હાઈવે પર એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં પુલ પર એક ટેન્કરમાં ભીષણ આગ લાગી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ટેન્કરનું ટાયર ફાટવાથી આગ લાગી હોવાનું અનુમાન છે. આગની ઘટનામાં ટેન્કર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું છે.



સદનસીબે, આ દુર્ઘટનામાં ટેન્કરના ડ્રાઈવરનો આબાદ બચાવ થયો છે. આગની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્રિત થયા હતા. આગથી ઉત્પન્ન થયેલો ધુમાડો દૂર-દૂર સુધી જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગને કાબૂમાં લેવા માટે ફાયર બ્રિગેડની ટીમે કામગીરી શરૂ કરી હતી. હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને કોઈ જાનહાનિ થઈ નથી.

અમદાવાદ એક્સપ્રેસ
SUNDAY • 23-02-2025

એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતા કઠલાલ, કપડવંજમાં ગાબડું

# કઠલાલના કોંગ્રેસના નેતાઓ સહિત 100 કાર્યકર્તાઓએ ભાજપનો ખેસ ધારણ કર્યો

(એજન્સી) નડિયાદ । તા. 22

કઠલાલના રવદાવત જિલ્લા પંચાયત તથા પૂર્વ તાલુકા પંચાયતના સદસ્ય, અપ્રુજીના પૂર્વ સરપંચ સહિતના કોંગ્રેસના નેતાઓએ ૧૦૦ કાર્યકર્તાઓ સાથે શુક્રવારે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. ખેડા જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી પાંચ પાલિકા તથા બે તાલુકા પંચાયતની સામાન્ય તથા પેટા ચૂંટણી બાદ કોંગ્રેસનું અસ્તિત્વ ભૂંસાતું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે નેતાઓ ભાજપમાં જોડાતા એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતા કઠલાલ અને કપડવંજમાં આગામી ખેડા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ માટે કપરાં ચઢાણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતા ખેડા જિલ્લામાં અત્યારે કોંગ્રેસના કાર્યકર્તાઓ શોધવા પણ કઠિન હોય તેવો ઘાટ સર્જાયો છે. જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી પાંચ પાલિકા, બે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણીઓમાં કોંગ્રેસનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. મતગણતરીના દિવસે ચકલાસી, મહુધા અને મહેમદાવાદમાં ભાજપને સ્પષ્ટ બહુમતિ મળી હતી. જ્યારે ડાકોર અને ખેડા પાલિકામાં ભાજપ અને અપક્ષ વચ્ચે ટાઈ થઈ હતી. જોકે, બાકી રહેલી બંને પાલિકાઓમાં સત્તા મેળવવા ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું હતું. બંને પાલિકામાં ચૂંટાયેલા કુલ ૧૨ અપક્ષોએ ભાજપનો ખેસ ધારણ કરતા પાંચેય પાલિકામાં ભગવો લહેરાયો હતો.

તેવામાં ભાજપ જિલ્લા પ્રમુખ અને કપડવંજના ધારાસભ્યની ઉપસ્થિતિમાં શુક્રવારે જિલ્લા પંચાયતની કઠલાલના રવદાવત બેઠકના અને પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય સહિતના કોંગ્રેસના આગેવાનોએ પોતાના ૧૦૦ કાર્યકર્તાઓ સાથે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. પરિણામે કઠલાલ કોંગ્રેસમાં મોટુ ભંગાણ પડયું હતું. આગામી સમયમાં ખેડા જિલ્લા પંચાયતની ચૂંટણીઓના એંધાણ છે. તે પહેલા જ કોંગ્રેસના અગ્રણીઓએ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાઈ જતાં જિલ્લા પંચાયતની ચૂંટણી સમયે કઠલાલ અને કપડવંજમાં કોંગ્રેસ માટે કપરાં ચઢાણ દેખાઈ રહ્યા છે. કઠલાલ અને કપડવંજ એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતા હતા. વર્ષો સુધી કોંગ્રેસના દિગ્ગજો ધારાસભ્ય તરીકે અહીંથી ચૂંટાયા હતા. તેમજ કપડવંજના પૂર્વ ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં મંત્રી રહેલા નેતા હાલ કોંગ્રેસ પ્રદેશ સમિતિમાં ઉપપ્રમુખ છે. ત્યારે કપડવંજ વિધાનસભામાં કોંગ્રેસમાં ગાબડું પડયું છે. જિલ્લામાં કોંગ્રેસનું ઘટતું જતું કદ, કાર્યકરોની અવગણના, ભાજપને મળતી વધુ બેઠકો સહિતના કારણોના લીધે કોંગ્રેસી કાર્યકરો પક્ષપલટો કરતા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.




**ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના નેતાઓ |**
કઠલાલ રવદાવત જિલ્લા પંચાયત બેઠકના સદસ્ય અને પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય મેરૂસિંહ સોલંકી, અપ્રુજી ગામના પૂર્વ સરપંચ બુધાજી, ખોડસિંહ રાઠોડ અને મનહરસિંહ સહિતના કોંગ્રેસના આગેવાનો ૧૦૦ કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા હતા.

## પાળીયાદ રોડ પર સ્કૂલ બસ અને બાઈક અથડાતાં યુવાનનું મોત

ભાવનગર : ખેતીના કામની વસ્તુ લેવા જઈ રહેલાં રાણપુર તાલુકાના ખસ ગામના બાઈકચાલક યુવાનનું બોટાદના પાળિયાદ રોડ પર સ્કૂલ બસની અટફેટે આવી જતાં તેનું મોત નિપજ્યું હતું. બનાવને લઈ બસ ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધાયો છે. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ રાણપુર તાલુકાના ખસ ગામે રહેતા મહોબતસિંહ પ્રતાપસિંહ ચાવડા (ઉ.વ.૪૫) પોતાનું મોટરસાયકલ નંબર જીજે.૧૭ .બીઈ .૮૫૮૯ લઈને ખેતી કામની વસ્તુ લેવા બોટાદ જતા હતા તેવામાં પાળીયાદ રોડે વકીલ પેટ્રોલ પંપે બાઈકમાં પેટ્રોલ પુરાવી પરત હવેલી ચોક બોટાદ તરફ આવતા હતા ત્યારે પાળીયાદ રોડ તરફથી આદર્શ સ્કૂલની બસ નંબર જીજે .૩૩. ટી. ૦૮૪૦ ના ચાલકે તેની બસ પુરઝડપે અને બેફિકરાયથી માણસની જંદગી જોખમાય તેમ ચલાવી મહોબતસિંહ ચાવડાની બાઈકને અડફેટે લઈ બસનું પાછળનું ટાયર ચડાવી દઈ મોહબત્તસિંહને ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.

## શામળિયા ગામના યુવકને સગીરા પર દુષ્કર્મના કેસમાં 20 વર્ષની કેદ

કપડવંજ : કપડવંજ તાલુકાની સગીરાને ફોસલાવી ભગાડી અમદાવાદ અને મિત્રના ઘરે યુવકે દુષ્કર્મ આચર્યું હતું. જે અંગે કપડવંજ સ્પેશિયલ પોક્સો કોર્ટે કપડવંજના અલ્વા તાબે શામળિયા ગામના આરોપીને ૨૦ વર્ષની કેદની સજા ફટકારી ૭,૫૦૦નો દંડ ફટકાર્યો છે. જોગવાઈ મુજબ ભોગબનનાર સગીરાને રૂા. ૪ લાખ ચૂકવવાનો પણ કોર્ટે આદેશ કર્યો છે.

કપડવંજ તાલુકાના અલવા તાબે શામળિયા ગામનો સંજય વીનુભાઈ રાઠોડ (ઉં.વ. ૨૧) ૧૭ વર્ષ ૯ મહિનાની સગીરાને તા. ૧૧/૩/૨૦૨૧ અને તા. ૧૨/૦/૨૦૨૧ની મધ્યરાત્રી વચ્ચે કપડવંજ તાલુકાના એક ગામમાંથી લલચાવી ફોસલાવી દુષ્કર્મના બદઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો. સંજય રાઠોડ અમદાવાદના ગોતા ખાતે ફેક્ટરીમાં તથા બોરસદ મિત્રના ઘરે સગીરાને લઈ જઈ વારંવાર મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે સગીરાના વાલીએ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં રજૂ કરાઈ હતી. કપડવંજ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં આ કેસ ચાલી જતા તબીબી પુરાવા સહિત ૧૦થી વધુ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને મુકાયા બાદ સ્પે. જજ કે.એસ. પટેલે આરોપીને દોષિત ઠેરવ્યો છે.

સવા નવ વર્ષ પૂર્વે બે સગીર સહિત 4 શખ્સે ઘરમાં ઘૂસી પિતા-પુત્રો ઉપર હુમલો કર્યો હતો

## શહેરના દીપક ચોકમાં પ્રેમલગ્નની દાઝે થયેલી હત્યામાં 2 શખ્સને આજીવન કેદ

(એજન્સી) ભાવનગર । તા. 22

શહેરના દીપક ચોક વિસ્તારમાં સવા નવ વર્ષ પૂર્વે યુવકે કરેલા પ્રેમલગ્નની દાઝ રાખી યુવતીના ભાઈ, બે સગીર સહિત ચાર શખ્સે ઘરમાં ઘૂસી પિતા-પુત્રો ઉપર હુમલો કરતા પિતાનું મોત થયું હતું. આ ચકચારી ઘટનામાં કોર્ટે બે હત્યારા શખ્સને આજીવન કેદની સજા ફટકારી છે. સમગ્ર કેસની મળતી વિગત અનુસાર શહેરના દીપકચોક, રામદેવ બેન્ક કોલોની, પ્લોટ નં.૬૭૯/એમાં રહેતા હિતેશભાઈ સનતભાઈ બારૈયા નામના યુવાને હિતેશ ઉર્ફે જાગો દોલતભાઈ ચૌહાણ નામના શખ્સની બહેન સાથે શખ્સની મરજી વિરૂદ્ધ લગ્ન કર્યા હતા. તે બાબતની દાઝ રાખી હિતેશ ઉર્ફે જાગો ચૌહાણ, કેવલ હરેશભાઈ ચૌહાણ અને કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોરોએ ગત તા.૧૦-૧૦-૨૦૧૫ના રોજ રાત્રિના દસેક વાગ્યાના અરસામાં લાકડાના ધોકા, પાઈપ સહિતના હથિયારો લઈ યુવાનના ઘરમાં ઘૂસી જઈ હિતેશભાઈના પિતા સનતભાઈ મોહનભાઈ બારૈયાને પાઈપ અને ધોકાથી માથાના ભાગે માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જ્યારે પિતાને બચાવવા વચ્ચે પડેલા પુત્ર હિતેશભાઈ અને તેમના ભાઈ સતીષભાઈને પણ પાઈપ વગેરેથી આડેધડ માર મારી ગાળો દઈ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઘટનામાં ગંભીર ઈજા પામેલા સનતભાઈ બારૈયાનું મૃત્યુ થયું હતું. પ્રેમલગ્નની દાઝમાં થયેલી હત્યા અંગે હિતેશભાઈ બારૈયાએ હિતેશ ઉર્ફે જાગો ચૌહાણ (ઉ.વ.૨૪), કેવલ હરેશભાઈ ચૌહાણ (રહે, બન્ને દીપક ચોક, વાલ્મિકીવાસ, રામાપીરના મંદિર પાસે) અને બે સગીર સામે સ્થાનિક ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવતા પોલીસે આઈપીસી ૩૦૨, ૩૨૫, ૩૨૩, ૪૫૨, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી હત્યારા શખ્સોને ઝડપી લીધા હતા.

દરમિયાનમાં આ અંગેનો કેસ ભાવનગરના એડીશનલ સેશન્સ જજ એમ.બી. રાઠૌરની કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ મનોજભાઈ આર.જોષીની ધારદાર દલીલો, ૬૨ દસ્તાવેજો, ૨૮ મૌખિક પુરાવા વગેરેને ગ્રાહ્ય રાખી વિદ્વાન ન્યાયમૂર્તિ એમ.બી. રાઠૌરે હત્યારા શખ્સો હિતેશ ઉર્ફે જાગો ચૌહાણ અને કેવલ ચૌહાણને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો.

# ડાકોરમાં પૂનમે ફાગણોત્સવ યોજાશે, 2000થી વધુ પોલીસ જવાન તૈનાત રહેશે

પદયાત્રીઓના રૂટ પર પાણી, પ્રાથમિક સારવાર સહિતની તમામ સુવિધાઓ ઉપ્લબ્ધ કરવામાં આવશે......

**બંદોબસ્ત...** તા.14 અને 15 માર્ચ દરમિયાન ફાગણોત્સવ ઉજવવામાં આવશે

(એજન્સી) ડાકોર । તા. 22

ડાકોરમાં યોજાનારા ફાગણોત્સવ અંગે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ડાકોરમાં બેઠક યોજાઈ હતી. મેળા દરમિયાન 8 સેક્ટરમાં બે હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે. પદયાત્રીઓના રૂટ પર પાણી, પ્રાથમિક સારવાર સહિતની સુવિધા ઉપ્લબ્ધ કરાશે. ડાકોરમાં રણછોડરાયજી મંદિરે તા.14 અને 15 માર્ચ દરમિયાન ફાગણોત્સવ ઉજવાશે. ફાગણી પૂનમે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઠાકોરજીના દર્શનાર્થે આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ યાત્રાળુઓની સલામતી સહિતના આયોજન અંગે ખેડા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ડાકોરમાં બેઠક યોજાઈ હતી.

મેળા દરમિયાન તથા દર્શન સમયે ભાગદોડ રોકવા આડબંધના આયોજન અંગે કલેક્ટર અમિત પ્રકાશ યાદવ અને પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાએ માર્ગદર્શક સુચનો આપ્યા હતા. સીસીટીવી અને પીટીઝેડ કેમેરા દ્વારા ઈલેક્ટ્રોનિક સર્વેલન્સની કામગીરી કરાશે. ગોમતી તળાવ, ગળતેશ્વર મંદિર સહિતના વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાશે. મેળા દરમિયાન 8 સેક્ટરમાં પોલીસ બંદોબસ્ત વહેંચાશે. અંદાજે



2000 પોલીસ કર્મચારી તૈનાત કરાશે. તેમજ ડાકોર અને ગળતેશ્વરમાં ફાયર બ્રિગેડની ટીમ ફાયર ફાઈટર સાથે તથા કુશળ તરવૈયાઓ તૈનાત કરાશે. ગોમતી ઘાટની સ્વચ્છતા અંગે આયોજન કરાશે. મેળા દરમિયાન વીજ અકસ્માત ન સર્જાય માટે ખૂલ્લા વાયર, ડીપી, વીજ થાંભલાઓની મરામત કરવા અધિકારીઓને સૂચના અપાઈ હતી. તેમજ પદયાત્રીઓના રૂટ પર પાણી, પ્રાથમિક સારવાર, ક્લોરીનેશન, સેનીચેશનની વ્યવસ્થા કરવામાં આવશે. મેળા દરમિયાન ટેલીફોન સેવા ચાલુ રહે માટે તથા સેલ્યુલર કંપનીઓના નેટવર્ક ખોરવાય નહીં માટે માર્ગદર્શન અપાયું હતું.

દારૂ, કાર તથા મોબાઈલ મળી રૂા. 14.90 લાખનો મુદ્દામાલ જપ્ત

# મકાનના ફળિયામાં છુપાવેલી દારૂ ભરેલી કાર સાથે 3 શખ્સ ઝડપાયા

(એજન્સી) ભાવનગર । તા. 22

ભાવનગર પોલીસના પેરોલ ફર્લો સ્કવૉડે શહેરના લીલા સર્કલથી સિદસર જવાના રોડ ઉપર આવેલાં રહેણાંકી મકાનમાં છુપાવેલી વિદેશી દારૂ ભરેલી કાર સાથે ત્રણ શખ્સને રૂા.૧૪.૯૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગત અનુસાર ભાવનગર પોલીસના લોકલ ક્રાઈમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્કવોર્ડનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન બાતમી રાહે હકિકત મળી હતી કે, નિતેશ ઉર્ફે નીતીન હકાભાઈ વાઘેલા તથા રાહુલ હકાભાઈ વાઘેલા (રહે. બંન્ને આખલોલ જકાતનાકા, સ્વપ્નસાકાર સોસાયટી, ભાવનગર )તથા જયપાલ નરેશભાઈ ચાવડા ( રહે.સીદસર રોડ, હીલપાર્ક, મુળગામ રહે.તણસા તા.ઘોઘા ) વાળા તેની સફેદ કલરની સ્કોર્પિયો ફોર વ્હીલ ગાડી નં.જીજ.૧૮. ઈબી.૪૪૫૬માં ગેર કાયદેસર ઈગ્લીંશ દારૂનો જથ્થો ભરી વેંચાણ માટે લાવ્યા છે. અને તે દારૂ ભરેલ કાર લીલાસર્કલથી સીદસર જવાના રોડ ઉપર ભાડેથી રહેતાં જયપાલ નામના શખ્સના મકાનનાં ફળીયામાં સંતાડી રાખેલ છે. જે બાતમીના આધારે પોલીસે દરોડો કરી સ્થળ પર તલાશી લેતા વિદેશી દારૂની ૧૪૦૪ બોટલ મળી આવી હતી. પોલીસે નિતેશ ઉર્ફે નીતિન હકાભાઈ વાઘેલા ( ઉ.વ.૨૬ ),રાહુલ હકાભાઈ વાઘેલા (ઉ.વ.૨૫ ) તથા જયપાલ નરેશભાઈ ચાવડા (ઉ.વ.૨૮ )ને દારૂની બોટલ ૧૪૦૪ કિંમત રૂા.૨,૭૫,૮૯૨ ,એક સ્કોંપિયો કાર કિંમત રૂા.રૂ.૧૨ લાખ અને મોબાઈલ રૂા.૧૫ હજાર મળી કુલ રૂા.૧૪,૯૦,૮૯૨ નાં મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી હતી. પકડાયેલ ત્રણે શખ્સે પૂછપરછ દરમિયાન રાજુરામ સોગારામ વિશ્નોઈ (રહે.પમાણા ગામ, પાલવાડી, જી.ઝાલોર, રાજસ્થાન) પાસેથી દારૂનો જથ્થો લાવ્યા હોવાની કબૂલાત કરી હતી. પેરોલ ફર્લો સ્કવોર્ડે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ચારેય શખ્સ વિરૂધ્ધ પ્રોહીબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જૈન સમાજે કરેલી રજૂઆતને સફળતા મળી

# છ'ગાઉ યાત્રા અંતર્ગત પાલિતાણાથી સુરત-અમદાવાદની એક્સ્ટ્રા બસ દોડશે

(એજન્સી) ભાવનગર । તા. 22

પવિત્ર જૈન મહાતીર્થ પાલિતાણામાં આગામી ફાગણ સુદ ૧૩ના રોજ છ ગાઉ યાત્રા યોજાનાર છે ત્યારે યાત્રીઓ માટે વિશેષ એસટી બસો દોડાવવાનો એસટી તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે. ભાવનગર એસટી ડિવિઝનના આધારભૂત સૂત્રો દ્વારા પ્રાપ્ય વિગત અનુસાર ફાગણ સુદ તેરસના રોજ પાલિતાણામાં છ ગાઉ યાત્રા યોજાશે. પ્રતિ વર્ષ યોજાતી આ યાત્રામાં વિશાળ સંખ્યામાં યાત્રીઓ ઉમટતા હોય છે. જેને અનુલક્ષીને ભાવનગર એસટી વિભાગ દ્વારા તા. ૧૨ના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે પાલિતાણા-સુરત એક્સ્ટ્રા બસ તેમજ તા.૧૨ના રોજ સાંજે ૫ વાગ્યે પાલિતાણા-અમદાવાદ



એક્સ્ટ્રા બસ સંચાલિત થશે. આ ઉપરાંત, તે દિવસે પાલિતાણા-આદપર વચ્ચે ૫૦ વાહનોથી એક્સ્ટ્રા સંચાલન હાથ ધરવામાં આવશે. તેમ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જૈન સમાજના યુવા અગ્રણીઓના પ્રતિનિધિ મંડળે જીએસઆરટીસીના ગુજરાત ટ્રાફિક ઈન્ચાર્જની રૂબરૂ મુલાકાત લીધી હતી. જે સંદર્ભે જૈન સમાજના યુવા અગ્રણી હેતલભાઈ શાહે જણાવ્યું હતું કે, પાલિતાણામાં ફાગણ સુદ ૧૩ના રોજ યોજાનાર છ ગાવ યાત્રા માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના સ્થળોએથી આવતા યાત્રીઓને આવન-જાવનની સુવિધા મળી રહે તે માટે એસટી દ્વારા નિયમિત રૂટમાં ચાલતી બસો ઉપરાંત જરૂર પડે વિશેષ બસ સુવિધા આપવા રજૂઆતમાં માંગ કરી હતી. જેના અનુસંધાને એસટી વિભાગે ફિક્સ ભાડા સાથે ૫૧ સીટની બસો ફાળવવામાં આવશે તેવી બાહેંધરી આપી હતી અને જે-તે જગ્યાએથી ઓનલાઈન બૂકિંગ થાય તેવી રીતે તા.૧૦ અને ૧૧ના રોજ સ્પેશિયલ કેટેગરીમાં બસ દોડાવવા માટે તેમણે આશ્વાસન આપેલ છે.

# ન.પા.ની ચૂંટણીઓમાં 'આપ'ના ભૂંડા હાલ, 14 ઉમેદવારની ડિપોઝીટ જપ્ત

ભાવનગર જિલ્લાની 3 પાલિકામાં 219 પૈકી 30 ઉમેદવારે ડિપોઝીટ ગુમાવી

**સામાન્ય ચૂંટણી...** એકમાત્ર તળાજામાં કોંગ્રેસના ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત

(એજન્સી) ભાવનગર । તા. 22

ભાવનગર જિલ્લાની ત્રણ નગરપાલિકાઓમાં તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ભૂંડા હાલ થયા હતા. સિહોર અને ગારિયાધાર પાલિકામાં આપનો ઉદય થયો હોવા છતાં ડિપોઝીટ જપ્ત થવામાં આમ આદમી પાર્ટીએ અવ્વલ સ્થાન રાખ્યું છે. તો જનાધાર ગુમાવી બેસેલી કોંગ્રેસ પાર્ટીએ પણ તળાજામાં ચાર ઉમેદવારની ડિપોઝીટ ગુમાવવાનો વખત આવ્યો હતો. આ ઉપરાંત બસપા અને અપક્ષના છ-છ ઉમેદવારને ડિપોઝીટ પરત મળવાપાત્ર મતો ન મળતા ડિપોઝીટ જપ્ત કરાઈ હતી. ભાવનગર જિલ્લાની સિહોર, તળાજા અને ગારિયાધાર નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ત્રણેય નગરપાલિકાની ચૂંટણીમાં ૨૧૯ ઉમેદવાર મેદાનમાં ઉતર્યા હતા. તે પૈકીના કુલ ૩૦ ઉમેદવારને મતદારોએ તેમની ડિપોઝીટ પરત મળે તેટલા પણ મત ન આપતા ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવી હતી.

જેમાં સૌથી વધુ ભૂંડા હાલ 'આપ'ના થયા છે. જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રથમ વખત જ એન્ટ્રી મારવા ઉતરેલી આમ આદમી પાર્ટીના ઉમેદવારોને દિલ્હીની ચૂંટણીનું પરિણામ નડયું હોય તેમ સિહોરમાં આપના એક સાથે ૧૨ ઉમેદવારની ડિપોઝીટ જપ્ત થઈ હતી. જ્યારે તળાજામાં વોર્ડ નં.૧ અને વોર્ડ નં.૨માં એક-એક મળી આપના બે ઉમેદવારની ડિપોઝીટ જપ્ત થઈ છે. ગારિયાધારમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાનો ફાયદો આપને થયો હતો. અહીં ત્રણ બેઠક પણ મળી હતી અને સાથે એક પણ ઉમેદવારની ડિપોઝીટ ડૂલ થઈ નથી. આ ઉપરાંત તળાજામાં અપક્ષના એક અને કોંગ્રેસના ચાર ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ છે. ગારિયાધાર અને સિહોરમાં બસપાના ત્રણ-ત્રણ તેમજ સિહોરમાં અપક્ષના એક ઉમેદવારે પોતાની ડિપોઝીટ ગુમાવવી પડી હતી. ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસને એકપણ નગરપાલિકામાં શાસન તો મળ્યં નથી. પરંતુ એકમાત્ર તળાજામાં કોંગ્રેસ માટે નીચાજોણું થાય તેમ ચાર ઉમેદવાર ડિપોઝીટ ગુમાવીને બેઠા છે.

શિવરાત્રિનું સ્નાન કરી પરત આવવા ઈચ્છુકો રઝળી પડશે

## પ્રયાગરાજ મહાકુંભના કારણે ભાવનગર - આસનસોલ મેઈન્ટેનન્સના કારણે ટ્રેન કેન્સલ કરાઈ

(એજન્સી) ભાવનગર । તા. 22

પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન ચાલી રહેલા મેઈન્ટેનન્સના કારણે આગામી મંગળવારની ભાવનગર-આસનસોલ ટ્રેનને કેન્સલ કરી દેવામાં આવી છે. કુંભમેળો શરૂ થયાના ૪૦ દિવસમાં બીજી વખત આસનસોલ ટ્રેન રદ કરવામાં આવતા કુંભમેળામાં સ્નાન કરવા જવા અને પ્રયાગરાજથી સ્નાન કરી પરત આવવા ઈચ્છુકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો છે.

ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન ચાલી રહેલા રિપેરીંગ કામના કારણે કેટલીક ટ્રેનોને અસર થઈ છે. મેઈંટેનન્સના કારણથી ભાવનગર મંડળની ભાવનગર-આસનસોલ અને વેરાવળ-બનારસ સુપરફાસ્ટ ટ્રેનને એક-એક દિવસ માટે સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય લેવાયો છે. જેના કારણે આગામી ૨૫મીને મંગળવારે ભાવનગર ટર્મિનસથી ઉપડનારી ભાવનગર-આસનસોલ તેમજ ૨૭મીને ગુરૂવારે આસનસોલથી ભાવનગર આવનારી ટ્રેનને કેન્સલ કરાઈ છે. આ ઉપરાંત ૨૪મીને સોમવારની વેરાવળ-બનારસ અને ૨૬મીની બનારસ-વેરાવળ ટ્રેનને પણ રદ કરવામાં આવી હોવાનો ભાવનગર રેલવેના સિનિયર ડીસીએમ માશૂક અહમદે જણાવ્યું છે.

## આણંદ જિલ્લામાં એક વર્ષમાં 38875 દસ્તાવેજોની નોંધણી

આણંદ : ૨૦૨૪ દરમિયાન ૩૮૮૭૫ દસ્તાવેજોની નોંધણી થઈ હતી. ૧ જાન્યુઆરી ૨૦૨૪થી તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન સબ રજિસ્ટ્રાર કચેરીઓ ખાતે કુલ ૩૮,૮૭૫ દસ્તાવેજોની નોંધણી કરાવવામાં આવી હતી. આણંદ સબ રજિસ્ટ્રાર કચેરીના નોંધણી નિરીક્ષક આર. યુ. રાઠવાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ દરમિયાન આણંદ જિલ્લામાં ૩૮૮૭૫ દસ્તાવેજોની નોંધણી પેટે સરકારને રૂ. ૧૯૯ કરોડ કરતાં વધુની આવક થઈ હતી. નોંધણી ફી અને સ્ટેમ્પ ડયુટી ફી થકી આંકલાવમાં રૂ. ૧૪.૫ કરોડ, ઉમરેઠમાં રૂ. ૭.૯૭ કરોડ, ખંભાતમાં રૂ. ૧૨.૪૬ કરોડ, બોરસદમાં રૂ. ૧૪.૨૨ કરોડ, પેટલાદમાં રૂ. ૮.૫ કરોડ, તારાપુરમાં રૂ. ૯ કરોડ, સોજીત્રામાં રૂ. ૩.૪૯ કરોડ અને આણંદમાં રૂ. ૧૨૮ કરોડ મળીને કુલ રૂ. ૧૯૯ કરોડથી વધુની આવક થઈ હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે.



**વૃષભ (બ,વ,ઉ)**
તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**
ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.



**કર્ક (ડ,હ)**
કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુક્સાનની શક્યતા જોવાય છે.




**સિંહ (મ,ટ)**
એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે.



**કન્યા (પ,ઠ,ણ)**
જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.



**તુલા (ર,ત)**
વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.



**વૃશ્ચિક (ન,ય)**
આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો.



**ધન (ભ,ધ,ફ)**
નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું.



**મકર (ખ,જ)**
તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે.



**કુંભ (ગ,શ,સ)**
તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો.



**મીન (દ,ચ,ઝ,થ)**
નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે.

### દેશના 6 કરોડ MSMEમાંથી માત્ર 1000 IPO દ્વારા મૂડી ઉભી કરી શક્યા : લાંબાગાળાના મૂડી એકત્રીકરણ પર ફોકસ જરૂરી

# MSME સેક્ટરમાં 25 લાખ કરોડ રૂપિયાની ક્રેડિટ ગેપ

(એજન્સી) મુંબઈ તા 22

ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) દેશના આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ આધાર બની રહ્યાં છે છતાં મૂડીની પહોંચ તેમના માટે હજી પણ એક મોટો પડકાર છે. વ્યાજ બોજ વિનાનું ફંડ એકત્ર કરવું હજી પણ ભારતના એમએસએમઈ સેક્ટર માટે પહોંચ બહારની વાત છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું દેશની જીડીપીમાં ૩૦ ટકા યોગદાન, ૧૧ કરોડથી વધુ લોકોને રોજગાર અને નિકાસમાં પણ ૪૦ ટકા હિસ્સો મજબૂત બ્રાન્ડિંગ, નાણાકીય શિસ્ત અને વ્યૂહાત્મક માર્કેટિંગ કામગીરીને વધારવા અને રોકાણકારોને આકર્ષવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જોકે ક્રેડિટ ગેપ કારોબાર માટે પડકારરૂપ બને છે અને વિસ્તરણને અવરોધે છે આથી અનેક એકમો આઈપીઓ તરફ આગળ વધવા ઈચ્છે છે પરંતુ અનેક કારણોસર પ્રાઈમરી



માર્કેટ સુધી હાથ લાંબો કરી શકતા નથી. નફાકારક અને સ્કેલેબલ બિઝનેસ મોડેલ ધરાવતા એમએસએમઈ આઈપીઓ બહાર પાડીને વ્યાજના બોજ વિના તેમના કારોબારના વિકાસ માટે મૂડી એકત્ર કરી શકે છે. એમએસએમઈ દ્વારા ઉભી થતી મૂડી માત્ર ધંધા માટે જ નહિ પરંતુ દેવાની ઝડપી પરત ચૂકવણીમાં પણ મદદરૂપ થઈ શકે છે. સૌથી મહત્વનું છે કે એમએસએમઈ આઈપીઓ દ્વારા એક વિશાળ બજારમાં ઉતરી શકે છે. કામની સાથે નામ અને અન્ય પેરામીટર પર પણ પોતાનું આંકલન કરી શકે છે. પ્રમોટરો આઈપીઓ થકી સાહસમાં પોતાની માલિકી જાળવી રાખી શકે છે, કોર્પોરેટ ગવર્નન્સમાં પણ સુધારો કરી શકે છે અને ઈસોપ દ્વારા કર્મચારીઓને પ્રોત્સાહન આપી શકે છે. ભારતમાં લગભગ ૬ કરોડ એમએસએમઈ રજિસ્ટર્ડ છે, જેમાંથી માત્ર ૧૦૦૦ એમએસએમઈએ જ આઈપીઓ દ્વારા મૂડી એકઠી કરી છે. વધુને વધુ એમએસએમઈ વ્યવસાય વિસ્તરણ, દેવા ઘટાડવા અને કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે લાંબા ગાળાની મૂડી એકત્ર કરવાના વિકલ્પ તરીકે એમએસએમઈને ધ્યાનમાં લઈ શકે છે તેમ વિવેક ચેચાનીએ જણાવ્યું હતુ. ૨૦૨૪ના ડેટા પર નજર કરીએ તો ભારતીય આઈપીઓ માર્કેટમાં લેન્ડસ્કેપમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી હતી. ૩૦૦થી વધુ કંપનીઓ મેઈનબોર્ડ અને એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ થઈ સામૂહિક રીતે રૂ. ૧.૬ લાખ કરોડથી વધુની રકમ એકત્ર કરી છે.

### MSME સેક્ટર ભારતની Heart-Beat

એમએસએમઈ સેક્ટર ભારતના આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે. દેશના જીડીપીમાં આશરે ૩૦ ટકા યોગદાન આપે છે અને નિકાસમાં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. ૧૧ કરોડથી વધુ લોકોને રોજગારી આપે છે. ભારતના ૨૦૪૭ સુધીમાં ૪૦ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર બનવાના લક્ષ્યાંકમાં એમએસએમઈ સેક્ટર સિંહફાળો આપી શકે છે. વર્લ્ડ ટ્રેડ સેન્ટર, મુંબઈના ચેરમેન અને ઓલ ઈન્ડિયા એસોસિએશન ઓફ ઈન્ડસ્ટ્રીઝના વડાએ એક કાર્યક્રમમાં કહ્યું છે કે ભારતે આ ટાર્ગેટ હાંસલ કરવા માટે તબક્કાવાર એમએસએમઈ ક્ષેત્રના ક્રેડિટ ગેપને દૂર કરવો પડશે. એક અંદાજ અનુસાર એમએસએમઈ સેક્ટર હાલ રૂ. ૨૫ લાખ કરોડના ક્રેડિટ ગેપનો સામનો કરી રહ્યું છે. બજાર નિષ્ણાંતોના મતે એમએસએમઈને જોખમી મૂડી કરતા પબ્લિક પાસેથી આઈપીઓ સહિતના વ્યાજમુક્ત માધ્યમો થકીની લાંબાગાળાની કેપિટલની જરૂર છે.

## કાર્સ24એ હિમાલયા મોલમાં નવા હબના લોંચ સાથે અમદાવાદમાં વિસ્તરણ કર્યું



(એજન્સી) અમદાવાદ તા 22

ભારતના અગ્રણી ઓટોટેક પ્લેટફોર્મ કાર્સ24એ હિમાલયા મોલ ખાતે તેનું ત્રીજું હબ લોંચ કરીને અમદાવાદમાં તેની ઉપસ્થિતિને વધુ મજબૂત કરી છે. આ વિસ્તરણ કર્ણાવતી ક્લબ અને નરોડા ખાતેના તેના હબની સફળતા બાદ કરાયું છે, જે સમગ્ર શહેરમાં ગ્રાહકો માટે કાર ટ્રાન્ઝેક્શન સરળ, ઝડપી અને વધુ સુવિધાજનક બનાવવાની કંપનીની કટીબદ્ધતા દર્શાવે છે. કાર્સ24 તેના ટેક-સંચાલિત અને કસ્ટમર-ફર્સ્ટ અભિગમ સાથે પરંપરાગત કાર ખરીદી અને વેચાણની જટિલતાઓ દૂર કરીને પ્રી-ઓન્ડ કાર માર્કેટમાં પરિવર્તન લાવ્યું છે. તાત્કાલિક કારના વેલ્યુએશનથી લઈને સરળ દસ્તાવેજીકરણ અને ઝડપી પેમેન્ટ ટ્રાન્સફર જેવાં દરેક પગલાં પારદર્શક અને કાર્યક્ષમ અનુભવ સુનિશ્ચિત કરવા ડિઝાઈન કરાયા છે. આ સીમાચિહ્નની ઉજવણી પ્રસંગે કાર્સ24એ વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં ગુજરાતના ડિફેન્સ એસ્ટેટ ઓફિસર (ડીઈઓ) - ઈન્ડિયન ડિફેન્સ એસ્ટેટ સર્વિસ, શ્રી સુદામ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણે રિબન કટ અને દીપ પ્રાગટ્ય સમારોહ સાથે હબનું સત્તાવાર ઉદઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ બાદ એક રોડશો પણ યોજાયો હતો, જેમાં વિવિધ સેગમેન્ટનું પ્રતિનિધિત્વ કરતી 13 કારનો કાફલો હતો. તેમાં વિવિધ ઈન્ફ્લ્યુઅન્સર્સે ભાગ લઈને કાર્સ24 પાસે ઉપલબ્ધ વિવિધ વિકલ્પોની શ્રેણીનું પ્રદર્શન કર્યું હતું. કાર્સ24ના સહ-સ્થાપક ગજેન્દ્ર જાંગિડે આ લોંચ વિશે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, "અમદાવાદ અમારા માટે મુખ્ય માર્કેટ છે.

### વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડો વેચવા નિકળ્યા

## સોનામાં રેકોર્ડ તેજીને બ્રેક વાગતા બજારમાં પીછેહટ: ચાંદીમાં બેતરફી ચાલ જોવા મળી

(એજન્સી) મુંબઈ તા 22

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજીને બ્રેક વાગી હતી. તથા ભાવ ટોચ પરથી નીચા ઉતર્યા હતા. વિશ્વ બજારના સમાચાર ઉંચા મથાળે ફંડોનું સેલિંગ બતાવતા હતા. વૈશ્વિક સ્ટર ઈન્ડેક્સ ઘટયા પછી ફરી વધી આવતાં વૈશ્વિક સોનામાં ઉછાળે સેલીંગ જોવા મળ્યું હતું. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ભાવમાં પ્રત્યાઘાતી પીછેહટ જોવા મળી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૭૦૦ તૂટી ૯૯.૫૦ના રૂ.૮૮૫૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૮૮૦૦ રહ્યા હતા. જો કે અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૫૦૦ વધી રૂ.૯૭ હજારને આંબી ગયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૨૯૩૩થી ૨૯૩૪ વાળા ઉંચામાં ૨૯૪૯ તથા નીચામાં ૨૯૧૬ થઈ ૨૯૩૦થી ૨૯૩૧ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ૩૨.૯૧થી ૩૨.૯૨ વાળા ઉંચામાં ૩૩.૦૭ તથા નીચામાં ૩૨.૬૮ થઈ ૩૨.૮૮થી ૩૨.૮૯ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલિયન બજચારમાં સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૮૬૩૮૬ વાળા રૂ.૮૫૬૩૫ થઈ રૂ.૮૫૭૪૭ રહ્યા હતા જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૮૬૭૩૩ વાળા રૂ.૮૫૯૭૯ થઈ રૂ.૮૬૦૯૨ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસી વગર રૂ.૯૭૫૬૬ વાળા રૂ.૯૬૮૪૪ થઈ રૂ.૯૭૧૪૭ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ નીચામાં ૯૬૬ તથા ઉંચામાં ૯૮૩ થઈ ૯૮૦થી ૯૮૧ ડોલર રહ્યા હતા.

# ભારતનું ઈ-કોમર્સ માર્કેટ 2035 સુધીમાં 4 ગણું વધીને 48 લાખ કરોડને આંબશે : રિપોર્ટ

(એજન્સી) મુંબઈ તા 22

ભારતના ઈ-કોમર્સ ક્ષેત્રનું બજાર કદ ૨૦૩૫ સુધીમાં ચાર ગણું વધીને ૫૫૦ બિલિયન ડોલર એટલેકે અંદાજે ૪૮,૦૦,૦૦૦ કરોડ ડોલર થવાની ધારણા છે. એનારોક અને ઈટી રિટેલના સંયુક્ત અહેવાલ અનુસાર, ૨૦૨૪માં ભારતનું ઈ-કોમર્સ બજાર ૧૨૫ અબજ ડોલરનું હોવાનો અંદાજ છે.

મુંબઈમાં આયોજિત 'ધ ઈકોનોમિક ટાઈમ્સ ગ્રેટ ઈન્ડિયા રિટેલ સમિટ ૨૦૨૫'માં રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ્સ એનારોક અને ઈટી રિટેલે રજૂ કરેલા રિપોર્ટ અનુસાર એનારોકના મતે 'ભારતીય ઈ-કોમર્સ બજાર ૨૦૩૫ સુધીમાં ૫૫૦ અબજ ડોલર એટલેકે ભારતીય ચલણમાં ૪૭,૬૪,૬૫૦ લાખ કરોડ સુધી પહોંચવાની ધારણા છે એટલેકે વર્તમાન સ્તરેથી ૧૫ ટકાના વાર્ષિક ચક્રવૃદ્ધિ




દરે વૃદ્ધિ જોવા મળશે. ૨૦૨૪માં ઈ-કોમર્સ માર્કેટનું મૂલ્ય ૧૨૫ અબજ ડોલર હતું અને ૨૦૩૦ના અંત સુધીમાં ૩૪૫ અબજ ડોલર સુધી પહોંચવાની ધારણા છે.'ઈન્ટરનેટનો વધતો વપરાશ, સ્માર્ટફોનનો વધતો ઉપયોગ, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનું વિસ્તરણ અને ટેક-સેવી યુવાવર્ગ આ વૃદ્ધિને આગળ ધપાવી રહી છે. આ ઉપરાંત 'ડિજિટલ ઈન્ડિયા' જેવી સરકારી પહેલો અને લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન નેટવર્કમાં ઝડપી સુધારાઓ પણ ઈ-કોમર્સ ક્ષેત્રને મજબૂત સપોર્ટ આપી રહ્યાં છે.મેટ્રો શહેરો ઉપરાંત ઈ-કોમર્સ કંપનીઓ હવે નાના શહેરો અને નાના નગરોમાં વધતી જનસંખ્યાની માંગને પહોંચી વળવાનો પ્રયાસ કરી રહી છે. ભારતીય રિટેલ ઈન્ડસ્ટ્રીની માર્કેટ સાઈઝ ૨૦૩૫ સુધીમાં ૨૫૦૦ અબજ ડોલર સુધી પહોંચી જશે. કોરોના મહામારી પૂર્વેના સમય એટલેકે ૨૦૧૯ની સરખામણીમાં ત્રણ ગણી વૃદ્ધિ એક દશક બાદ જોવા મળવાનો અંદાજ છે. વધતી આવક, શહેરીકરણ, યુવા અને ટેક્નોલોજીને વળગી રહેતા યુવાધન અને સતત વિસ્તરતો મધ્યમ વર્ગ આ શાનદાર વૃદ્ધિ માટે જવાબદાર હશે.

## ભાડે રહેવું કે લોન પર ઘર ખરીદવું કયો ઓપ્શન છે બેસ્ટ ?

(એજન્સી) મુંબઈ તા 22

મધ્યમ વર્ગ માટે જ્યારે પણ ઘરની વાત આવે છે, ત્યારે સૌથી મોટો પ્રશ્ન ઊભો થાય છે કે ભાડે રહેવું કે લોન લઈને ઘર ખરીદવું ? આ એક એવો નિર્ણય છે જે ફક્ત તમારી નાણાકીય સ્થિતિ પર જ નહીં પણ તમારી કારકિર્દી, જીવનશૈલી અને ભવિષ્યની યોજનાઓ પર પણ આધાર રાખે છે. જો તમે પણ આ જ મૂંઝવણમાં છો, તો આ સમાચાર તમારા માટે છે. રેસિડેન્શિયલ ટ્રાન્ઝેક્શન સર્વિસિસ કોલિયર્સ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર રવિશંકર સિંહ કહે છે કે લાંબા ગાળે ઘર ખરીદવું અને ભાડા પર રહેવા વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. બેંક લોન પરના વ્યાજ દરો બદલાતા રહે છે, જેના કારણે EMI બોજ વધી શકે છે અથવા ઘટી શકે છે. ભારતમાં રેન્ટલ યેલ્ડ (ભાડાની કિંમત vs મિલકતની કિંમતનો ગુણોત્તર) 2.5-4.5% ની વચ્ચે છે, જ્યારે હોમ લોનના વ્યાજ દરો 8.1% અથવા વધુ હોઈ શકે છે. ઘર ખરીદવાથી લાંબા ગાળાની સ્થિરતા મળે છે, જ્યારે ભાડે રહેવાથી Flexibility મળે છે. ઝેનિથ ફિનસર્વના સ્થાપક અનુજ કેસરવાની એક ઉદાહરણ આપે છે કે, રાજે 2016માં 43 લાખ રૂપિયાનું ઘર ખરીદ્યું અને 20 વર્ષની લોન પર 8.5% વ્યાજ ચૂકવ્યું. કુલ ખર્ચ (વ્યાજ સહિત) 80 લાખ થયો. જ્યારે એ જ ઘર ખરીદવાને બદલે, વિજયે દર મહિને 25,000નું ભાડું ચૂકવ્યું અને 12%ના વાર્ષિક વળતર સાથે બાકીના નાણાં મ્યુચ્યુઅલ ફંડ્સ (SIP)માં રોકાણ કર્યા.

## JSW ગ્રૂપના ચેરમેન સજ્જન જિંદાલને AIMA મેનેજિંગ ઇન્ડિયા એવોર્ડ્સમાં 'બિઝનેસ લીડર ઓફ ધ ડિકેડ' એવોર્ડ એનાયત

(એજન્સી) નવી દિલ્હી તા 22

જેએસડબલ્યુ ગ્રૂપના ચેરમેન સજ્જન જિંદાલને 15માં એઆઈએમએ મેનેજિંગ ઈન્ડિયા એવોર્ડ્સમાં પ્રતિષ્ઠિત 'બિઝનેસ લીડર ઓફ ધ ડિકેડ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે. આ સન્માન જેએસડબલ્યુ ગ્રૂપને એક વૈશ્વિક સમૂહમાં વિસ્તારિત કરવામાં તેમના પરિવર્તનકારી નેતૃત્વ માટે આપવામાં આવ્યું છે. શ્રી જિંદાલને આ એવોર્ડ એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ કેન્દ્રિય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અને અતિથિ વિશેષ વાણિજ્ય અને ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી




મંત્રી શ્રી જિતેન પ્રસાદની ઉપસ્થિતિમાં એનાયત કરાયો હતો. પ્રશસ્તિ પત્ર કેપીએમજી ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી યેજદી નાગપુરેવાલાએ વાંચ્યું હતું. શ્રી જિંદાલના નેતૃત્વમાં જેએસડબલ્યુ ગ્રૂપે નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે તથા તેની આવક બેગણીથી વધીને 24 બિલિયન યુએસ ડોલર થઈ છે. તેમના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને કારણે જેએસડબલ્યુની વાર્ષિક સ્ટીલ ઉત્પાદન ક્ષમતા લગભગ ત્રણ ગણી વધીને 39 મિલિયન ટન થઈ છે આ એવોર્ડ ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાની પહેલ સાથે જેએસડબલ્યુ ગ્રૂપને જોડવામાં શ્રી જિંદાલની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપે છે. તેમના નેતૃત્વમાં જેએસડબલ્યુ ભારતીય પોર્ટ સેક્ટરમાં બીજા ક્રમની સૌથી મોટી કંપની તરીકે ઉભરી આવી છે તેમજ આંતરરાષ્ટ્રીય ભાગીદારીના માધ્યમથી ઈલેક્ટ્રિક વ્હીકલ્સ અને સૈન્ય ડ્રોન સહિતના ભવિષ્યલક્ષી ક્ષેત્રોમાં પણ પ્રવેશ કર્યો છે.

## મોદી સરકાર આપશે રૂપિયા 5 લાખની લિમિટવાળું ક્રેડિટ કાર્ડ

(એજન્સી) મુંબઈ તા 22

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે છેલ્લા 10 વર્ષમાં નાના વેપારને પ્રોત્સાહન આપવા માટે ઘણી યોજનાઓ શરૂ કરી છે. આ હેઠળ તમે માત્ર કૌશલ્ય વિકાસ માટે સરકાર પાસેથી મદદ જ નહીં, પરંતુ લોન માટે મુદ્રા જેવી યોજનાઓનો લાભ પણ મેળવી શકો છો. આ સામાન્ય બજેટમાં સરકારે ક્રેડિટ કાર્ડ શરૂ કરવાની પણ જાહેરાત કરી છે. આ માટે કોણ અરજી કરી શકશે અને આ અરજી કેવી રીતે કરવી, તેના વિશે આ લેખમાં જાણીશું. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે 1 ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ કરતી વખતે આની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે અમે ઉદ્યોગમ પોર્ટલ પર રજિસ્ટર્ડ માઈક્રો સાહસો માટે રૂપિયા 5 લાખની લિમિટવાળા વિશેષ કસ્ટમાઈઝ્ડ ક્રેડિટ કાર્ડ લોન્ચ કરીશું. તેમણે વધુમાં કહ્યું કે પ્રથમ વર્ષમાં 10 લાખ કાર્ડ જારી કરવામાં આવશે. આ માટે સૌ પ્રથમ એન્ટરપ્રાઈઝ પોર્ટલ - msme.gov.inની મુલાકાત લો. અહીં તમારે Quick Links પર ક્લિક કરવાનું રહેશે. આ પછી તમારે Udyam Registration પર ક્લિક કરીને રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. અહીં તમને રજીસ્ટ્રેશન અને પાત્રતા માટે જરૂરી દસ્તાવેજો વિશે વિગતવાર માહિતી પણ મળશે. તમે તે મુજબ રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

## જાવાએ ભારતીય માર્ગો પર એક વર્ષની ઊજવણી કરવા માટે આઇકોનિક જાવા 350 લીગસી એડિશન લોન્ચ કરી

(એજન્સી) પૂણે તા 22

એક વર્ષ પહેલા જાવા 350એ ભારતમાં ક્લાસિક મોટરસાઈકલિંગની ચમક જગાવી હતી અને આધુનિક એન્જિનિયરિંગ સાથે ચિરકાલિન સુંદરતાનો સમન્વય કર્યો હતો. ભારતીય માર્ગો પર તે એક વર્ષ પૂરું કરી રહી છે ત્યારે જાવા યેઝદી મોટરસાઈકલ્સ જાવા 350 લીગસી એડિશન સાથે આ સીમાચિહ્નની ઊજવણી કરે છે. આ એક્સક્લુઝિવ એડિશન પહેલા 500 ગ્રાહકો માટે અનામત છે. જાવા 350 લીગસી એડિશન વિશિષ્ટ ઉમેરા સાથે રાઈડિંગ અનભવમાં વધારો કરે છે, જેમ કે ટુરિંગ વાઈઝર જે સરળતાથી સામા પવનને કાપવામાં મદદ કરે છે, પિલિયન બેકરેસ્ટ જે ટુ-અપ રિડિંગ માટે આરામ વધારે છે, પ્રીમિયમ ક્રેશ ગાર્ડ જે વધુ સુરક્ષા આપે છે. આ બધી સુવિધાઓ સેફ્ટી અને સ્ટાઈલમાં વધારો કરે છે. આ એડિશનમાં પ્રીમિયમ લેધર કીચેઈન અને કલેક્ટર્સ એડિશન જાવા મિનિયેચરનો પણ સમાવેશ થાય છે. ક્લાસિક લિજેન્ડ્સના ચીફ બિઝનેસ ઓફિસર શરદ અગરવાલે જણાવ્યું હતું કે "ગત



વર્ષે જાવા 350 લોન્ચ થઈ ત્યારથી આ મોટરસાઈકલ અમારા ગ્રાહકો અને રાઈડિંગ કમ્યૂનિટીની પસંદ બની ગઈ છે. જાવા 350 ચિરકાલિન ડિઝાઈન અને મોર્ડન પર્ફોર્મન્સનું પરફેક્ટ બેલેન્સ ધરાવે છે અને તે તેના વારસાને વળગી રહે છે જે પેઢીઓથી જાવાની વ્યાખ્યા કરે છે. તેની સૌથી નોંધપાત્ર વિશેષતા છે ગોલ્ડન રેશિયોને વળગી રહેવું. આ ડિઝાઈનનો એક એવો સિદ્ધાંત છે જે સુંદરતા અને રાઈડ ડાયનેમિક્સ બંને માટે યોગ્ય પ્રમાણ સુનિશ્ચિત કરે છે, બિલકુલ અગાઉના વર્ષોના લિજેન્ડરી જાવાની જેમ. લીગસી એડિશન સાથે અમે રાઈડર્સને વધુ ઈમર્સિવ અનુભવ, શ્રેષ્ઠ આરામ, વધુ સુરક્ષા અને વધુ સુંદરતાનો સ્પર્શ પૂરો પાડીએ છીએ જે આ સીમાચિહ્નની ઊજવણીને ખરેખર સવિશેષ બનાવે છે."

## 1 વર્ષમાં પૈસા ડબલ, હવે 2 ટુકડામાં વહેંચાશે શેર

(એજન્સી) મુંબઈ તા 22

આ કંપનીના શેર વિભાજીત થવા જઈ રહ્યા છે. કંપનીના સ્ટોક સ્પ્લિટ થવાના છે. કંપનીએ આ માહિતી એક્સચેન્જ સાથે શેર કરી છે. છેલ્લા એક વર્ષ દરમિયાન આ સ્ટોકનું પ્રદર્શન ઉત્તમ રહ્યું છે. આ સમયગાળા દરમિયાન, કંપનીના પોઝિશનલ રોકાણકારોના પૈસા બમણા થઈ ગયા છે. આ સમયગાળા દરમિયાન શેરના ભાવમાં 105 ટકાથી વધુનો વધારો થયો છે. આ ઓર્ગેનિક્સ કંપનીના શેર વિભાજીત થવા જઈ રહ્યા છે. કંપનીના સ્ટોક સ્પ્લિટ થવાના છે. કંપનીએ આ માહિતી સ્ટોક એક્સચેન્જ સાથે શેર કરી છે. તમને જણાવી દઈએ કે, શુક્રવારે અને 21 ફેબ્રુઆરીના રોજ આ કંપનીના શેર BSE પર 1.74 ટકાના ઘટાડા બાદ 2242.15 રૂપિયા પર બંધ થયા હતા. અમી ઓર્ગેનિક લિમિટેડે સ્ટોક એક્સચેન્જને જાણ કરી છે કે 10 રૂપિયાની ફેસ વેલ્યુવાળા એક શેરને બે ભાગમાં વહેંચવામાં આવશે. આ શેર વિભાજન પછી, કંપનીના શેરની ફેસ વેલ્યુ ઘટીને 2 રૂપિયા થઈ જશે. અમી ઓર્ગેનિક લિમિટેડે હજુ સુધી આ સ્ટોક સ્પ્લિટ માટેની રેકોર્ડ તારીખ જાહેર કરી નથી. જોકે, આ સમગ્ર પ્રક્રિયા 3 મહિનામાં પૂર્ણ થશે. કંપની 2022થી સતત ડિવિડન્ડ આપી રહી છે. ત્રણેય વખત, કંપનીએ લાયક રોકાણકારોને પ્રતિ શેર 3 રૂપિયાનું ડિવિડન્ડ આપ્યું હતું. છેલ્લા એક વર્ષ દરમિયાન આ સ્ટોકનું પ્રદર્શન ઉત્તમ રહ્યું છે. આ સમયગાળા દરમિયાન, કંપનીના પોઝિશનલ રોકાણકારોના પૈસા બમણા થઈ ગયા છે. આ સમયગાળા દરમિયાન શેરના ભાવમાં 105 ટકાથી વધુનો વધારો થયો છે. જ્યારે BSE સેન્સેક્સ ઈન્ડેક્સમાં 3.70 ટકાનો વધારો જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે, છેલ્લા 6 મહિનામાં અમી ઓર્ગેનિક લિમિટેડના શેરમાં 70 ટકાનો વધારો થયો છે. તે જ સમયે, 2025 માં પણ આ સ્ટોકની કિંમતમાં 7 ટકાનો વધારો થયો છે. કંપનીનું 52 સપ્તાહનું ઉચ્ચ સ્તર 2643.50 રૂપિયા અને 52 સપ્તાહનું નીચું સ્તર 1005.05 રૂપિયા છે. કંપનીનું માર્કેટ કેપ 9178 કરોડ રૂપિયા છે. અમી ઓર્ગેનિક લિમિટેડના શેર 2 વર્ષમાં 139 ટકા વધ્યા છે. તે જ સમયે, 3 વર્ષમાં શેરના ભાવમાં 152 ટકાનો વધારો થયો છે.

## અદાણીની આ કંપનીએ શરૂ કર્યો સૌર પ્રોજેક્ટ, શું શેરમાં પાછી આવશે ચમક?

(એજન્સી) મુંબઈ તા 22

ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં વીજ પુરવઠાની આવક વધીને 1,993 કરોડ રૂપિયા થઈ છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં 1,765 કરોડ રૂપિયા હતી. ટ્રેડિંગ દરમિયાન શેર તેના 52-સપ્તાહના નીચલા સ્તરની નજીક પહોંચી ગયો છે. તમને જણાવી દઈએ કે 17 ફેબ્રુઆરીએ શેર 841 રૂપિયાના નીચા સ્તરે બંધ થયો હતો. અદાણી ગ્રુપ કંપનીએ રાજસ્થાનના જેસલમેરમાં 250 મેગાવોટના સૌર પ્રોજેક્ટનું સંચાલન શરૂ કર્યું છે. કંપનીએ જણાવ્યું હતું કે આ પ્લાન્ટના કાર્યરત થવા સાથે, તેની નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન ક્ષમતા વધીને 11,916.1 મેગાવોટ થઈ ગઈ છે. અદાણી ગ્રીન એનર્જીની પેટાકંપની, અદાણી ગ્રીન એનર્જી ટ્વેન્ટી ફોર લિમિટેડ (AGE24L) એ જેસલમેરના ભીમસર અને દ્વાડા ખાતે 250 મેગાવોટના સૌર ઉર્જા પ્રોજેક્ટનું સંચાલન શરૂ કર્યું છે. હવે સોમવારે ટ્રેડિંગ દરમિયાન અદાણી ગ્રીનના શેર પર નજર રાખવામાં આવશે. તમને જણાવી દઈએ કે શુક્રવારે અને 21 ફેબ્રુઆરીના રોજ અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, અદાણી ગ્રીન



એનર્જી લિમિટેડના શેરમાં ઘટાડો થયો હતો. શેર 1.80% ના ઘટાડા સાથે 849.20 રૂપિયા પર બંધ થયો છે. ટ્રેડિંગ દરમિયાન શેર તેના 52-સપ્તાહના નીચલા સ્તરની નજીક પહોંચી ગયો છે. તમને જણાવી દઈએ કે 17 ફેબ્રુઆરીએ શેર 841 રૂપિયાના નીચા સ્તરે બંધ થયો હતો. ચાલુ નાણાકીય વર્ષના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં અદાણી ગ્રીન એનર્જીનો ચોખ્ખો નફો 85 ટકા વધીને 474 કરોડ રૂપિયા થયો છે. મુખ્યત્વે વીજ પુરવઠામાંથી આવકમાં વધારો થવાને કારણે નફો વધ્યો છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં કંપનીનો નફો 256 કરોડ રૂપિયા હતો. ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં વીજ પુરવઠાની આવક વધીને 1,993 કરોડ રૂપિયા થઈ છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં 1,765 કરોડ રૂપિયા હતી. કંપનીની ઓપરેટિંગ ક્ષમતા 37 ટકા વધીને 11,609 મેગાવોટ થઈ છે, જેમાં 3,131 મેગાવોટના નવા પાવર પ્લાન્ટનો સમાવેશ થાય છે. આ દરમિયાન, ભારતની ટોચની 63 વીજ વિતરણ કંપનીઓની સરકારની યાદીમાં અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ (AEML), નોઇડા પાવર પાવર કંપની લિમિટેડ અને ટાટા પાવરના નેતૃત્વ હેઠળની ત્રણ વિતરણ કંપનીઓ (ડિસ્કોમ) ઉચ્ચ 'A+' રેટિંગ ધરાવતી કંપનીઓમાં સામેલ છે. તેરમી 'ઇન્ટિગ્રેટેડ રેટિંગ એન્ડ રેન્કિંગ ઓફ પાવર ડિસ્ટ્રિબ્યુશન યુટિલિટીઝ' મુજબ, કુલ 11 કંપનીઓને 'A+' રેટિંગ આપવામાં આવ્યું છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-11

### સમય પહેલાં ગરમી



દેશમાં હવામાનનો મિજાજ બદલાઈ ગયો છે. સામાન્ય રીતે વસંત ઋતુમાં ફૂલગુલાબી ઠંડીનું હવામાન હોય છે, પરંતુ હવે ઉત્તર ભારતમાં કમ સે કમ બપોરના સમયે તો આકરો તડકો લાગી રહ્યો છે. દિલ્હીમાં અધિકતમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે, જ્યારે પટનામાં અધિકતમ તાપમાન અત્યારથી જ ૩૦ ડિગ્રી સેલ્સિયસના માપદંડને પાર કરી ગયું છે. ન્યૂનતમ તાપમાનમાં પણ ગત દિવસોમાં વૃદ્ધિ થઈ છે અને ઉત્તર ભારતમાં જો વ્યાપકતામાં જોઈએ, તો લોકોને આકરી ઠંડીથી છૂટકારો મળી ગયો છે. ન્યૂનતમ તાપમાન જ્યારે ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે જાય છે ત્યારે જ ઠંડી અનુભવાય છે. ફેબ્રુઆરીનો મહિનો અડધાથી વધુ વીતી ગયો છે અને હવે લાગે છે કે શિયાળો પણ વીતી ગયો છે અને આગામી મહિને હોળી સુધી સૂર્યદેવતા ખૂબ તપશે. અનેક વાર એવું થયું છે કે હોળી સુધી ઠંડી ખેંચાઈ છે. જોકે આશંકા એ પણ છે કે વરસાદ થશે અને ફરી એક વખત ઠંડી પાછી આવશે, પરંતુ આ બાબત કશું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. દેશના મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ કરતાં ઓછો વરસાદ જોવાઈ રહ્યો છે. ક્યાંક વધારે વરસાદ થાય ત્યારે જ મોસમનો મિજાજ ઠંડી તરફ આવી શકે. જોકે હવામાનના આવેલ બદલાવ અચરજની વાત નથી. વિભિન્ન કારણોસર તાપમાનની માત્રા નક્કી થાય છે અને હાલમાં જે સંકેત દેખાઈ રહ્યા છે, તેનાથી એવું લાગે છે કે આવનાર દિવસોમાં તાપમાન વધતું જશે. એવું નથી કે માત્ર ઉત્તર ભારતમાં ગરમી લોકોને સતાવવા લાગી છે, દક્ષિણમાં પણ હવામાને પ્રતિકૂળ વલણ લીધું છે. આખું વર્ષ સારા હવામાન માટે મશહૂર બેંગલુરુના તાપમાનમાં અણધાર્યો ઉછાળો છે, જેનાથી નવા રેકોર્ડ બની રહ્યા છે. ભારત હવામાન વિભાગ અનુસાર બેંગલુરુમાં હાલમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની તુલનામાં વધારે ગરમી પડી રહી છે. ઠંડા હવામાનવાળા ગંતવ્ય રૂપે બેંગલુરુની પ્રતિષ્ઠા ખતરામાં છે. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બેંગલુરુએ અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ નોંધ્યો છે. ત્યાં તાપમાન ૩૫.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. મતલબ બેંગલુરુથી વધારે સારું હવામાન તો પટના અને દિલ્હીમાં કહી શકાય. બેંગલુરુમાં ગરમી માર્ચમાં શરૂ થાય છે, પરંતુ આ વખતે ફેબ્રુઆરીમાં જ શરૂ થઈ ગઈ છે. અત્યારથી જ જો ગરમી પડી તો રાહત માટે તેણે ત્રણ મહિના અને દિલ્હીએ ચાર મહિનાની રાહ જોવી પડશે. ધ્યાન રહે, ચોમાસું ૧ જૂનની આસપાસ ભારત ભૂમિનો સ્પર્શ કરે છે. સમયથી પહેલાં શરૂ થયેલ ગરમી પાછળ જળવાયુ પરિવર્તન જેવું એક મોટું કારણ છે, પરંતુ હાલમાં આપણા માટે તેની અસર વધારે મહત્ત્વપૂર્ણ છે. દેશમાં અડધાથી વધારે જળસ્રોતોમાં નામ માત્રનું પાણી બચ્યું છે. અનેક જળસ્રોત સંપૂર્ણ રીતે સૂકાઈ ચૂક્યા છે. એવામાં લોકોએ જળસંકટનો સામનો કરવો પડી શકે છે. ગરમીના દિવસો જેટલા વધારે હશે, જળસંકટ પણ એટલું જ વધી જશે. તેથી પહેલો બોધપાઠ તો એ કે પાણીનો સદુપયોગ અત્યારથી જ શરૂ કરી દેવો જોઈએ. પાણીની બરબાદી રોકવી લોકોની જ નહીં, બલ્કે સરકારની પ્રાથમિકતા પણ હોવી જોઈએ. ગરમી વધતાં સ્વાસ્થ્ય પર પણ તેની અસર પડશે. એક નવા અધ્યયનમાં ખબર પડી છે કે સમય પહેલાં આવેલી ગરમી આપણા ગુસ્સાને પણ વધારી રહી છે. તેથી આપણે વિના વિલંબે હવામાનને અનુરૂપ પોતાના ખાનપાન અને જીવનશૈલીનો તાલમેલ બેસાડવો જોઈએ.

# અમરેલી : લગ્ન પહેલાં જ વરરાજાની હત્યા, જાન નીકળી એ પહેલાં જ જીવ નીકળ્યો

## મીઠાપુર ગામનની સીમમાં ખેલાયો ખૂની ખેલ, ભાવિ પત્નીના પૂર્વ પ્રેમીએ કરી હત્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ





અમરેલીના ધારીના મીઠાપુર ગામે સમી સાંજે ગામની સીમમાં બોલાવી ને હત્યા કરી છે. ત્યારે હત્યારા સોયેબ સમા તેમજ અન્ય એક અજાણ્યા શખ્સ વિરુદ્ધ સ્થાનિક પોલીસ સ્ટેશન માં નોંધાઈ ફરિયાદ અમરેલી એક લગ્ન પ્રસંગ પહેલા દુઃખદ ઘટના બની છે. મૃતક યુવકનો આજે માંડવો હતો અને આવતીકાલે લગ્ન લેવાયાં હતાં પરંતુ તે પહેલાં જ ભાવિ પત્નીના પ્રેમીએ ગત્ સમીસાંજે આ હત્યાને અંજામ આપ્યું છે. હત્યારા સોયેબ સમા નામના વ્યક્તિએ અગાઉ પણ યુવકને લગ્ન બાબતે ધમકીઓ આપી હતી તેણે મૃતક વિશાલ મકવાણા ને ગઈકાલે સમીસાંજે મીઠાપુર ગામની સીમમાં બોલાવી હત્યા કરી છે. ત્યારે હત્યારા સોયેબ સમા તેમજ અન્ય એક અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. જાન નીકળે એ પહેલાં જીવ નીકળ્યો, લગ્નના ફેરા ફરે એ પહેલાં મંગેતરના પ્રેમીએ કરી યુવકની હત્યા અમરેલીના ધારીના મીઠાપુર ગામની સીમમાં ખેલાયો ખૂની ખેલ અમરેલી પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. હત્યારાઓ પોલીસ પકડથી હાથવેંતમાં હોવાની વિગતો સામે આવી છે. તો બીજી તરફ, વિશાલ મકવાણાના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ભાવનગર મોકલાયો છે.

વિશાલના મોતથી લગ્નપ્રસંગમાં માતમ છવાયો છે. આજે સાંજે વિશાલ મકવાણાની માંડવાની વિધિ હતી અને આવતી કાલે લગ્ન લેવાયા હતા ત્યારે જ્યાં લગ્નના ગીતો ગવાઈ રહ્યા હતા ત્યાં હવે મરશિયા ગાવાનો વારો આવ્યો છે. લગ્ન પહેલા જ વરરાજાનુ મોત નિપજ્યું છે.

# ચાણસ્મા ખાતે CWSN બાળકોનું AIS ગ્લાસ ફેક્ટરી દ્વારા સ્વેટર વિતરણ કરાયું

નીતિન ઠાકર | ચાણસ્મા



આજરોજ બીઆરસી ભવન ચાણસ્મા સી ડબ્લ્યુ એસ એન બાળકોનું ais ગ્લાસ ફેક્ટરી સ્વેટર વિતરણ શારદાબા હોલ ચાણસ્મા ખાતે વિતરણ કરવામાં આવ્યું ais કંપનીના h.r. જય પ્રકાશ સર અને મનીષ સર હિરેનભાઈ અને બી આર સી કો. ઓ પંકજભાઈ પટેલ તેમની આઈડી ની ટીમ સી.આર.સી કોડિટર નિલેશભાઈ આ કાર્યક્રમમાં હાજર રહી 183 બાળકો અને 100 વાલીઓ હાજર રહ્યા હતા 183 બાળકોને સાઈઝ પ્રમાણે સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું. બી.આર.સી કો. ઓ. દ્વારા તમામ મહેમાનોનું શાબ્દિક સાલ અને ફૂલ આપી સ્વાગત કરવામાં આવ્યું તમામ વાલી બાળકોને ais કંપની તરફથી અલ્પાહાર આપવામાં આવ્યો પ્રકાશ સર કાચની ફેક્ટરી શિક્ષણ ક્ષેત્રે શું મદદ થઈ શકે તેવા વિચારો રજૂ કરવામાં આવ્યા બીઆરસી કો. ઓ પંકજભાઈ તરફથી ગ્લાસની ફેક્ટરી ના તમામ સાહેબોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો તમામ આઈડી સ્ટાફનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હિરેનભાઈ નો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો આમ સી ડબ્લ્યુ એસ એન બાળકોને મદદ કરવાની ભાવનાથી બાળકોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો વાલી ગણ પણ ખુશી વ્યક્ત કરી. આમ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર રહ્યો તે બદલ બીઆરસી ભવન ચાણસ્મા ની ટીમ એ આઈ એસ ગ્લાસ ફેક્ટરી ના તમામ અધિકારીશ્રીઓનો આભાર માને છે થેંક્યુ

# સાવરકુંડલા | પત્નીને મોતને ઘાટ ઉતારનાર હેવાન પતિને અમરેલી LCBએ દબોચી લીધો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



મુકેશભાઇ પ્રભુદાસભાઇ નિમાવત રહે.અકાળા તા.લાઠી જિ.અમરેલી વાળાના દિકરી આશાબેનના લગ્ન પંદર વર્ષ પહેલા પરેશ ઉર્ફે કાના દિનેશભાઇ નિમાવત રહે.પુંજાપાદર તા. લીલીયા જિ.અમરેલી સાથે થયેલ હોય અને છેલ્લા બે મહિનાથી આશાબેન તેના પતિ પરેશ ઉર્ફે કાના તથા બાળકો સાથે સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામે રહી, રસોઇ બનાવવાનું કામ કરતા હોય,ગઇ કાલ તા.૧૯.૦૨.૨૦૨૫ ના સવારના ક.૫/૩૦ પહેલા કોઇ પણ સમયે આ પરેશ ઉર્ફે કાનાએ તેની પતિ આશાબેનને તિક્ષ્ણ હથિયાર વડે ગંભીર ઇજાઓ કરી મોત નિપજાવી ફરાર થઇ ગયેલ હોય, આ બનાવ અન્વયે મરણજનાર આશાબેનના પિતા મુકેશભાઇએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા સાવરકુંડલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૫૦૦૬૪ /૨૦૨૫, બી.એન.એસ. કલમ ૧૦૩(૧) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો રજી. થયેલ. ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગંભીર ગુનાઓ કરી નાસતા ફરતા તથા ફરાર આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત નાઓએ ઉપરોકત બનાવ અન્વયે ગંભીર ગુનો કરી, ફરાર થયેલ આરોપીને પકડી પાડવા અમરેલી એલ.સી.બી. ટીમને સુચના આપેલ હોય,જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે ઉપરોકત ખુનનો ગંભીર ગુનો કરી ફરાર થયેલ આરોપીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગણતરીની કલાકોમાં પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.પકડાયેલ આરોપીઓની વિગતઃ- પરેશ ઉર્ફે કાનો દિનેશભાઇ નિમાવત, ઉ.વ.૩૪, હાલ રહે.ખડકાળા, જુના પ્લોટ વિસ્તાર,તા.સાવરકુંડલા, જિ.અમરેલી. મુળ રહે.પુંજાપાદર, તા.લીલીયા, જિ.અમરેલી આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી એસ.આર.ગોહિલ તથા પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ તથા એ. એસ.આઇ. યુવરાજસિંહ રાઠોડ, અજયભાઇ સોલંકી તથા હેડ કોન્સ. કુલદીપભાઇ દેવભડીંગજી, તુષારભાઇ પાંચાણી, હરેશભાઇ કુંવારદાસ દ્વારા કરવામાં આવેલ છે.

# કોટંબી WPLની મેચ દરમિયાન સ્ટેડિયમમાં ઓન લાઇન સટો રમતા વધુ ત્રણ ઇસમોને જરોદ પોલીસે ઝડપી પાડયા

કિશન રોહિડા | જરોદ







કોટંબી ખાતે રમાઈ રહેલ વુમન પ્રિમિયર લીગની મેચ માં પોતાના મોબાઈલ વડે એપ એપ્લિકેશન ડાઉનલોડ કરી તેનાં મારફતે સટોડિયા સટો રમી રહ્યા ની જરોદ પોલીસ ને મળેલ બાતમીના આધારે જરોદ પોલીસે સટો રમતા સટોડિયા દિક્ષિત સતિશ આર્યા ઉ વર્ષ 36 રહે સોનીપત હરીયાણા અને તુષાર યોગેશ મદાન રહે હરીયાણા ઝડપી પાડી તેની પાસેથી મોબાઈલ ફોન નંગ 2 જેની કિંમત રૂપિયા 60,000/- અંગ ઝડતી દરમિયાન મળેલ રકમ રૂ, 1,640/- કુલ મળીને 61,640/- ના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી જ્યારે રાજસ્થાન ના રામ જ્ઞાન રામપ્રસાદ બેનીવાલ સિરોહી રાજસ્થાન પાસેથી મોબાઈલ નંગ 3 જેની કિંમત રૂપિયા 19,000/- અને અંગ ઝડતી દરમિયાન મળેલ રકમ રૂ,1,220/- કુલ મળીને 20,220/-નો મુદ્દામાલ કબજે કરી ને ત્રણેય સટોડિયા ની ધરપકડ કરી જુગારધારા કલમ મુજબ આગળની તપાસ જરોદ પોલીસે હાથ ધરી છે.

# પંચમહાલમાં ખાણ ખનીજ વિભાગની મોટી કાર્યવાહી, કરોડોનો મુદ્દામાલ જપ્ત

પંચમહાલ | તા.22

રાજ્યમાં કેટલીક વખત ખનિજ માફિયાઓ બેફામ બન્યા હોવાનું સામે આવે છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં ખાણ-ખનિજ વિભાગે ખનીજ માફિયાઓ સામે તવાઈ બોલાવી છે. ત્યારે હાલોલ GIDC, ગોધરાના કાંકણપુરમાંથી ખનીજ ચોરી ઝડપાઇ છે. કાંકણપુર પાસેથી 5 ટ્રક અને ખનીજ સહીત 1.5 કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પંચમહાલમાં ખાણ ખનીજ વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ખાણ ખનીજ વિભાગે હાલોલના જીઆઈડીસી વિસ્તાર, અને ગોધરાના કાંકણપુર પાસેથી મોટી ખનીજ ચોરી પકડી પાડી છે.

હાલોલના જીઆઈડીસી વિસ્તાર પાસેથી બ્લેક ટ્રેપ ખનીજ અને રેતી ભરી જતી 3 ટ્રક ઝડપાઈ, જ્યારે ગોધરાના કાંકણપુર પાસેથી ખનીજ કોલસો ભરી જરી 2 ટ્રક ઝડપી પાડી છે. કુલ 5 ટ્રક અને ખનીજ સહીત 1.5 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ પણ પંચમહાલ જિલ્લાની ખાણ ખનીજ વિભાગની ટીમે ગેરકાયદેસર ખનન વિરુદ્ધ મોટી કાર્યવાહી હતી. વિભાગની ટીમે શહેરા રોડ, ગોધરા બાયપાસ, ખરસલીયા અને કાલોલ તાલુકામાં દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ગેરકાયદે ખનન કરવા બદલ ટ્રેક્ટર, JCB સહિત 7 વાહનો જપ્ત કર્યા છે. કુલ 1 કરોડ 50 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

# રવિવારે પૂ.જલારામ બાપાની 144મી પૂણ્યતિથિ; વેપારીઓ ધંધા-રોજગાર બંધ રાખી શ્રધ્ધાંજલિ પાઠવશે



## પુણ્યતિથિના દિવસે યાત્રાધામ વિરપુરમાં દર્શન-અન્નક્ષેત્ર રાબેતા મુજબ યથાવત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સૌરાષ્ટ્રના રાજકોટ જીલ્લાના સુપ્રસિદ્ધ જગવિખ્યાત યાત્રાધામ વીરપુર કે જ્યાં પૂજ્ય સંત શિરોમણી શ્રી જલારામ બાપાની જગ્યા આવેલ છે, દેશ વિદેશથી પૂજ્ય જલારામ બાપાના દર્શને લાખો દર્શનાર્થીઓ આવે છે, પૂજ્ય જલાબાપાએ શરૂ કરેલ સદાવ્રત અન્નક્ષેત્ર 200 વર્ષથી વધુ સમયથી આજે પણ અવિરત ચાલુ છે, પૂજ્ય સંત શ્રી જલારામ બાપા સેવકો સાથે ભજન કરતા કરતા વિક્રમ સવંત ૧૯૩૭ મહા વદને દશમીને બુધવારના દિવસે વૈકુંઠવાસ થયા હતા ત્યારથી ગુજરાતી માસ મુજબ મહા વદને દશમીના દિવસે પૂજ્ય જલારામ બાપાનો નિર્વાણ દિન એટલે પૂજ્ય બાપાની ૧૪૪મી પુણ્યતિથિ છે જે તા. ૨૩ ફેબ્રુઆરીને રવિવારે છે, દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજ્ય જલારામ બાપાની પુણ્યતિથિના દિવસે ૨૩ ફેબ્રુઆરી રવિવારના રોજ સમગ્ર વીરપુર ગામના તમામ નાના મોટા વેપારીઓ અને વીરપુર વેપારી એસોસિએશન પણ સંપૂર્ણપણે પોતાના રોજગાર ધંધા બંધ પાળીને પૂજ્ય જલારામ બાપાને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે, વીરપુર આવતા ભાવિકો, યાત્રાળુઓ માટે પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં અન્નક્ષેત્ર તેમજ પૂજ્ય જલાબાપાના દર્શન રાબેતા સમય મુજબ ચાલુ રહેશે.વેપારી એસો. દ્વારા શ્રધ્ધાંજલિ વેપારી એસોસિએશનના રમેશભાઈ ગઢિયાએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે મહા વદ દશમ (દશમી) ૨૩ ફેબ્રુઆરી રવિવારના રોજ હોવાથી પૂજ્ય જલારામ બાપાના મંદિરના જણાવ્યા પ્રમાણે પૂજ્ય જલાબાપાની પુણ્યતિથિ નિર્વાણ દિવસ તરીકે મનાવી વિરપુરમાં તમામ વેપારીઓ પોતાના રોજગાર ધંધા બંધ રાખી પૂજ્ય જલારામ બાપાને શ્રદ્ધાંજલી આપશે.

# મોડાસા BCA, BBA, અને M.Sc (CA&IT) કોલેજના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ યોજાયો

રાકેશ મહેતા | ધનસુરા



ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા, રેડ ક્રોસ અરવલ્લી જિલ્લા શાખા મોડાસા અને ધી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલીત BCA, BBA, અને M.Sc (CA&IT) કોલેજ ના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ યોજાયો. થેલેસેમિયા મેજર એક ગંભીર અને જીવલેણ રોગ છે. જો પતિ-પત્ની બંને થેલેસેમિયા માઈનર -હોય તો તેમનું આવનાર સંતાન થેલેસેમિયા મેજર થવાની પૂરેપુરી શક્યતા છે. થેલેસેમિયા મેજરના દર્દીને કોઈ પણ દવા _ કે ઓપરેશનથી બચાવી શકાતા નથી. - ફક્ત બે થેલેસેમિયા માઈનરના લગ્ન અટકાવીને અને આ વિશે જાગૃતિ લાવીને જ થેલેસેમિયા સામે લડી શકાય છે. જ્યાં - સુધી લોહીની ચકાસણી ન કરાવો ત્યાં સુધી થેલેસેમિયા વિશે જાણી શકાતું નથી. જે _ સંદર્ભે ધી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી - મંડળ સંચાલિત માતૃશ્રી એલ.જે.ગાંધી બીસીએ _ કોલેજ, ડો.એન.જે. શાહ પીજીડીસીએ કોલેજ, શ્રીમતી વી.વી.શાહ એમએસસી કોલેજ, શ્રી બંસીલાલ હીરાલાલ ગાંધી બીબીએ કોલેજ, = મોડાસામાં થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ યોજાયો. જેમાં ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના - પ્રમુખશ્રી મહેન્દ્ર ભાઈ વી. શાહ, ઉપપ્રમુખશ્રી એ. જે. મોદી, મંત્રીશ્રી રમેશભાઈ શાહના માર્ગદર્શન - હેઠળ લગ્ન પહેલા ટેસ્ટ કરાવી જાગૃતિ લાવવા થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ યોજાયો હતો.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જીલ્લા ના ચેરમેન શ્રી ભરતભાઈ પરમાર એ રેડક્રોસની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી તથા દરેક યુવાન ભાઈ બહેનોએ લગ્ન પહેલા આ ટેસ્ટ કરાવી થેલેસેમિયા જાગૃતિ લાવવા પર ભાર મૂક્યો હતો તથા થેલેસેમિયા નાબૂદી વિશે માર્ગદર્શન આપ્યું હતું.રેડક્રોસ ગુજરાત રાજ્ય શાખાના સંજયભાઈ અને ટિમએ 148 વિદ્યાર્થીઓના ટેસ્ટ માટે સેમ્પલ લીધા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડો.જે.એચ.ત્રિવેદી, ડો.ટી.એમ. ભાવસાર, શ્રી અર્પિતભાઈ જોષી વગેરે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોડાસામાં રાજ્યકક્ષાના મંત્રીના પુત્રની ગુંડાગર્દી, યુવકને ઢોર માર માર્યો

મોડાસા | તા.22

અરવલ્લી જિલ્લાના મોડાસામાં ભાજપના મંત્રી પુત્રોની ધોળેદહાડે ખુલ્લેઆમ દાદાગીરીનો વીડિયો વાયરલ થયો છે. અંગત અદાવતમાં એક યુવકને માર માર્યો હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જોકે મામલે હજુ સુધી કોઇ પોલીસ કાર્યવાહી થઇ નથી. થોડા દિવસો પહેલાં અરવલ્લી જિલ્લામાં રાજ્ય સરકારના મંત્રી ભીખુસિંહ પરમારના પૌત્રને કેટલાક લોકોએ માર માર્યો હતો. આ ઘટનાનાં CCTV ફૂટેજ પણ સામે આવ્યા હતા. ત્યારબાદ આ ઘટાનાની અંગત અદાવત રાખીને રોષે ભરાયેલા ભીખુસિંહ પરમારના પુત્રોએ રૌફ જમાવવાનાં ચક્કરમાં કાયદો વ્યવસ્થાનો ભંગ કરી પૌત્રને માર મારનાર યુવકને જાહેરમાં ફટકાર્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. યુવકને મોડાસાથી શોધી કાઢીને માર માર્યો હતો. સીસીટીવીમાં સ્પષ્ટ દેખાય છે કે એક્ટિવા પર સવાર યુવકને પકડીને માર મારવામાં આવતો હોવાનું દેખાઈ રહ્યું છે. આ યુવક ચાલી ચલાવીને ગુજરાન ચલાવે છે.

# બાબરા પંથકના 414 એડવોકેટની ભારત સરકાર શ્રી ના કાયદા વિભાગ દ્વારા નોટરી વકીલ તરીકે નિમણૂંક

■ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ અભિનંદન પાઠવ્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



કેન્દ્ર સરકારે બાબરા પંથકના 14 જેટલા એડવોકેટને નોટરી તરીકે નિમણૂંક કરતા લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ નોટરી તરીકે નિમણૂંક પામેલા એડવોકેટને શુભકામનાઓ પાઠવી હતી.આ ઐતિહાસિક નિર્ણય બદલ જનકભાઈ તળાવિયાએ કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, બાબરા પંથકના 14 એડવોકેટને નોટરી તરીકે નિમણૂંક મળવી એ ખૂબ જ આનંદની વાત છે. આ નિર્ણયથી સ્થાનિક લોકોને ઘણો ફાયદો થશે અને તેમના કામ સરળ બનશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'કેન્દ્ર સરકારે જે વિશ્વાસ મૂક્યો છે, તે બદલ હું તેમનો આભાર માનું છું. મને ખાતરી છે કે, નોટરી તરીકે નિમણૂંક પામેલા તમામ એડવોકેટ તેમની ફરજ નિષ્ઠાથી બજાવશે અને લોકોને યોગ્ય સેવા આપશે.'નોટરી તરીકે નિમણૂંક પામેલા એડવોકેટઓએ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, 'અમે અમારાથી બનતા તમામ પ્રયત્નો કરીશું અને લોકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી નહીં પડવા દઈએ.

## NEWS BRIEF

### સંખેડામાં બ્રહ્માકુમારી ના દીદી નીતાબેન દ્વારા ૮૯ મી શિવ જયંતિ ઉજવવામાં આવી



કમલેશ પટેલ | સંખેડા

જમા સંખેડા ના બ્રહ્માકુમારી હરિ ભક્તો મહિલાઓ તેમજ કુવારીકાઓ અને વડીલો દ્વારા આવેલ દીદી નીતાબેન ના સ્વમુખે સુખ શાંતિ ને પ્રાપ્ત કરવા માટે બ્રહ્માકુમારીના કેન્દ્ર દ્વારા પરમાત્માનું જ્ઞાન જીવનમાં ધારણ કરીએ અને સાચા અર્થમાં શિવરાત્રી મનાવીએ પરમાત્માનું જે જ્ઞાન છે એ આપણે પાંચ વિકારો માંથી મુક્તિ અપાવે છે અને શિવરાત્રી એ પરમાત્માનું અવતરણ દિવસ કહેવામાં આવે છે જે પરમાત્માનો જન્મદિવસ પર કહેવામાં આવે છે જે ભગવાન આ સૃષ્ટિ પર અવતારી થઈને દરેક આત્માનું કલ્યાણ કરવાનું કાર્ય કરે છે અને દરેકને પતીત માંથી પાવન બનાવે છે અને જીવન મુક્તિમાં જવાનો રસ્તો બતાવે છે જે નિમિત્તે આપણે શિવરાત્રી મનાવવામાં આવે છે તેવી શિવ ભક્તોને પરમાત્મા વિશે યોગ સાધના ની ભક્તિમય સમજણ આપી ઓમ શાંતિનો ધ્વજ લહેરાવી શિવ આરતી તેમજ પ્રસાદી દ્વારા દરેક ભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

### સંખેડાથી સાયકલ યાત્રા કરીને નીકળેલા બે ભક્તો 17 દિવસમાં પ્રયાગરાજ પહોંચ્યા



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા ગામના બે વ્યક્તિઓ સાઈકલ લઈને પ્રયાગરાજ મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા માટે રવાના થયા હતા. 144 વર્ષ બાદ મહાકુંભ હોય આ મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ જઈ રહ્યા છે. કેટલાક પોતાના વાહનો લઈને તો કોઈ ટ્રેનમાં તો કોઈ પ્લેનમાં પણ અત્રે પહોંચી રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના સંખેડા ગામના ઝોલાશેરી વિસ્તારમાં રહેતા બે વ્યક્તિ યોગેશભાઈ ભીલ અને તડવી ભરતભાઈ સાયકલ લઈને પ્રયાગરાજ મહાકુંભમાં સ્નાન કરવા માટે નીકળ્યા હતા તેઓ પ્રયાગરાજ થી સ્નાન કરી તારીખ 21 ના રોજ સાંજે સંખેડા ગામની ભાગોળે આવતા ગામના નાગરિકો દ્વારા તેઓ નું ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

### સંખેડાની ડી બી પારેખ હાઈસ્કૂલ ખાતે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા યોજાઇ



કમલેશ પટેલ | સંખેડા

રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષ નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (N M M S ) યોજાઈ. જેમાં આજરોજ ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા મા ચાલું વર્ષમાં ધોરણ -8 માઁ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યુનિટ 1 મા 300 માંથી 296 તથા યુનિટ 2 મા 131 માંથી 121 પરીક્ષાર્થી હાજર રહી શાંતિ પૂર્વક વાતાવારણમાં પરીક્ષા આપી હતી પોલીસ સ્ટાફ તેમજ મેડિકલ ટીમ પણ હાજર રહી હતી આચાર્યશ્રી ચિરાગ શાહ દ્વારા તમામ વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવી રાજ્ય કક્ષાએ મેરીટમા પસંદગી પામી સ્કોલરશીપ પ્રાપ્ત કરવાની શુભેચ્છા પાઠવી હતી.

### ચાણસ્મા ડેપોના ૪૫ કંડકટરો એ ટી.સી. ની પરીક્ષા પાસ કરી

નિતીન ઠાકર | ચાણસ્મા

૬૭ કંડકટરો એ પરીક્ષા ફોર્મ ભર્યા હતા ૭ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. જે પૈકી ૧૫ ઉમેદવારો નાપાસ થયા હતા. તાંજેતરમાં એસ. ટી. વિભાગ દ્વારા કંડક્ટરો . માંથી ની બઢતી માટેની ટી.સી. ની પરીક્ષા યોજાઈહતી જેમાં ચાણસ્મા ડેપોના ૬૭ કંડકટર ઉમેદવારો ટી.સી. ની પરીક્ષા આપી હતી જેમાં ૭ ઉમેદવારો એ પરીક્ષા આપી ન હતી પરંતુ ૬૦ પરીક્ષાર્થીઓ પૈકી ૧૫ ઉમેદવારો નપાસ થતાં ૪૫ કંડકટરો . પાસ થતાં ચાણસ્મા ડેપો માં સૌ પ્રથમ વાર આટલી મોટી સંખ્યા માં કંડક્ટર ટી.સી. માં પાસ થતાં ડેપો મેનેજર ગુંજન પંચાલ ઈ.ટી.આઇ નરેશ પ્રજાપ્રતિ સહિત એસ ટી કર્મચારી ઓ એ પાસ થનારા ૪૫ કંડકટરો ને શુભેચ્છાઓ પાઠવી હતી.

# શું Apple Cider Vinegarથી ખરેખર વજન ઘટે છે?



**એપલ સાઈડર વિનેગરનો ઉપયોગ ઘણી રીતે કરી શકાય છે. તેનો ઉપયોગ સ્વાસ્થ્યથી લઈને રસોઈ સુધી દરેક વસ્તુમાં થાય છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે ખાદ્ય પદાર્થોને રાંધવા અને સંગ્રહ કરવા માટે થાય છે. તેનો મસાલેદાર સ્વાદ તેને સલાડ ડ્રેસિંગ, મરીનેડ્સ અને ડિટોક્સ ડ્રિંક્સ માટે પણ શ્રેષ્ઠ વિકલ્પ બનાવે છે. તમે તેને ઘણી રીતે ઉપયોગ કરી શકો છો. પાચનમાં મદદ કરવા ઉપરાંત, તે હૃદયના સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. આ બધા સિવાય એપલ સીડર વિનેગર પણ વજન ઘટાડવામાં ખૂબ જ ફાયદાકારક છે.**

**એપલ સીડર વિનેગર શું છે? |** વજન ઘટાડવા માટે લોકો વિવિધ ઉપાયો અપનાવતા હોય છે. કેટલાક વર્કઆઉટ કરે છે અને કેટલાક તેમના આહારમાં ફેરફાર કરે છે. તે જ સમયે, કેટલાક લોકો વજન ઘટાડવા માટે સફરજન સીડર વિનેગર પણ પીવે છે. તેઓ માને છે કે એપલ સીડર વિનેગર પીવાથી પેટની ચરબી દૂર થાય છે અને ઝડપથી વજન ઘટાડવામાં મદદ મળે છે. પરંતુ શું એપલ સાઈડર વિનેગર ખરેખર એટલું ફાયદાકારક છે. એપલ વિનેગરને એપલ સીડર વિનેગર કહેવામાં આવે છે. વિટામિન બી ઉપરાંત તેમાં સાઈટ્રિક એસિડ, એસિટિક એસિડ, એન્ટિ-માઈક્રોબિયલ, એન્ટિ-ઓક્સિડન્ટ અને કેરોટીનોઈડ્સ જેવા તત્વો મળી આવે છે. હેલ્થ એક્સપર્ટ્સનું માનવું છે કે જો એપલ સીડર વિનેગરને યોગ્ય માત્રામાં લેવામાં આવે તો તેના અદ્ભુત ફાયદા થાય છે..

## શું એપલ સીડર વિનેગર વજન ઘટાડે છે?

ઈરાનમાં થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન સીડર વિનેગર વજન ઘટાડવામાં મદદરૂપ છે. આટલું જ નહીં તે કોલેસ્ટ્રોલ લેવલને પણ ઘટાડે છે. 12 અઠવાડિયા સુધી ચાલેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ વિનેગર ટ્રાઈગ્લિસરાઈડ અને કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડીને હાર્ટ એટેકનું જોખમ ઘટાડે છે. આટલું જ નહીં તેના ઘણા ફાયદા અને ગેરફાયદા પણ છે. એક દિવસમાં 30 મિલીથી વધુ સફરજન સીડર વિનેગરનો ઉપયોગ કરશો નહીં.



## વજન ઘટાડવા માટે એપલ સીડર વિનેગર કેવી રીતે પીવું

હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે જો તમે ઝડપથી વજન ઓછું કરવા માંગો છો તો 15-20 મિલી એપલ સાઈડર વિનેગરમાં 2-3 ચમચી પાણી ભેળવીને રાત્રે સૂતા પહેલા પીવો. આમ કરવાથી તમારું વજન જલ્દી ઓછું થવા લાગશે. જો કે, તેને ક્યારેય સીધું પીવું જોઈએ નહીં, નહીં તો તે પેટ અને ગળા માટે નુકસાનકારક હોઈ શકે છે, તેથી તેને હંમેશા પાણીમાં ભેળવીને પીવો.

# કયા કુંડા સારા માટીના કે પ્લાસ્ટિકના જાણો ફાયદા અને નુકસાન

**કુંડા એટલે દરેક વ્યકિતના ઘરમાં પ્રવેશતા કે ઘરની બાલ્કનીમાં હોય જ છે. પણ તેને કઈ રીતે પસંદ કરવા તેની મુંઝવણ રહેતી હોય છે જો તમે પણ મુંઝવણમાં છો તો તમે જાણી શકો છો કે ક્યા કુંડા સારા પ્લાસ્ટિકના કે પછી માટીના. પ્લાસ્ટિકના કુંડામાં સીધો તડકો પડવાથી તે ગરમ થઈ જતા હોય છે. અને અંદરથી ગરમ થઈ ગયા પછી છોડના નાજુક મૂળોને નુકસાન પહોંચે છે. પ્લાસ્ટિકના કુંડા ગરમ થવાથી છોડને મૂળ પણ ગરમ થવાથી તે ખરાબ થઈ જાય છે બજારોમાં મળતી અનેય ચીજવસ્તુઓની જેમ હવે માટીના કુંડામાં પણ હવે પ્લાસ્ટિકના કુંડાઓએ ઘણા પ્રકારમાં સ્થાન લઈ લીધુ છે. પ્લાસ્ટિકના કુંડા હવે સરળતાથી ઉપલબ્ધ અને ઉપયોગમાં સરળ હોવાથી હવે ઘરોમાં પણ છોડને લોકો ઉગાડવ લાગ્યા છે અને તેનો ઉપયોગ પણ આજના સમયમાં વધી ગયો છે. પરંતુ માટીના કે પ્લાસ્ટિકના કુંડા ક્યો વધુ યોગ્ય છે. તેમાં ઘણા લોકોનો વિચાર પણ આવતો હોય છે. પરંતુ બજારમાં મળતા પ્લાસ્ટિકના કુંડાની તુલનામાં માટીના કુંડા અનેક ઘણા સારા છે.**




## પ્લાસ્ટિકના કુંડા ગરમ થાય છે

છોડને લગાવા માટે ઘણા લોકો પ્લાસ્ટિકના કુંડા ઉપ.યોગમાં લેતા હોય છે. પરંતુ પ્લાસ્ટિકના કુંડામા કોઈપણ પ્રકારના છિદ્રો નથી હોતા, એટલે જ છોડને જરુરિયાત મુજબ ઓક્સિજન નથી મળતુ પ્લાસ્ટિકના કુંડામાં સીધો તડકો પડતો હોય છે જેથી તે ગરમ થઈ જાય છે કુંડાની અંદર છોડના મૂળ કુંડાની દિવાલને સ્પર્શે છે જેથી તે ગરમીથી સુકાઈ જાય છે અને ખરાબ થઈ જતા હોય છે. પ્લાસ્ટિકના કુંડા અમુક વર્ષો પછી તે ખરાબ થઈને તૂટી જતા હોય છે. આ ઉપરાંત કુંડામાં પાણી જમા રહે છે જેનાથી છોડ પણ મરી શકે છે. માટીના કુંડાનો કોઈ વિકલ્પ નથી. પ્લાસ્ટિક કે અન્ય કુંડામાં છોડનું સ્વાસ્થ્ય સુરક્ષિત નથી હોતુ, માટીના કુંડા થોડા ઘણા મોંઘા હોય છે પણ છોડ માટે સારા સાબિત થાય છે. એકંદરે, પ્લાસ્ટિકના કુંડા સરળતાથી ઉપલબ્ધ હોય છે પરંતુ છોડના સારા સ્વાસ્થ્ય માટે માટીના કુંડા લેવા વધારે લાભદાયી રહેશે.

# લીલા વટાણાને સંગ્રહિત કરવાની ઉત્તમ રીત



રોજિંદા જીવનમાં આહારને લઈને દરેક ગૃહિણીઓને એ ચિંતા રોજ સતાવતી હોય છે કે જમવામાં શું બનાવુ અને સાથે એ કે શાક સમારી રાખવુ. જો એમાંથી એક એવુ શાકભાજી જે તમે રોજબરોજ તમારા શાક માટે તેને ઉપયોગમાં લેતા હોવ છો અને તેને જ્યારે છોલવાની વાત આવે ત્યારે તે માટે પણ સમય કાઢવો પડે છે, શું તમે લીલા વટાણાને સંગ્રહ કરવાની સાચી રીત જાણો છો જો ના તો તમારે લીલા વટાણાની તાજગી જાળવી રાખવી છે તો આ રીતને ફોલો કરો વિટામીન-સી, મેગ્નેશિયમ, પોટ્રિશિયમ અને કેલ્શિયમ જેવા ઘણા પોષક તત્વોથી ભરપૂર એવા લીલા વટાણા તમારા સ્વાસ્થય માટે વધારે ફાયદાકારક સાબિત થઈ શકે છે. લીલા વટાણાનુ યોગ્ય માત્રામાં અને યોગ્ય રીતે સેવન કરવાથી સ્વાસ્થયની સમસ્યામાંથી છુટકારો મેળવી શકો છો, શું તમે લીલા વટાણાને સ્ટોર કરવાની આ રીત વિશે જો નથી જાણતા તો એકવાર જાણી લો, મહિનાઓ સુધી ખરાબ નહીં થાય. સૌ પ્રથમ તો એક વાટકામાં લીલા વટાણાને છોલીને મુકો, હવે એક વાસણમાં પાણી લઈને તેને ગેસ પર મુકો, આ ગરમ પાણીમાં લીલા વટાણા ઉમેરો અને લગભગ 5-6 મિનિટ સુધી ઉકાળો, બીજા એક બાફલમાં બરફ લો તેમાં આ ઉકાળેલા લીલા વટાણા ઉમેરો જ્યારે તે ઠંડા થઈ જાય ત્યારે તેને ગરણીમાં ગાળી લો. હવે હળવા હાથે એક ટુવાલમાં મુકી તેને સુકવી દો.

**મહિનાઓ સુધી તાજગી રહેશે |** બધા જ લીલા વટાણા બરાબર સુકાઈ જાય પછી તમેરા તેને એક ઝિપ લોક બેગમાં ભરી લો. હવે છેલ્લે તેમાં રહેલી હવા બહાર કાઢીને બેગને બંધ કરી દો. તમે આ બેગને ઝિપ લોક બેગને ફ્રીઝરમાં મુકો તમે તેને મહિનાઓ સુધી બગાડતા બચાવી શકશો. બજારમાં મળતા લીલા વટાણા ખરીદવા કરતા તમે જાતે જ આ રીતે તેને ઘરે જ સાચવી શકો છો.

**સ્વાસ્થય માટે પણ હેલ્દી |** પોષક તત્વોથી ભરપૂર લીલા વટાણા સ્વાસ્થ્ય માટે એક વરદાન માનવામાં આવે છે. લીલા વટાણામાં જોવા મળતા તત્વો તમારા સ્વાસ્થ્યને મજબૂત બનાવવામાં અસરકારક સાબિત થઈ શકે છે. લીલા વટાણા તમારી રોગપ્રતિકારક શક્તિને પણ વધારી શકે છે. જે તમારા હાડકાં અને સ્નાયુઓ માટે પણ લાભદાયી સાબિત થઈ શકે છે.

# પ્રત્યેક સ્ત્રીના મનનું મનપસંદ સ્વપ્નું “માં બનવાનું” હોય છે

ઓહ!!એ દિવસે કાશ મે મારા મનનું માન્યું હોત તો આજ મારું વર્તમાન કેટલું સુંદર હોત? હું પણ આકાંક્ષા ની માફક બે બાળકોની માતા બની ગઈ હોત. અત્યારે માંરુ પણ સુંદર હસતું રમતું ફેમિલી હોત.મમ્મી અને ભાઈની બ્યુટીફુલ પરી ૫૦વર્ષની ઉંમરે બધું હોવા છતાંય દિવસ નોકરી ના વ્યસ્ત કામમાં અને રાત સ્લિપિંગ પિલ્સ ના સહારે લાઈફ વિતાવવા મજબૂર છે.ભાઈ એના પારિવારિક જીવનમાં અત્યંત વ્યસ્ત છે ને મમ્મી એના પૌત્ર પૌત્રીઓની પરવરીશ માં પડી છે કદાચ એને એની આરવી ખાસ પડી નથી. આકાશ તરફ નજર કરીને બેત્રણ મિનિટ મૌન ધારણ કર્યા બાદ આરવી મનોમન બોલી કે સોરી!!પપ્પા,કાશ એ દિવસે મેં તમારી વાત સાંભળી ને નિર્ણય લીધો હોત,ત્યારે કેટલી કેવી મૂર્ખ હતી. મારા પ્રેમાળ પપ્પા ના શબ્દોનો વિશ્વાસ કરવાના બદલે ભાભી ના વાક્યો “આનાથી પણ ઉતમ સાસરિયું મળી જાશે,તમારી ઉંમર લગ્ન લાયક ક્યાં છે? અત્યારે કેરિયર બનાવવા નો સમય છે” પર વિશ્વાસ કરી લીધો હતો. રીતુલ ના પપ્પાની નાની સરખી વાત માં મમ્મી અને ભાઈ ના “રીતુલ સાથે સગાઈ ના કરવાના” ફેંસલા પર પપ્પા ના માનસન્માન ની પારાવાર અનદેખી કરી હતી. મારી લાઈફની દુશ્મન અન્ય સભ્યો કરતા “હુંજ” હતી. ત્યારે મારી ઉંમર ૨૧ વર્ષની હતી ને ૨૧ વર્ષે મારી મમ્મી એક દીકરાની મા બની ચૂકી હતી એટલે ૨૧ વર્ષની ઉંમર એ નાસમજ બાળક ની નથી હોતી.

પચાસ વર્ષની આરવી મહેતા પાસે વિશાળ બંગલો,બેંક બેલેન્સ,કાર,નોકર ચાકર અને ઉચ્ચ પોઝિશનની સરકારી નોકરી બધુજ છે. ખરેખર? આરવી એ ઉદાસ સ્મિત ફરકાવતા કહ્યું કે ભૌતિક અત્યંત કિંમતી વસ્તુઓથી મન ભરાતું નથી.સ્ત્રી હૃદયને અન્ય ની લાગણીઓની જરૂર વધારે પડતી હોય છે.સ્ત્રીઓને લાગણીઓ ખુદના વસાવેલ પરિવાર તરફથી મળતી હોય છે. પ્રત્યેક સ્ત્રીનું મનનું મનપસંદ સ્વપ્નું “માં બનવાનું” હોય છે ખુદનો ખુશખુશાલ પરિવાર વસાવવાનો હોય છે.જ્યારે સ્ત્રી ના જીવનમાં બાળકો અને પરિવાર નથી હોતા ત્યારે એનું જીવન અંધકાર ભરી રાત્રિ જેવું નિઃશબ્દ બની જતું હોય છે. કાશ,પપ્પા તમે મૃત્યુ ન પામ્યા હોત તો કેટલું સારું થાત,તમે જીવતા હોત તો તમારી આરવીના લગ્ન કરાવવાના સતત પ્રયાસો કર્યા હોત.મારા જીવનનું મોટામાં મોટું દર્દ “મારા પપ્પા નું માનસન્માન” ભૂલી ગઈ હતી. પપ્પા,આજ તમારા વાક્યો “આરવી બેટા,રીતુલ જેવો સભ્ય સંસ્કારી છોકરો અને એના માબાપ જેવા પ્રેમાળ લોકો મળવા મુશ્કેલ છે.તારું ભણતર તો લગ્ન બાદ પણ ચાલુ રહેવાં નું છે, તારી કેરિયર બને એમાં ખુદ રીતુલ ને રસ છે. એકનો એક દીકરો અને ખાનદાની પરિવાર છે તો શું કામ વધારે વિચારે છે? રીતુલ ના પપ્પાની વાત સહેજ પણ ખોટી નથી તારો ભાઈ ધ્વનિત કરતા તું વધારે હોશિયાર છો. નાનકડી વાત ને ઈસ્યુ બનાવીને તારી લાઈફ આવતી ભરપુર રોશની ને શું કામ અવગણે છે? વિચારો ની અવિરત તંદ્રા માં ખોવાયેલી આરવી ને આકાંક્ષા એ આવી ને જગાડતા કહ્યું કે મેડમ,ક્યાં વિચારો માં ખોવાયેલા છો? હ..મ ચહેરા પરથી લાગે છે કે “રીતુલ” ના વિચારો પરેશાન કરી રહ્યા છે. તું કહે તો સોશિયલ મીડિયા માંથી રીતુલની બાયોગ્રાફી શોધી કાઢું. યાર!!શું હેન્ડસમ હતો? તારો રીતુલ છ ફૂટ હાઈટ,બ્લ્યુ આંખો,ગોરો ગોરો માખણ જેવો ને એમાં કર્લી બ્લેક હેર આસમાન માં સ્થિત કામદેવ જેવો લાગતો હતો.યાર!! પ્રથમ વખત તે મને રીતુલ ની મુલાકાત કરાવી ને ત્યારે તો મારી સ્થિતિ એવી થઈ ગઈ હતી ને કે મારા મોઢા માંથી શબ્દો જ નીકળતા નહતા.તુ બોલ એકવાર એટલે પૃથ્વી ના પેટાળ માંથી તારા રીતુલ ને શોધી કાઢીશ. આરવી એ આચ્છુ સ્મિત કરતા આકાંક્ષા ને કહ્યું કે પચાસ વર્ષની આરવી અને ૨૧ વર્ષની આરવી વચ્ચે વરસો ના વરસો વીતી ગયા. પાગલ,અત્યારે રીતુલ નો હર્યોભર્યો પરિવાર હશે,એના બાળકો પણ મોટા થઈ ગયા હશે.છોડ બધી ભૂતકાળ ની વાતો એ બધી વાતો મને વધારે દર્દ આપે છે. ભૂતકાળની એ દર્દનાક વાતોમાં મારા માથા પરની છત્રછાયા સમાન પપ્પા ને ગુમાવવા પડ્યા છે.જીવન ના આ હાદસા મમ્મી,ભાઈ અને ભાભી ને ફર્ક નહતો પડ્યો પણ મારા હદયમાં એ પ્રત્યાઘાતો ઊંડે ઊંડે સુધી છે.



એક ભૂલ જીવનની
- રુપાલી દવે

આકાંક્ષા એ આરવી ને બોલતા અટકાવી ને પૂછ્યું કે તને કોણે કીધું? રીતુલના લગ્નની જાણ કેવી રીતે થઈ? અરે!! યાર,આરવી,માન્યું કે તારી બુદ્ધિ મેટ્રો ટ્રેનની માફક ફાસ્ટ ચાલે છે પણ તે ક્યારેય પૂછ્યું ખુદને કે તું શું ઝંખે છે? તારું દિલ શું માંગે છે? તું જાણે છે કે તારા પપ્પા નું મૃત્યુ કાર એક્સિડન્ટ માં થયું છે, તારી સગાઈ ના થવાને લીધે નથી થયું. માન્યું કે અંકલ ન ગયા બાદ તે તારું કેરિયર પર અને તારી મમ્મી એ એનું ફોક્સ ભાઈના પરિવાર માં ફિક્સ કરી દીધું હતું. ક્યારેય લગ્ન માટે ઈચ્છા નહતી થતી? તારું મન એકલતા માં થાકતું નથી? આરવી એની સખી આકાંક્ષા ની વાત સાંભળતા જ રડવા લાગી ને રડતા રડતા બોલી કે શું કરું? મારા પરિવાર સભ્યોને ૨૧વર્ષ થી ૫૦વર્ષ દરમિયાન મારું ઘર વસાવવાની બિલકુલ ચિંતા નથી.મારા મનમાં ઘર વસાવવાની ઈચ્છા તો વરસો થી છે પણ લગ્ન કરવા ઈચ્છતી વ્યક્તિ ખુદના માટે સગપણ નથી શોધતા. કેરિયર પાછળ ભાગતી દોડતી અવિવાહિત સ્ત્રીઓના હાથ માંથી એનો સંપૂર્ણ કંટ્રોલ એના પરિવાર વાળા ઝૂંટવી લેતા હોય છે. એ લાખ ઈચ્છે તો પણ એને એના પરિવાર માં ખાસ કરીને મમ્મીઓની વાત સાંભળવી અને માનવી પડતી હોય છે. ખુદ કમાઈ ને ખુદનું પાલન પોષણ કરતા હોવા છતાંય વાત વાતમાં ભાઈઓ અને ભાભીઓની દખલગીરી રહેતી હોય છે. મારા જેવા અવિવાહિત લોકોની તકલીફ કે માંદગીઓમાં પરિવાર ના લોકો જ મદદે આવતા હોય છે. આ કારણોસર એ લોકોની ખુશીમાં ખુશ અને દુઃખી માં દુઃખ પરાણે વ્યક્ત કરવા પડતા હોય છે.

આકાંક્ષા એ આરવી નો હાથ પોતાના હાથમાં લેતા પૂછ્યું કે આરૂ,સાચું બોલ હું તારું કશુંય નથી લાગતી? બન્ને બાળપણ થી સાથે ભણી ને મોટા થયા છીએ મે તારાથી મારી એકપણ વાત છૂપાવી નથી તો તે તારા મનમાં રહેલી લગ્નની ઈચ્છા કેમ છુપાવી? એકવાર બોલ્યું તો હોત,તારા માટે રીતુલ કરતા પણ ચડિયાતા મુરતિયા ની ફોજ હાજર કરી દેત..

આકાંક્ષા ના મુખે “રીતુલ”નું નામ સાંભળતા જ આરવી ખડખડાટ હસતા હસતાં બોલી કે યાર!!આ દુનિયામાં હેન્ડસમ,પ્રેમાળ અને મિલનસાર “મારો રીતુલ” જેવો તો માત્ર ને માત્ર “મારો રીતુલ” હતો.મારો રીતુલ હવાના પ્રવાહ માં તણાઈ ને વિદેશની ભૂમિ માં ખોવાઈ ગયો છે.કદાચ એને શોધવો તારા માટે મુશ્કેલ બનશે.મને મારી બાળપણ ની સખી આકાંક્ષાની ઘરે અવરજવર માં અનેરો આનંદ આવે છે,યુગ અને સ્મિત વાત વાતમાં માસીમા બોલ્યા કરે છે ને ત્યારે બન્ને પર અપાર વહાલ વરસાવવાનું મન થાય છે. મારું સગી બહેનથી પણ તું મારું વધારે ધ્યાન રાખ્યા કરે છે.તને વૈવાહિક જીવનમાં ખુશખુશાલ નિહાળીને ઘણીવાર પરિવાર વસાવવાનું મન થાય છે પરંતુ આ ઉંમર એ લગ્ન માં ફાયદો કરતા નુકશાની વધારે થઈ શકે છે.આકાંક્ષા,ભય લાગે છે મારા મન ને વરસો થી એકલા જીવવાની આદત માં ફરી ૨૧વર્ષે થયેલ ભૂલ રિપિટ થઈ શકે છે..

આરવી ઊંડો નિસાસો નાખતા બોલી કે સખી,પાનખર ઋતુમાં વસંત નું આગમન નથી થતું,ભમરાઓ સુગંધી ફૂલની શોધ પાનખર ઋતુમાં નથી કરતા હોતા.

બન્ને બહેનપણીઓ આકાશમાં બદલતા રંગોને નિહાળતા નિહાળતા એનું ફેવરિટ સોંગ ગાવા લાગી:

જબ દીપ જલે આના, જબ શ્યામ ઢાલે આના,
સંકેત મિલન કા ભૂલ ના જાના.



# રણબીર કપૂરની ભાણી ઉદાસ જોવા મળી...

## યુઝર્સે કહ્યું- પાક્કું, આ બાળકીને કોઈ વઢ્યું હશે; આદર-અલેખાના લગ્નમાં ગઈ હતી સમારા



(એજન્સી) મુંબઈ | તા.22

રણબીર કપૂરની ભાણી સમારા સાહનીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તે તેની નાની નીતુ કપૂર અને માતા રિદ્ધિમા કપૂર સાહની સાથે જોવા મળી રહી છે. પરંતુ હંમેશા હસતી અને મીડિયા માટે પોઝ આપતી સમારાના ચહેરા પર ઉદાસી દેખાઈ રહી હતી, જેના પછી લોકોએ પોતાની પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યું. કેટલાકે કહ્યું કે સમારાને ઠપકો મળ્યો હશે, તેથી જ તે આજે ઉદાસ દેખાઈ રહી છે. સમારાનો આ વીડિયો તેના મામા આદર જૈન અને અલેખા અડવાણીના લગ્નસમારંભ વખતનો છે. લગ્ન સમારંભમાં સમારા પરંપરાગત પોશાકમાં જોવા મળી હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે રિદ્ધિમા, નીતુ કપૂર અને સમારા ત્રણેય મીડિયા સાથે પોઝ આપી રહ્યા છે. આ સમય દરમિયાન બંને હસતા હોય છે. પણ સમારાના ચહેરા પર કોઈ હાવભાવ નહોતા.





### સમારાના વીડિયો પર ચાહકોની પ્રતિક્રિયા

એક યુઝરે લખ્યું, 'બિચારીને 100% ઠપકો મળ્યો હશે.' બીજાએ લખ્યું, 'અરે...તેઓ છોકરીને પરાણે લગ્નમાં લાવ્યા છો.' ત્રીજાએ લખ્યું, 'એવું લાગે છે કે તેને સાડી પહેરવાની ફરજ પાડવામાં આવી હોય.'
વાસ્તવમાં, સમારા ત્યારે ચર્ચામાં આવી જ્યારે તે એરપોર્ટ પર પાપારાઝીની સામે ઉભી રહીને ઘણા બધા પોઝ આપી રહી હતી. જ્યારે તેની માતા રિદ્ધિમા ચેક ઈન કરી રહી હતી.
આ ઉપરાંત, તાજેતરમાં જ સમારા આદર જૈનના લગ્નમાં હાજરી આપવા માટે આવી ત્યારે રપોર્ટ પર જોવામાં આવી હતી. ત્યારે પણ તેની નજર કેમેરા પર જ સ્થિર રહી. ક્યારેક તે સુંદર સ્મિત આપવાનો પ્રયાસ કરી રહી હતી તો ક્યારેક તે વાળ સરખા કરતી જોવા મળી રહી હતી.

### આદર જૈનના લગ્નમાં હાજરી આપી હતી


કરીના-કરિશ્માના પિતરાઈ ભાઈ અને એક્ટર આદર જૈને ગુરુવારે અલેખા સાથે લગ્ન કર્યા. તેમણે આ લગ્ન હિન્દુ રીતરિવાજ મુજબ કર્યા. કપૂર પરિવાર ઉપરાંત બોલિવૂડ જગતની ઘણી મોટી હસ્તીઓએ લગ્નમાં હાજરી આપી હતી.

# દિયરના લગ્નમાં સિમ્પલ લુકમાં જોવા મળી ભાભી આલિયા

## કમેન્ટ કરી ફેન્સે પૂછ્યું- શું થયું? લાલ સાડીમાં ગોર્જિયસ લાગી કરીના; લગ્નમંડપમાં રોમેન્ટિક થયા વરરાજા

(એજન્સી) મુંબઈ | તા.22

બોલિવૂડના કોરિડોરમાં એક નવી પ્રેમકથાએ પોતાનું સ્થાન બનાવ્યું છે. પ્રખ્યાત કપલ આદર જૈન અને અલેખા અડવાણી હંમેશાં માટે એક થઈ ગયાં છે. તેમનાં લગ્ન વિશે ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. પ્રી-વેડિંગ ફંક્શનના ફોટા અને વીડિયો પણ ઈન્ટરનેટ પર વાઈરલ થયા હતા. હવે તેમનાં લગ્નની ઝલક સામે આવી છે.
આદરે તેની પત્ની અલેખાને કિસ કરી લગ્ન પછી આદર જૈન અને તેની પત્ની અલેખા અડવાણીએ લગ્નસ્થળથી બહાર આવીને પાપારાઝી માટે પોઝ આપ્યો. આ દરમિયાન નવપરિણીત યુગલ એકબીજાના પ્રેમમાં સંપૂર્ણપણે ડૂબેલાં દેખાયાં. બંને એકબીજા પરથી નજર હટાવી શકતાં નહોતાં. પોઝ આપતી વખતે આદરે તેની દુલ્હન અલેખાના કપાળ પર ચુંબન કર્યું, આથી ભીડ ખુશીથી ઝૂમી ઊઠી. બંનેના ચહેરા પરનું સ્મિત તેમના સાથે હોવાનો આનંદ વ્યક્ત કરી રહ્યું હતું.
કપૂર પરિવારના મોટા ભાગના લોકો હાજર રહ્યા 21 ફેબ્રુઆરીના રોજ આદર જૈન અને અલેખા અડવાણીનાં લગ્ન ખૂબ જ ધામધૂમથી થયાં. આ લગ્નમાં કપૂર પરિવારના મોટા ભાગના લોકો હાજર રહ્યા હતા, પાર્ટી ખૂબ જ શણગારવામાં આવી હતી. આલિયા ભટ્ટ અને રણબીર કપૂરથી લઈને કરીના કપૂર-સૈફ અલી ખાન, નીતુ કપૂર, કરણ કપૂર, કુણાલ કપૂર, રિદ્ધિમા સાહની, રેખા, આકાશ અંબાણી, અનિલ અંબાણી, બોની કપૂર, નિખિલ નંદા અને અગસ્ત્ય નંદા, શાહરુખ ખાન અને ગૌરી, સુહાના, અનન્યા પાંડે સુધી, સેલિબ્રિટીઓએ આ સુંદર સાંજમાં ગ્લેમર ઉમેર્યું. આ બધા વચ્ચે આલિયા ભટ્ટના લુકની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે.
આલિયાનો અંદાજ ચાહકોને પસંદ ન આવ્યો હકીકતમાં પરિવારના જ લગ્નમાં કરીના કપૂર અને નીતુ કપૂર સુંદર પોશાક પહેરેલાં દેખાતાં હતાં, જ્યારે આલિયા ખૂબ જ સરળ દેખાતી હતી. આ વખતે આલિયાનો અંદાજ તેના ચાહકોને પસંદ આવ્યો નહીં. લોકોએ તેને આ રીતે જોતાંની સાથે જ સોશિયલ મીડિયા પર કમેન્ટ કરવાનું શરૂ કરી દીધું. આલિયાના લુક પર યુઝર્સની કમેન્ટ એક યુઝરે લખ્યું છે - તેનો ચહેરો અને હેરસ્ટાઈલ બંને બરાબર દેખાતાં નથી. એકે કહ્યું- અહીંથી તે કેવી સારી લાગી રહી છે. બીજા એકે કહ્યું- તે તેની ભાભી કરીના સામે કેટલી નીરસ લાગે છે. બીજા એક ચાહકે લખ્યું - આલિયા, તેં શું કર્યું, તે પહેલીવાર બિલકુલ સારી દેખાતી નથી, તેનો લુક છોકરા જેવો લાગે છે.









# પ્રનૂતન હોલિવૂડ ફિલ્મમાં જોવા મળશે...

## તેણે કહ્યું- કોવિડની તેના ડેબ્યૂ પર અસર પડી, ઘણું શીખી, હવે ક નવી તક છે

(એજન્સી) મુંબઈ | તા.22

સ્વર્ગસ્થ એક્ટ્રેસ નૂતનની પૌત્રી અને મોહનીશ બહલની પુત્રી પ્રનૂતન બહલ ટૂંક સમયમાં હોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે . તે ' કોકો એન્ડ નટ ' ફિલ્મમાં એક્ટર રહસાન નૂર સાથે મુખ્ય ભૂમિકા ભજવશે . આ ફિલ્મ એક રોમેન્ટિક વાર્તા પર આધારિત છે અને 2025 માં રિલીઝ થશે.
પ્રનૂતન માટે હોલિવુડ ડેબ્યૂ એક મોટી તક છે અને તે તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં, તેમણે પોતાની કારકિર્દી અને આ નવા પ્રોજેક્ટ વિશે ખૂલીને ચર્ચા કરી.
'હું ખૂબ ખુશ છું. આ મારા માટે ખૂબ મોટી વાત છે. આ ફિલ્મમાં મારું પાત્ર ખૂબ જ સુંદર છે અને તે સંપૂર્ણપણે રોમેન્ટિક ફિલ્મ છે. મારી પહેલી ફિલ્મ 'નોટબુક ' પણ રોમેન્ટિક હતી , પણ તેમાં મુખ્ય પુરુષ કલાકાર સાથે મારો ખાસ સંબંધ નહોતો. પરંતુ આ વખતે તે સંપૂર્ણપણે રોમેન્ટિક લવ સ્ટોરી છે અને મને લાંબા સમય સુધી રાહ જોયા પછી તે કરવાની તક મળી.''ખરેખર, આ ફિલ્મ પહેલી વાર મને 2019 માં મળી હતી. તે સમયે તેના વિશે ચર્ચાઓ ચાલી રહી હતી, પણ પછી કોવિડ આવી ગયો. આનાથી ફિલ્માંકન મુશ્કેલ બન્યું. પરંતુ ' નોટબુક ' ફિલ્મ જોયા પછી , નિર્માતાઓને લાગ્યું કે હું આ ભૂમિકા માટે સંપૂર્ણપણે ફિટ રહીશ.'
'2023 ના અંતમાં, મને ફરીથી આ ફિલ્મ માટે સંપર્ક કરવામાં આવ્યો અને અમે તેને આગળ વધારવાનું નક્કી કર્યું. આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષે શરૂ થવાની અપેક્ષા છે.'
હોલિવૂડ પ્રોજેક્ટનો ભાગ બન્યા પછી તમારા અભિગમમાં કોઈ ફેરફાર થયો? શું તેણે તમને એક એક્ટર તરીકે નવી રીતે વિચારવા માટે મજબૂર કરી?
'જુઓ, આજકાલ ઈન્ડસ્ટ્રીની કોઈ મર્યાદા નથી. તમે જે પણ કામ કરો છો, તે કોઈને કોઈ પ્લેટફોર્મ પર લોકો સુધી પહોંચે છે. મારા માટે, આ ફક્ત ' હોલિવૂડ ડેબ્યૂ ' નથી પણ એક નવા અનુભવની તક છે.
મારો વિચાર હંમેશા સરળ રહ્યો છે - તમે જે પણ પ્રોજેક્ટ કરો છો, તેને પૂરા હૃદય અને મહેનતથી કરો. હિન્દી સિનેમા હોય , તેલુગુ ઉદ્યોગ હોય કે હોલિવૂડ , સર્જનાત્મક ક્ષેત્રમાં ખરી ઓળખ તમારી ભાષાથી નહીં પણ તમારા પ્રદર્શનથી બને છે . જ્યારે તમે સત્ય અને પ્રામાણિકતા સાથે કોઈ પાત્ર ભજવો છો , ત્યારે તે પડદા પર પ્રતિબિંબિત થાય છે. આ સૌથી મહત્ત્વની વાત છે.' 'શૂટિંગ હજુ શરૂ થયું નથી, તેથી તેના વિશે વિગતવાર વાત કરવી થોડી વહેલી ગણાશે.



# શાહરુખ 'હમ સાથ સાથ હૈ'નો ભાગ બની શક્યો હોત: સૈફના રોલ માટે પહેલા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો

(એજન્સી) મુંબઈ | તા.22

દિગ્દર્શક સૂરજ બડજાત્યા શાહરુખ ખાનને ફિલ્મ 'હમ સાથ સાથ હૈ'માં કાસ્ટ કરવા માગતા હતા. જોકે, પાછળથી તે ન થઈ શક્યું અને તેમણે તે ભૂમિકામાં સૈફ અલી ખાનને કાસ્ટ કર્યો.
સૂરજે કહ્યું, 'ઘણા વર્ષો પહેલા અમે સૈફના રોલ વિશે વાત કરી રહ્યા હતા. આ તો બહુ જૂની વાત છે.' સૂરજે બોલિવૂડ બબલ સાથેના એક ઈન્ટરવ્યૂમાં આ વાતનો ખુલાસો કર્યો.
સૂરજ બડજાત્યાએ થોડા સમય પહેલા કહ્યું હતું કે ફિલ્મના શૂટિંગ દરમિયાન સૈફ અલી ખાન ખૂબ જ નર્વસ હતો. તે સમયે સૈફ તેની કારકિર્દીના ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. સૂરજે કહ્યું હતું કે, 'જ્યારે ફિલ્મો સારી નથી ચાલતી, ત્યારે કલાકારો થોડા હચમચી જાય છે.' આ કારણે સૈફ પણ ડરી જતો હતો. પહેલી વાર તેણે આટલી મોટી ભૂમિકા ભજવી, તે પણ આટલા મોટા કલાકારો સાથે. તે ખૂબ દબાણ હેઠળ જીવતો હતો અને ખૂબ જ મહેનત કરતો હતો. તે સ્ક્રિપ્ટની પંક્તિઓ વારંવાર બોલતો.'
સૂરજે જણાવ્યું હતું કે 'સુનો જી દુલ્હન' ગીતના શૂટિંગ દરમિયાન સૈફને મહેશ ઠાકુર અને આલોક નાથની ભૂમિકા ભજવવાની હતી. આ કારણે સૈફ આખી રાત ઊંઘી શક્યો નહીં. સૂરજે કહ્યું હતું કે, 'મેં અમૃતા (સૈફની પહેલી પત્ની) ને પૂછ્યું હતું કે તે બંને સ્ટાર્સની જેમ યોગ્ય રીતે કેમ અભિનય કરી શકતો નથી.' પછી અમૃતાએ કહ્યું કે સૈફને આખી રાત ઊંઘ નથી આવતી, તે અરીસામાં જોતો અને વિચારતો હતો કે, તે આ બધું કેવી રીતે કરશે.
પછી મેં અમૃતાને કહ્યું કે સૈફને દવા આપીને તેને સૂવા દે. પછી બીજા દિવસે સૈફનો બદલાયેલો અવતાર જોવા મળ્યો અને તેણે એક જ ટેકમાં આખો શોટ આપ્યો.

# નરગીસ બોયફ્રેન્ડ સાથે ગૂપચૂપ પરણી ગઈ

મુંબઈ : બોલીવૂડ હિરોઈન નરગીક ફખરી તેના બોય ફ્રેન્ડ ટોની બેગ સાથે ગૂપચૂપ રીતે પરણી ગઈ હોવાનું મનાઈ રહ્યું છે. બંનેનાં કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે તે પરથી તેનાં લગ્ન એક સપ્તાહ પહેલાં થઈ ચૂક્યાં હોવાનું મનાઈ રહ્યું છે.
ગત સપ્તાહમાં અમેરિકામાં લોસ એન્જલિસ ખાતે એક ફાઈવ સ્ટાર પ્રોપર્ટી ખાતે લગ્ન વિધિ યોજાઈ હતી. બંનેનાં લગ્નની વિશાળ વેડિંગ કેકની તસવીરો પણ વાયરલ થઈ છે.
નરગીસ ફકરીએ આ ફંકશન એકદમ પ્રાઈવેટ રહે તેની કાળજી રાખી હતી. પરિવારજનો તથા બહુ નજીકના મિત્રો સિવાય કોઈને પણ આમંત્રણ અપાયું ન હતું. લગ્ન પછી બંને હાલ હનીમૂન મનાવવા માટે સ્વિત્ઝર્લેન્ડ પણ પહોંચી ગયાં છે.
નરગીસ અને ટોની વચ્ચે ત્રણ વર્ષથી ડેટિંગ ચાલતું હતું. જોકે, નરગિસે પોતાની રિલેશનશિપ વિશે કોઈ ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કર્યું નથી.
ઉલ્લેખનીય છે કે નરગીસ કપૂર અને 'રોક સ્ટાર ' ફિલ્મમાં તેના કો સ્ટાર રણબીર કપૂર વચ્ચે એક જમાનામાં અફેર ચાલતું હોવાનું મનાતું હતું. બંને અવારનવાર સાથે દેખાતાં હતાં. રણબીરના પરિવારે પણ નરગીસને પસંદ કરી લીધી હોવાનું કહેવાતું હતું.

# હિન્દુસ્તાની ભાઉએ ફરાહ ખાન વિરુદ્ધ કેસ દાખલ કર્યો

## ટીવી શોમાં હોળીને છપરિયાઓનો તહેવાર કહેવામાં આવ્યો, ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ

(એજન્સી) મુંબઈ | તા.22

ફિલ્મ દિગ્દર્શક ફરાહ ખાન વિરુદ્ધ ફોજદારી કેસ નોંધવામાં આવ્યો છે. ફરાહ ખાન વિરુદ્ધ આ કેસ હિન્દુસ્તાની ભાઉ તરીકે પ્રખ્યાત ઈન્ફ્લુએન્સર વિકાસ પાઠક દ્વારા દાખલ કરવામાં આવ્યો છે. ફરાહ વિરુદ્ધ ખાર પોલીસ સ્ટેશનમાં હિન્દુઓની ધાર્મિક લાગણીઓનું અપમાન કરવા બદલ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. વિકાસના વકીલ, એડવોકેટ અલી કાશિફ ખાન દેશમુખે જણાવ્યું હતું કે હોળીના તહેવારને 'છપરી' તહેવાર કહીને ફરાહે હિન્દુઓની ધાર્મિક લાગણીઓનું અપમાન કર્યું છે. ફરિયાદમાં જણાવાયું છે કે 20 ફેબ્રુઆરી, 2025 ના રોજ, લોકપ્રિય શો 'સેલિબ્રિટી માસ્ટરશેફ' માં, આરોપીએ હોળીને છપરિયાઓનો તહેવાર ગણાવ્યો હતો. સામાન્ય રીતે 'છપરી' શબ્દનો ઉપયોગ અપમાનજનક શબ્દો સાથે થાય છે. ખરેખર, આ આખો વિવાદ 'સેલિબ્રિટી માસ્ટરશેફ' શોના એક એપિસોડથી શરૂ થયો હતો. ફરાહ આ શોની જજ છે. શોના એક એપિસોડમાં, તેણે હોળી પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે 'હોળી એ બધા છપરી છોકરાઓનો પ્રિય તહેવાર છે'. ફરાહનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેના પછી તેની ભારે ટીકા થઈ રહી છે. કેટલાક લોકો તેને માફી માગવાનું કહી રહ્યા છે તો કેટલાક તેમની સામે કાર્યવાહીની માગ કરી રહ્યા છે. કેટલાક યુઝર્સે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પણ ટેગ કર્યા અને કાર્યવાહીની માગ કરી.'



# રણબીર કપૂરે રશ્મિકા મંદાનાને સરપ્રાઈઝ આપ્યું હતું: એક્ટર 'એનિમલ'ના સેટ પર ખાસ નાસ્તો લાવ્યો હતો, એક્ટ્રેસ ભાવુક બની રડવા લાગી



(એજન્સી) મુંબઈ | તા.22

રણબીર કપૂરે ફિલ્મ એનિમલના સેટ પર કો-એક્ટ્રેસ રશ્મિકા મંદાનાને આશ્ચર્યચકિત કરી દીધી હતી. આ કારણે રશ્મિકા રડવા લાગી હતી. તેણીએ કહ્યું હતું- જ્યારે હું ફિલ્મ "એનિમલ" નું શૂટિંગ કરી રહી હતી, ત્યારે મારો નાસ્તો ખૂબ જ કંટાળાજનક હતો. હું દરરોજ આ વિશે ફરિયાદ કરતી હતી.'
રણબીરને આ વાતની ખબર પડી. એક દિવસ તેણે તેના રસોઈયાને મારા માટે નાસ્તો બનાવવા કહ્યું. જ્યારે તેણે મને નાસ્તો પીરસ્યો, ત્યારે હું રડવા લાગી. મને આશ્ચર્ય થયું કે એ જ નાસ્તો આટલો સારો કેવી રીતે હોઈ શકે. તે ખૂબ જ સારો નાસ્તો હતો. રશ્મિકાએ મેશેબલ ઈન્ડિયા સાથેના એક ઈન્ટરવ્યૂમાં આ વાતો કહી.
રશ્મિકાએ કહ્યું, 'રણબીરે મને પૂછ્યું કે તું આટલો બોરિંગ નાસ્તો કેમ ખાય છે.' તો મેં કહ્યું કે તમારી પાસે ઘણા રસોઈયા છે. અમારી પાસે કોઈ નથી. અમે સામાન્ય લોકો છીએ. અમે હૈદરાબાદથી કોઈ રસોઈયાને બોલાવી શકતા નથી.'

### ફિલ્મ "એનિમલ" બોક્સ ઓફિસ પર હિટ રહી હતી

રશ્મિકા ફિલ્મ "એનિમલ" માં રણબીરની પત્નીની ભૂમિકામાં જોવા મળી હતી. આ ફિલ્મમાં અનિલ કપૂર, તૃપ્તિ ડિમરી, બોબી દેઓલ, સૌરભ સચદેવા, પ્રેમ ચોપરા અને શક્તિ કપૂર પણ હતા. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મે વિશ્વભરમાં લગભગ 900 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.
રશ્મિકા મંદાના તાજેતરમાં વિકી કૌશલની સામે ફિલ્મ 'છાવા'માં જોવા મળી હતી. બીજી તરફ, રણબીર સંજય લીલા ભણસાલી, વિકી કૌશલ અને આલિયા ભટ્ટ સાથે તેની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'ની તૈયારીમાં વ્યસ્ત છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી: સાઉથ આફ્રિકાએ અફઘાનિસ્તાનને 107 રનથી હરાવ્યું




સાઉથ આફ્રિકા તરફથી રાયન રિકેલ્ટને સદી ફટકારી. તે મેચનો શ્રેષ્ઠ ખેલાડી પણ રહ્યો.

((એજન્સી) કરાંચી તા 22

અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ પહેલી વાર ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લઈ રહી છે અને ચાહકો તેમની પાસેથી મજબૂત પ્રદર્શનની અપેક્ષા રાખી રહ્યા છે પરંતુ હશમતુલ્લાહ શાહિદીની ટીમે ટુર્નામેન્ટની પહેલી જ મેચમાં નિરાશ કર્યા. ખાસ કરીને ટીમની બેટિંગ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ. દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને 107 રને હરાવ્યું હતું. ન્યુઝીલેન્ડ અને ભારત પછી હવે દક્ષિણ આફ્રિકાએ પણ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ધમાકેદાર શરૂઆત કરી છે. કરાચીમાં રમાયેલી ટુર્નામેન્ટની ત્રીજી મેચમાં ટેમ્બા બાવુમાની આગેવાની હેઠળ દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને સરળતાથી હરાવ્યું અને 107 રનથી વિશાળ વિજય મેળવ્યો. રાયન રિકેલ્ટનની યાદગાર પ્રથમ સદીની મદદથી, દક્ષિણ આફ્રિકાએ 315 રનનો વિશાળ સ્કોર બનાવ્યો, પરંતુ કાગીસો રબાડા અને લુંગી ન્ગીડી સહિતના બોલરોએ અફઘાનિસ્તાનને 208 રનમાં ઓલઆઉટ કરી દીધું.

ન્યુઝીલેન્ડ અને ભારત પછી હવે દક્ષિણ આફ્રિકાએ પણ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ધમાકેદાર શરૂઆત કરી છે. કરાચીમાં રમાયેલી ટુર્નામેન્ટની ત્રીજી મેચમાં ટેમ્બા બાવુમાની આગેવાની હેઠળ દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને સરળતાથી હરાવ્યું અને 107 રનથી વિશાળ વિજય મેળવ્યો. રાયન રિકેલ્ટનની યાદગાર પ્રથમ સદીની મદદથી, દક્ષિણ આફ્રિકાએ 315 રનનો વિશાળ સ્કોર બનાવ્યો, પરંતુ કાગીસો રબાડા અને લુંગી ન્ગીડી સહિતના બોલરોએ અફઘાનિસ્તાનને 208 રનમાં ઓલઆઉટ કરી દીધું. શુક્રવાર, 21 ફેબ્રુઆરીના રોજ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ગ્રુપ B ની આ પહેલી મેચ હતી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પહેલી વાર ભાગ લઈ રહેલા અફઘાનિસ્તાનનો પણ આ ટુર્નામેન્ટમાં ડેબ્યૂ મેચ હતો. બંને ટીમોના તાજેતરના ઈતિહાસને ધ્યાનમાં લેતા આ મેચ ખૂબ જ રોમાંચક અને કઠિન હોવાની અપેક્ષા હતી. થોડા મહિના પહેલા જ અફઘાનિસ્તાને દક્ષિણ આફ્રિકાને એક વનડે શ્રેણીમાં હરાવ્યું હતું. તે પહેલા T20 વર્લ્ડ કપમાં પણ બંને વચ્ચે ટક્કરનો મુકાબલો થયો હતો, જે દક્ષિણ આફ્રિકાએ જીત્યો હતો. પરંતુ આ વખતે બંને વચ્ચેનો મુકાબલો એકતરફી સાબિત થયો. બેટ્સમેનો પછી દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરોનો વારો આવ્યો, જેમણે પાવરપ્લેમાં જ અફઘાનિસ્તાનને બેકફૂટ પર મૂકી દીધું. લુંગી ન્ગીડીએ ચોથી ઓવરમાં રહેમાનુલ્લાહ ગુરબાઝને આઉટ કર્યો અને રબાડાએ દસમી ઓવરમાં ઈબ્રાહિમ ઝદરાનની વિકેટ લીધી. આગામી 5 ઓવરમાં અફઘાનિસ્તાને કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી અને સિદિકુલ્લાહ અટલની વિકેટ ગુમાવી દીધી જ્યારે સ્કોર ફક્ત 50 રન સુધી પહોંચ્યો હતો.પરંતુ દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનોએ આક્રમક બેટિંગ ચાલુ રાખી, જેમાં રાસી વાન ડેર ડુસેન (52) એ ઝડપી અડધી સદી ફટકારી જ્યારે એડન માર્કરામે માત્ર 36 બોલમાં અણનમ 52 રન બનાવીને તેમની ટીમને 315 રન સુધી પહોંચાડી. અફઘાનિસ્તાને સારી શરૂઆત કરી, દક્ષિણ આફ્રિકાના ઓપનર ટોની ડી જોર્ઝીને વહેલી તકે પેવેલિયન પાછો મોકલી દીધો, પરંતુ રિકી રિકેલ્ટને સુકાની બાવુમા (58) સાથે મળીને ઈનિંગને સંભાળી. બંને વચ્ચે બીજી વિકેટ માટે 127 રનની ભાગીદારી થઈ, જેમાં પહેલા રિકેલ્ટન અને પછી બાવુમાએ પોતપોતાની અડધી સદી પૂરી કરી.

# હેલ્મેટના કારણે કેરળ રણજી ફાઈનલમાં પહોંચ્યું!

## ડ્રામેટિક સેમિફાઈનલમાં ગુજરાતની એક વિકેટ બાકી અને 2 રન જોતા હતા ને ઓલઆઉટ થઈ ગઈ



(એજન્સી) અમદાવાદ/નાગપુર તા 22

આ વખતે રણજી ટ્રોફીની ફાઈનલ કેરળ અને વિદર્ભ વચ્ચે રમાશે. શુક્રવારે રમાયેલી સેમિફાઈનલમાં વિદર્ભે મુંબઈને 80 રનથી હરાવ્યું. જ્યારે, કેરળ પ્રથમ ઈનિંગમાં 2 રનની લીડ મેળવીને ગુજરાત સામે ફાઈનલમાં પહોંચ્યું.

રણજી ટ્રોફીની ફાઈનલ 26 ફેબ્રુઆરીએ વિદર્ભ અને કેરળ વચ્ચે રમાશે. મેચનું સ્થળ હજુ નક્કી થયું નથી. કેરળ પહેલી વાર રણજી ફાઈનલમાં પહોંચ્યું છે. સેમિફાઈનલ-1: વિદર્ભે મુંબઈને હરાવ્યું નાગપુરના VCA સ્ટેડિયમ ખાતે મેચના પાંચમા દિવસે મુંબઈએ 83/3 થી પોતાની ઈનિંગ ફરી શરૂ કરી. ટીમને 406 રનનો ટાર્ગેટ મળ્યો હતો. આકાશ આનંદ 39 રન બનાવીને આઉટ થયો હતો. તેના પછી, શિવમ દુબે ફક્ત 12 રન અને સૂર્યકુમાર યાદવ ફક્ત 23 રન બનાવી શક્યા.

ટીમે 115 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી શમ્સ મુલાનીએ 46, શાર્દૂલ ઠાકુરે 66, તનુષ કોટિયાને 26, મોહિત અવસ્થીએ 34 અને રોયસ્ટન દાસે 23 રન બનાવ્યા. ટીમ 325 રનમાં ઓલઆઉટ થઈ ગઈ અને વિદર્ભે 80 રનથી મેચ જીતી લીધી. વિદર્ભ તરફથી હર્ષ દુબેએ 5 વિકેટ લીધી. યશ ઠાકુર અને પાર્થ રેખાડેએ 2-2 વિકેટ લીધી. એક બેટર રનઆઉટ થયો. પ્રથમ ઈનિંગમાં વિદર્ભે 383 રન બનાવ્યા હતા અને મુંબઈએ 270 રન બનાવ્યા હતા. બીજા દાવમાં વિદર્ભે 292 રન બનાવ્યા અને મુંબઈને 406 રનનો ટાર્ગેટ આપ્યો હતો. સેમિફાઈનલ-2: ડ્રામેટિક સેમિફાઈનલમાં કેરળ પહેલી ઈનિંગ્સની લીડને આધારે ફાઈનલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પાંચમા દિવસે ગુજરાતે 429/7 ના સ્કોરથી પોતાનો દાવ ફરી શરૂ કર્યો. કેરળે પહેલી ઈનિંગમાં 457 રન બનાવ્યા હતા. ગુજરાત તરફથી જયમીત પટેલ 79 રન બનાવીને આઉટ થયો હતો.આદિત્ય સરવટે બોલિંગ કરવા આવ્યો. અર્જુને ઓવરનો ચોથો બોલને સ્વીપ શોટ રમ્યો અને બોલ શોર્ટ લેગ પર ઉભેલા ફિલ્ડરના હેલ્મેટ પર વાગ્યો. બોલ હેલ્મેટ પર વાગ્યો અને પહેલી સ્લિપમાં સચિન બેબીના હાથમાં ગયો, તેણે તેને પકડી લીધો અને ગુજરાત 455 રનમાં ઓલઆઉટ થઈ ગયું.વિદર્ભ ચોથી વખત રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોંચ્યું. આ ટીમ સતત બીજી વખત ફાઈનલ રમશે. ગયા વખતે તેઓ મુંબઈ સામે હાર્યા હતા. આ ટીમ 2017-18માં દિલ્હી અને 2018-19માં સૌરાષ્ટ્રને હરાવીને ચેમ્પિયન બની છે. બીજી તરફ, કેરળ પહેલીવાર રણજી ટ્રોફીની ફાઈનલ રમશેકેરળે પહેલી ઈનિંગમાં 2 રનની લીડ લીધી હતી, આ લીડના આધારે ટીમને વિજય મળ્યો. દિવસના અંત સુધીમાં, કેરળે બીજા દાવમાં 4 વિકેટ ગુમાવીને 114 રન બનાવી લીધા હતા. પ્રથમ ઈનિંગમાં, કેરળ તરફથી જલજ સક્સેના અને આદિત્ય સરવતે 4-4 વિકેટ લીધી. એમડી નિધેશ અને એન બેસિલે 1-1 વિકેટ લીધી.ગુજરાતને હવે પ્રથમ ઈનિંગમાં લીડ મેળવવા માટે 22 વધુ રનની જરૂર હતી. સિદ્ધાર્થ દેસાઈ 30 રન બનાવીને નવમી વિકેટ તરીકે આઉટ થયો. અર્જન નાગવાસવાલા અને પ્રિયજીતસિંહ જાડેજાએ 10 ઓવર સુધી બેટિંગ કરી અને સ્કોર 455 રન સુધી પહોંચાડ્યો.

# ચાલુ મેચમાં વિકેટ પડતા અમ્પાયર કરવા લાગ્યો ભાંગડા

(એજન્સી) નવી દિલ્હી તા 22

તમે સોશિયલ મીડિયા પર દરરોજ વિચિત્ર વીડિયો જોતા હશો. આમાંના ઘણા લોકો જાણી જોઈને વિચિત્ર કાર્યો કરે છે, અને તેમાંથી કેટલાક સાથે વિચિત્ર ઘટનાઓ બને છે. ફિલ્મનો દ્રશ્ય હોય કે નાટકનો, મીમ મેકર્સ હંમેશા મીમ્સ બનાવવા માટે સામગ્રી શોધે છે. પરંતુ આ વખતે ક્રિકેટના મેદાનમાંથી એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેને જોયા પછી તમને પણ હસીને પેટમાં દુખવા લાગશે. વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ જોકે ક્રિકેટ ખૂબ જ ગંભીર રમત છે જ્યાં ટીમો જીતવા માટે મહેનત કરતી હોય છે. અને જ્યારે ટીમ જીતી જાય તો ખેલાડી જશ્ન મનાવતા પણ જોવા મળતા હોય છે. પરંતુ હાલમાં એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અમ્પાયર ડાન્સ કરતા જોવા મળ્યો હતો. આમ તો અમ્પાયરનું કામ ક્રિકેટના મેદાનમાં ચોક્કસ નિર્ણય લેવાનું હોય છે.

# વિરાટ કોહલી કઈ કંપનીના શૂઝ પહેરે છે અને તેની કિંમત કેટલી છે?

## નેટવર્થ રૂ. 1000 કરોડને પાર કરી ગઈ છે



(એજન્સી) નવી દિલ્હી તા 22

વિરાટ કોહલી વર્લ્ડ ક્રિકેટનો સુપરસ્ટાર છે. તે શું પહેરે છે, તેનો ડાયેટ શું છે, દરેક વિશે જાણવા ફેન્સ એક્સાઈટેડ હોય છે. ખાસ કરીને બાળકો અને યુવા ખેલાડીઓને વધુ રસ હોય છે. જેમાં વિરાટ કોહલીના શૂઝ કેવા છે, કઈ બ્રાન્ડના શૂઝ વિરાટ કોહલી પહેરે છે, કેટલા મોંઘા હોય છે કોહલીના શૂઝ, આ સવાલ બધાના મનમાં હોય છે. આ તમામ સવાલોના જવાબ મળશે આ આર્ટિકલમાં. વિરાટ કોહલી હાલમાં દુનિયાનો સૌથી શ્રેષ્ઠ, અમીર અને લોકપ્રિય ખેલાડીઓ છે. તે પોતાનામાં એક બ્રાન્ડ બની ગયો છે અને તેની તે પોતાનામાં એક બ્રાન્ડ બની ગયો છે અને તેની નેટવર્થ રૂ. 1000 કરોડને પાર કરી ગઈ છે. ભારતીય ટીમનો પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી પુમા કંપનીના શૂઝ પહેરીને ક્રિકેટ મેદાન પર રમવા આવે છે. વિરાટ કોહલી ગ્લોબલ સ્પોર્ટ્સ કંપની Pumaનો બ્રાન્ડ એમ્બેસેડર છે અને તે જ કંપની તેના માટે શૂઝ બનાવે છે.

# કેવી છે દુબઈની પિચ, ક્રિકેટ પિચ કઈ રીતે તૈયાર થાય છે



(એજન્સી) દુબઈ તા 22

ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ની તેની બધી મેચ દુબઈના દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમશે. દુબઈની પિચ પર ભારતીય ક્રિકેટ ટીમે ચેમ્પિયન ટ્રોફીની પહેલી મેચ બાંગ્લાદેશ વિરુદ્ધ જીત મેળવી લીધી છે. હવે ભારતીય ટીમ રવિવારના રોજ પાકિસ્તાન સામે રમવા મેદાનમાં ઉતરશે. તો ચાલો જાણીએ કેવી છે દુબઈની પિચ. ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ ચૂકી છે. ટુર્નામેન્ટની પહેલી મેચ યજમાન પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી. બીજી મેચ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ હતી. હાઈબ્રિડ મોડને કારણે, ભારતીય ટીમની બધી મેચ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમના ચીફ ક્યુરેટર મેથ્યુ સેન્ડ્રી કહે છે કે તેમને આશા છે કે, પિચ સારી હશે. તેમણે કહ્યું કે ILT20 લીગના અંત પછી, પિચને લગભગ બે અઠવાડિયા સુધી રમતથી દૂર રાખવામાં આવી છે.તેઓ દુબઈની પરિસ્થિતિ અનુસાર ODI મેચો માટે સારી પિચો તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે. પિચ બનાવવા માટે, પહેલા ત્રણ ફૂટ ઊંડો ખાડો ખોદવામાં આવે છે અને પછી તેમાં પથ્થર અને કોલસાના ટુકડા નાખીને બનાવવામાં આવે છે. પાયાને મજબૂત બનાવવા માટે, એક ભારે રોલર સતત ચલાવવામાં આવે છે.કાળી અને લાલ માટી ઉપરાંત, કાંકરીનો ઉપયોગ તળિયાની સપાટીને મજબૂત બનાવવા માટે પણ થાય છે. ક્રિકેટની અવગણી શકાય નહીં. પિચનો પ્રકાર મેચનું પરિણામ નક્કી કરી શકે છે, જે રમતના ઘણા પાસાઓને અસર કરે છે. સામાન્ય રીતે, પિચને ચાર મુખ્ય પ્રકારોમાં વિભાજિત કરી શકાય છે. ફ્લેટ, હાર્ડ, રેન્ક ટર્નર અને ગ્રીન ટોપ. સપાટ અને સખત પિચો બેટ્સમેન અને બોલર બંને માટે યોગ્ય માનવામાં આવે છે. અમુક પિચો બેટ્સમેન અને બોલર બંનેને સારું પ્રદર્શન કરવાની તક પૂરી પાડે છે. સ્પિનરોને મદદ કરે છે તો કેટલીક પિચ ફાસ્ટ બોલરોને મદદ કરે છે. આ 22 યાર્ડ પિચ બનાવવાની જવાબદારી પિચ ક્યુરેટરની હોય છે,પિચ તૈયાર કરવા માટે, ક્યુરેટરે ICC અને સંબંધિત બોર્ડના નિયમો અને નિયમોનું પાલન કરવાનું હોય છે. પિચ ક્યુરેટર્સ ઘણીવાર પોતપોતાના દેશો અનુસાર તેમાં ફેરફાર કરતા રહે છે.
વિશ્વની કેટલીક શ્રેષ્ઠ પિચોને પિચ ક્યુરેટર્સના કારણે વિશ્વની શ્રેષ્ઠ પિચોમાંની એક માનવામાં આવે છે. ભારતમાં ક્રિકેટ પિચ ક્યુરેટરનું મહેનતાણું તેમના અનુભવ અને લાયકાત પર આધાર રાખે છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) તેના પિચ ક્યુરેટર્સને દર મહિને 35,000 થી 70,000 રૂપિયા સુધીનો પગાર આપે છે.
કાળી અને ઉપરાંત, કાંકરીનો ઉપયોગ તળિયાની સપાટીને મજબૂત બનાવવા માટે પણ થાય છે. ક્રિકેટની દુનિયામાં પિચનું મહત્વ અવગણી શકાય નહીં. પિચનો પ્રકાર મેચનું પરિણામ નક્કી કરી શકે છે, જે રમતના ઘણા પાસાઓને અસર કરે છે. સામાન્ય રીતે, પિચને ચાર મુખ્ય પ્રકારોમાં વિભાજિત કરી શકાય છે. ફ્લેટ, હાર્ડ, રેન્ક ટર્નર અને ગ્રીન ટોપ. સપાટ અને સખત પિચો બેટ્સમેન અને બોલર બંને માટે યોગ્ય માનવામાં આવે છે.

# 10 વર્ષ બાદ ફરી આ લીગમાં સાથે રમશે સચિન અને યુવરાજ

(એજન્સી) નવી દિલ્હી તા 22

22 ફેબ્રુઆરી એ ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં ભારત અને શ્રીલંકાની ટીમ ટકરાશે. આ મેચમાં સચિન તેંડુલકર અને યુવરાજ સિંહ જેવા ભારતીય દિગ્ગજ ખેલાડીઓ સાથે રમતા જોવા મળશે. આ અનુભવી ખેલાડીઓને ફરીથી બ્લુ જર્સી પહેરીને રમવાની તક મળશે. સચિન તેંડુલકરે ભારત માટે ફક્ત એક જ T20I મેચ રમી હતી. આનાથી ચાહકો માટે રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં તેને ફરી એકવાર ભારતીય જર્સીમાં જોવાનું રસપ્રદ બનશે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારત અને શ્રીલંકા વચ્ચેની મેચોએ ચાહકોનું ઘણું મનોરંજન કર્યું છે. સચિન તેંડુલકર અને યુવરાજ સિંહે અસંખ્ય યાદગાર મેચ રમી છે. તેંડુલકરે કહ્યું, 'છેલ્લા કેટલાક વર્ષોમાં શ્રીલંકા સામે રમતા અમે કેટલીક યાદગાર ક્ષણો જોઈ છે, જેમાંથી વર્ષ 2011નો વર્લ્ડકપ સૌથી ખાસ હતો. આટલા વર્ષો પછી મેદાન પર પાછા ફરવું અને એવી ટીમનો સામનો કરવો જે આપણી ક્રિકેટ સફરનો આટલો મોટો ભાગ રહી છે, તે તેને વધુ ખાસ બનાવે છે.'બીજી તરફ યુવરાજ સિંહે વર્ષ 2011 વર્લ્ડકપ અને વર્ષ 2007 T20 વર્લ્ડકપ સહિત ભારતની અનેક જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. યુવરાજે કહ્યું કે, 'હું ફરીથી ક્રિકેટમાં પાછા ફરવા રોમાંચક મેચ હોય છે અને હું જાણું છું કે ચાહકો પણ આપણા જેટલા જ ઉત્સાહિત છે. આંતરરાષ્ટ્રીય માસ્ટર્સ લીગનો ઉદ્દેશ્ય જૂની હરીફાઈઓને ફરીથી જાગૃત કરવાનો છે.

# દુબઈમાં કોનો હાથ રહેશે ઉપર ? જાણો ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટક્કરનો ઈતિહાસ

(એજન્સી) દુબઈ તા 22

રવિવારને 23 ફેબ્રુઆરીએ દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાનસામસામે ટકરાશે. ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી મેચ ભારત 6 વિકેટે જીતી ગયું છે, જ્યારે પાકિસ્તાન ન્યૂઝીલેન્ડ સામે હારી ગયું છે. દુબઈમાં અત્યાર સુધીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ ટક્કરમાં કોણે બાજી મારી છે, જાણો આ અહેવાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની ટક્કર, આવતીકાલ 23 ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ (DICS) ખાતે થવાની છે. મેચનું પરિણામ શું આવશે તે તો સમય જ કહેશે, પરંતુ જો આપણે દુબઈમાં રમાયેલી ODIમાં બંને ટીમોના હેડ ટુ હેડ રેકોર્ડ પર નજર કરીએ તો ટીમ




ઈન્ડિયા પાકિસ્તાનને સંપૂર્ણ રીતે પાછળ છોડી દે છે. 50 ઓવરના ફોર્મેટમાં બંને ટીમો આ મેદાન પર બે વખત આમને વનડેમાં ત્રીજી વખત આમને-સામને થશે. ભારત અને પાકિસ્તાન 2018 એશિયા કપ દરમિયાન આ મેદાન પર ODIમાં પ્રથમ વખત ટકરાયા હતા. બંને ટીમો વચ્ચે ગ્રુપ સ્ટેજની મેચ 19 સપ્ટેમ્બર 2018ના રોજ રમાઈ હતી. ત્યારબાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમ 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.બાબર આઝમે 47 રન અને શોએબ મલિકે 43 રન બનાવ્યા હતા. ભુવનેશ્વર કુમાર અને કેદાર જાધવે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહના ખાતામાં બે વિકેટ આવી. કુલદીપ યાદવે એક વિકેટ લીધી હતી. ભારતે 29 ઓવરમાં 163 રનના લક્ષ્યનો પીછો કર્યો હતો. રોહિત શર્માએ 39 બોલમાં 52 રન અને શિખર ધવને 54 બોલમાં 46 રનની ઈનિંગ રમી હતી. અંબાતી રાયડુ અને દિનેશ કાર્તિકે અણનમ 31-31 રન બનાવ્યા હતા.પ્રથમ મેચના માત્ર ચાર દિવસ પછી, ભારત અને પાકિસ્તાન ફરી એકવાર આ જ મેદાન પર સામસામે હતા. બીજી વખત આ બંને કટ્ટર હરીફો 23 સપ્ટેમ્બરે ટકરાયા હતા. સુપર 4માં પણ ફરી એકવાર પાકિસ્તાન પ્રથમ બેટિંગ કરીને ભારત સામે મોટો સ્કોર કરવામાં નિષ્ફળ રહ્યું. પાકિસ્તાને 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને માત્ર 237 રન બનાવ્યા હતા. શોએબ મલિકે સૌથી વધુ 78 રન બનાવ્યા હતા.

# કોઈ ગેરેન્ટી નહીં...' ભારત-પાકિસ્તાનની હાઈવોલ્ટેજ મેચ અંગે યુવરાજનું નિવેદન ચર્ચામાં

(એજન્સી) નવી દિલ્હી તા 22

ભારત ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં રવિવારે 23 ફેબ્રુઆરીના રોજ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં પાકિસ્તાન સામે ટકરાશે. આંતરરાષ્ટ્રીય સ્તરે બંને દેશો વચ્ચે વારંવાર થતી લડાઈઓને કારણે આ મેચની ખૂબ ચર્ચા થઈ રહી છે. બંને ટીમ છેલ્લી વખત જૂનમાં T20 વર્લ્ડ કપ 2024ની મેચમાં ટકરાઈ હતી. ભારતે આ રોમાંચક મેચમાં પાકિસ્તાનને છ રને હરાવી દીધું હતું. ચેમ્પિયન્સ ટ્રોફીની આ હાઈવોલ્ટેજ મેચ પહેલા ભારતના દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે મોટું નિવેદન આપ્યું છે. યુવરાજ સિંહ એ ક્રિકેટરોમાંથી એક છે જે ભારત-પાકિસ્તાન વચ્ચે રમાયેલી અનેક રોમાંચક મેચનો હિસ્સો રહ્યો છે. ભલે તે T20 વર્લ્ડ કપ 2007ની ફાઈલન હોય, વર્લ્ડ કપ 2011ની સેમી ફાઈનલ હોય અથવા ચેમ્પિયન્સ ટ્રોફી 2017ની ફાઈનલ હોય. દરેક ઈવેન્ટમાં આ ઓલરાઉન્ડર સૌથી આગળ રહ્યો છે. હરીફાઈ વિશે વાત કરતાં તેણે કહ્યું કે, 'જ્યારે બંને દેશો ટકરાઈ છે ત્યારે કોઈ ગેરેન્ટી નહીં હોય, દરેક મેચ ફાઈનલ જેવી હોય છે.' યુવરાજ સિંહે એક શોમાં કહ્યું કે, 'કોઈ પણ ફોર્મેટ હોય, ભારત-પાકિસ્તાનનો મુકાબલો હંમેશા ફાઈનલ જેવો લાગે છે - પછી ભલે તે ગ્રુપ મેચ હોય, સેમિફાઈનલ હોય કે ચેમ્પિયનશિપ હોય. દબાણ ખૂબ વધારે હોય છે. તમે હારવા નથી માગતા કારણ કે તેનાથી ટુર્નામેન્ટ જેવું વાતાવરણ બને છે. જીતવાથી ગતિ અને આત્મવિશ્વાસ વધે છે.


## વિઝા, જન્મજાત નાગરિકતા; 16 નિર્ણયથી દરેક દેશના જીવ અધ્ધરતાલ, ભારતીયોને સાંકળોમાં બાંધીને ડિપોર્ટ કર્યા

# ટ્રમ્પે 30 દિવસમાં આખા વિશ્વમાં ખળભળાટ મચાવ્યો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 22

અમેરિકામાં ટ્રમ્પ સરકારનો એક મહિનો પૂર્ણ થયો છે. 20 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ બનતાની સાથે જ ટ્રમ્પે 100થી વધુ આદેશો પર હસ્તાક્ષર કર્યા. આ પોતે જ ઈતિહાસ હતો. આ સાથે તેમણે બાઈડનના 78 આદેશોને પલટ્યા હતા. ટ્રમ્પે આગામી 30 દિવસોમાં આવા ઘણા નિર્ણયો લેવાનું ચાલુ રાખ્યું. તેમણે સમગ્ર વિશ્વમાં પારસ્પરિક ટેરિફ લાદવાનો નિર્ણય લીધો. તે જ સમયે, ભારત સહિત ઘણા દેશોમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને હાથકડી-સાંકળોમાં દેશનિકાલ કરવાનું શરૂ થયું. સ્ટોરીમાં ટ્રમ્પના 16 મહત્વપૂર્ણ નિર્ણયો વિશે જાણીશું જેનો ભારત સહિત વિશ્વ પર પ્રભાવ પડ્યો... શપથ લીધાના માત્ર 6 કલાકમાં જ બાઈડનના 78 નિર્ણયો પલટી દીધા. આમાં કેપિટોલ રમખાણોમાં દોષિતોને માફ કરવા, અમેરિકાને વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ના સભ્યપદમાંથી પાછું ખેંચવા અને દવાઓના ભાવ ઘટાડવાના આદેશોનો સમાવેશ થાય છે. 2. જન્મજાત નાગરિકતા કાયદાને નાબૂદ કરવાનો આદેશ આપ્યો

ટ્રમ્પે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા અથવા કામચલાઉ વિઝા પર રહેતા માતાપિતાના બાળકોને જન્મજાત નાગરિકતાનો અધિકાર નકારવાનો આદેશ આપ્યો. તેમના નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. જોકે, ટ્રમ્પના આદેશમાં જણાવાયું છે કે તે ફક્ત આ આદેશની તારીખથી 30 દિવસ પછી અમેરિકામાં જન્મેલા લોકો પર જ લાગુ પડશે. આનો અર્થ એ થયો કે અમેરિકામાં ભારતીયોની આવનારી પેઢીઓને તેની અસર થશે. ટ્રમ્પે 'ગલ્ફ ઓફ મેક્સિકો'નું નામ બદલીને 'ગલ્ફ ઓફ અમેરિકા ' કરવાની જાહેરાત કરી. હકીકતમાં, ટ્રમ્પ માને છે કે આ ક્ષેત્રમાં અમેરિકાની હાજરી વધુ છે. આ વિસ્તારમાં અમેરિકા સૌથી વધુ પ્રવૃત્તિ કરે છે, તેથી આ જગ્યા અમેરિકાની છે. ટ્રમ્પે શરણાર્થી પુનર્વસન કાર્યક્રમ રદ કર્યો. આના કારણે હજારો શરણાર્થીઓ વિવિધ દેશોમાં ફસાયા. આ શરણાર્થીઓને અમેરિકામાં આશ્રય માટે મંજૂરી આપવામાં આવી હતી. 10માંથી 7 H-1B વિઝા ફક્ત ભારતીયોને જ આપવામાં આવે છે. અમેરિકા દર વર્ષે 65,000 લોકોને H-1B વિઝા આપે છે. તેની સમય મર્યાદા 3 વર્ષ છે. જો જરૂર પડે તો, તેને બીજા 3 વર્ષ માટે લંબાવી શકાય છે.ટ્રમ્પ વહીવટીતંત્રે ઈઝરાયલ, ઈજિપ્ત અને ખાદ્ય કાર્યક્રમો સિવાયના વિદેશી દેશોને આપવામાં આવતી તમામ સહાય 90 દિવસ માટે બંધ કરી દીધી. આ આદેશ બાદ વિશ્વભરમાં આરોગ્ય, શિક્ષણ, વિકાસ અને રોજગાર સંબંધિત ઘણા પ્રોજેક્ટ્સ બંધ થવાનો ભય વધી ગયો છે.



### H-1B વિઝા બંધ ન કરવાની જાહેરાત કરી

ટ્રમ્પે H1B વિઝા બંધ ન કરવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે અમેરિકાને જે પ્રતિભાની જરૂર છે તે ફક્ત આ વિઝા કાર્યક્રમ દ્વારા જ મેળવી શકાય છે. અમેરિકાને પ્રતિભાની જરૂર છે. અમને ફક્ત એન્જિનિયરોની જ જરૂર નથી, પરંતુ અન્ય નોકરીઓ માટે પણ શ્રેષ્ઠ વ્યાવસાયિકોની જરૂર છે. તેઓ અમેરિકનોને તાલીમ પણ આપશે. ટ્રમ્પે રાષ્ટ્રપતિ બનતાની સાથે જ જાહેરાત કરી કે દેશમાં ફક્ત બે જ જાતિ હશે- પુરુષ અને સ્ત્રી. ટ્રમ્પ ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રાન્સજેન્ડર સમુદાય વિરુદ્ધ નિવેદનો આપી રહ્યા હતા. રાષ્ટ્રપતિ બન્યાના ચોથા દિવસે તેમણે જાહેરાત કરી કે હવેથી ટ્રાન્સ-વુમનને મહિલા જેલમાં રાખવામાં આવશે નહીં. તેમને પુરુષોની જેલમાં શિફ્ટ કરાશે.ટ્રમ્પે ગાઝામાંથી પેલેસ્ટિનિયનોને હટાવીને ઈજિપ્ત, જોર્ડન અને આરબ દેશોમાં સ્થાયી કરવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે કહ્યું કે ગાઝામાં લગભગ બધું જ નાશ પામ્યું છે.

## અમેરિકાનો મોટો નિર્ણય, ટ્રમ્પ સામે ઝેલેન્સ્કીએ નમતું જોખ્યું

# રશિયા-યુક્રેન યુદ્ધ હવે સમાપ્તિ તરફ?

(એજન્સી) અમેરિકા તા 22

એક સમૃદ્ધ દેશ કેવી રીતે બરબાદ થઈ શકે છે તેનું નવીનતમ ઉદાહરણ યુક્રેન છે. સોવિયેત સંઘથી અલગ થયા પછી પણ યુક્રેને ઘણી પ્રગતિ કરી. પરંતુ ત્યારબાદ ઝેલેન્સકી યુક્રેનના રાષ્ટ્રપતિ બન્યા અને તેમનો અમેરિકા તરફનો ઝુકાવ વધવા લાગ્યો. જેથી રશિયાથી અંતર વધ્યું અને યુદ્ધની સ્થિતિ સર્જાઈ.

યુક્રેન બધી બાજુથી હારી ગયું ઝેલેન્સકી લડતા રહ્યા અને દેશના લોકોને લડવા માટે પ્રેરણા આપતા રહ્યા. અમેરિકા અને નાટો દેશોના પડદા પાછળના સહયોગને કારણે રશિયા બે દિવસમાં જીતી જશે તેવું માનવામાં આવતું હતું, પરંતુ યુદ્ધ ત્રણ વર્ષ સુધી ખેંચાઈ ગયું અને યુક્રેન બરબાદ થઈ ગયું.

એવામાં તાજેતરમાં અમેરિકામાં સત્તા પરિવર્તન થતા યુક્રેનની સંમતિ વિના રશિયા અને અમેરિકાએ સાઉદી અરેબિયામાં ડીલની વાત કરી. જેમાં ઝેલેન્સકીને આમંત્રણ પણ આપવામાં આવ્યું ન હતું. કિવની પ્રાદેશિક અખંડિતતાનો ઉલ્લેખ કર્યા વિના યુદ્ધને વહેકી તકે સમાપ્ત કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના કારણે આ બાબતે અમેરિકાને ખૂબ જ વખોડ્યું હતું. તેમજ ટ્રમ્પને આ અંગે ચેતવણી પણ આપી દીધી. યુરોપીયન દેશોને પોતાની સાથે લઈને યુદ્ધ લડવાની કોશિશ પણ કરી, પરંતુ આ બાબતેમાં સ્પષ્ટ થઈ ગયું કે રશિયા યુક્રેન યુધ્ધ હવે સમાપ્ત થવા જઈ રહ્યું છે અને આમાં ફાયદો માત્ર રશિયાનો જ છે.



**અમેરિકાએ યુએનમાં પ્રસ્તાવ રજૂ કર્યો :** રાજદ્વારી સૂત્રોએ એએફપીને જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સે શુક્રવારે યુનાઈટેડ નેશન્સ (યુએન) ખાતે યુક્રેન સંઘર્ષ પર એક ઠરાવ રજૂ કર્યો હતો જેમાં રશિયાના કબજા હેઠળના કિવ ક્ષેત્રનો કોઈ ઉલ્લેખ નથી. AFP દ્વારા જોવામાં આવેલ વોશિંગ્ટન ઠરાવ, કિવની પ્રાદેશિક અખંડિતતાનો ઉલ્લેખ કર્યા વિના યુદ્ધને વહેકી તકે સમાપ્ત કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના કારણે ઝેલેન્સકી ખૂબ જ ભડક્યા હતા અને આ બાબતે અમેરિકાને ખૂબ જ વખોડ્યું હતું. તેમજ ટ્રમ્પને આ અંગે ચેતવણી પણ આપી દીધી. યુરોપીયન દેશોને પોતાની સાથે લઈને યુદ્ધ લડવાની કોશિશ પણ કરી, પરંતુ આ બાબતેમાં સ્પષ્ટ થઈ ગયું કે રશિયા યુક્રેન યુધ્ધ હવે સમાપ્ત થવા જઈ રહ્યું છે અને આમાં ફાયદો માત્ર રશિયાનો જ છે.

**ઝેલેન્સકી ટ્રમ્પ સાથે સંમત થયા :** બીજી બાજુ, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ શુક્રવારે વોશિંગ્ટન કિવ પર ખનિજ સંસાધનોની ઍક્સેસ આપવા માટેના સોદા પર હસ્તાક્ષર કરતા કહ્યું હતું કે, 'હું યોગ્ય પરિણામની આશા રાખું છું.'

**ટ્રમ્પે ઝેલેન્સકી-પુતિન પર આ વાત કહી :** અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે મોસ્કો અને કિવ વચ્ચેના યુદ્ધને ખતમ કરવા માટે યુક્રેનના ઝેલેન્સકી અને રશિયાના વ્લાદિમીર પુતિનને સાથે આવવું પડશે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારોને કહ્યું, 'મને લાગે છે કે રાષ્ટ્રપતિ પુતિન અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ સાથે આવવું પડશે, કારણ કે અમે લાખો લોકોનું મારવાનું બંધ કરવા માંગીએ છીએ.' કિવની પ્રાદેશિક અખંડિતતાનો ઉલ્લેખ કર્યા વિના યુદ્ધને વહેકી તકે સમાપ્ત કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના કારણે ઝેલેન્સકી ખૂબ જ ભડક્યા હતા અને આ બાબતે અમેરિકાને ખૂબ જ વખોડ્યું હતું. તેમજ ટ્રમ્પને આ અંગે ચેતવણી પણ આપી દીધી. યુરોપીયન દેશોને પોતાની સાથે લઈને યુદ્ધ લડવાની કોશિશ પણ કરી.

# મારી 150 ટકા ટેરિફ લાદવાની ધમકી

# BRICS પડી ભાંગ્યું: ડોનાલ્ડ ટ્રમ્પની શેખી



(એજન્સી) અમેરિકા તા 22

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે યુએસ ડોલરના પ્રભુત્વને પડકારવાનો પ્રયાસ કરનાર કોઈપણ રાષ્ટ્ર પર 150 ટકા ટેરિફ લાદવાની તેમની તાજેતરની ધમકીને કારણે બ્રિક્સ તૂટી પડ્યું છે. ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે બ્રિક્સ વૈકલ્પિક ચલણ રચીને ડોલરનું અવમૂલ્યન કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેના પ્રતિસાદમાં તેમણે ચેતવણી આપી હતી કે આવું કોઈપણ પગલું ગંભીર આર્થિક દંડમાં પરિણમશે. ટ્રમ્પે આ પરિસ્થિતિને અભૂતપૂર્વ ફેરફાર તરીકે વર્ણવીને દાવો કર્યો કે તેમની ટેરિફ ચેતવણીને કારણે બ્રિક્સ રાષ્ટ્રોએ તેમની યોજના પડતી મુકી છે. તેમણે જણાવ્યું કે હવે બ્રિક્સ તરફથી કંઈ સંભળાતુ નથી માટે કહી શકાય કે આ સંગઠન હવે નબળુ પડી ગયું છે. 2009માં સ્થપાયેલા બ્રિક્સમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન અને યુએઈ સહિત દસ રાષ્ટ્રો છે. આ બ્લોક અમેરિકી ડોલર પર મદાર ઘટાડવા આંતરરાષ્ટ્રીય વેપાર માટે વિકલ્પ શોધી રહ્યું હતું. જો કે ટ્રમ્પ લાંબા સમયથી આવા પ્રયાસોનો વિરોધ કરી રહ્યા હતા અને અગાઉ તેમણે સ્વતંત્ર ચલણનો વિકલ્પ પસંદ કરવામાં આવશે તો વધુ ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ગયા અઠવાડિયા ટ્રમ્પે પોતાના વલણનો પુનરોચ્ચાર કર્યો અને જણાવ્યું કે બ્રિક્સ સંગઠન એક ખરાબ હેતુ માટે રચાયું હોવાની ટીકા કરી. ટ્રમ્પે દાવો કર્યો કે અનેક સભ્ય દેશો હવે આ સંગઠનને અમેરિકાના આર્થિક બદલાના ભયે ખુલ્લેઆમ સમર્થન આપતા અચકાઈ રહ્યા છે. ટ્રમ્પ આટલું કહીને અટક્યા નહિ અને તેમણે દાવો કર્યો કે હવે બ્રિક્સ સંગઠન તેમની નીતિઓને કારણે સમાપ્ત થઈ ચુક્યું છે. જો કે ટ્રમ્પના દાવા છતાં બ્રિક્સ દેશો તરફથી તેમના સ્ટેટસ અથવા આંતરિક વિભાજન બાબતે કોઈ સત્તાવાર સ્પષ્ટીકરણ કરવામાં નથી આવ્યું.

# ટ્રમ્પે ફરી ભારતને ધમકી આપી, કહ્યું- જેટલો ટેરિફ અમારા પર છે એટલો જ તમારા પર લાગશે

(એજન્સી) અમેરિકા તા 22

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ચૂંટણી વચન મુજબ મેક્સિકો, કેનેડા અને ચીન પર વધારાના ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. હવે તેમણે ભારત પર ટેરિફ લાદવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, 'ભારત અમારા પર ટેરિફ લાદે છે, અમે તેમના પર ટેરિફ લાદીશું.' નોંધનીય છે કે, અગાઉ તેમણે ભારતને ચેતવણી આપી હતી. અમેરિકાની આક્રમક ટ્રેડ પોલિસી ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની ટેરિફ પોલિસીમાં ફેરફારો કરી રહ્યા છે. આક્રમક ટ્રેડ પોલિસી અપનાવતા ટ્રમ્પે ઘણી વાર કહ્યું છે કે, 'અમે કોઈપણ દેશ પર એ જ ટેરિફ લાદશે જે દેશ અમેરિકન માલ પર લાદે છે.' ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ મેક્સિકો, કેનેડા અને ચીન પર ટેરિફ લાદ્યા હતા. પરંતુ તેમણે મેક્સિકો અને કેનેડાને એક મહિનાનો સમય આપ્યો હતો. આ એક મહિનાનો સમયગાળો પૂરો થવાનો છે. ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી વચ્ચે ટેરિફ અંગે ચર્ચા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે ગયા હતા. ત્યારબાદ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી વચ્ચે ટેરિફ અંગે ચર્ચા થઈ. ભારતે અમેરિકાથી આયાત થતી અમેરિકન વ્હિસ્કી જેવી પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડી દીધો હતો. ભારતે સુપર અમેરિકન બાઈક હાર્લી ડેવિડસન પર પણ ટેરિફ ઘટાડ્યો હતો. પછી એવું લાગતું હતું કે ટ્રમ્પની કડક ટેરિફ નીતિથી ભારતને રાહત મળશે. પરંતુ આવું થતું હોય તેવું લાગતું નથી. ટ્રમ્પે ફરી એકવાર ટેરિફનો મુદ્દો



ઉઠાવ્યો છે. એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, 'અમે ટૂંક સમયમાં પારસ્પરિક ટેરિફ લગાવવાના છીએ. જે અમારી પાસેથી ચાર્જ વસૂલ કરે છે, અમે તેમની પાસેથી ચાર્જ વસૂલ કરીશું. પછી ભલે તે કંપની હોય કે દેશ, જેમ કે ચીન અને ભારત. અમે ન્યાયી બનવા માંગીએ છીએ, તેથી યુનાઈટેડ સ્ટેટ્સ પણ એ જ ટેરિફ લાદશે જે ભારત અને ચીન જેવા અન્ય દેશો અમેરિકન માલ પર લાદે છે.' અમેરિકન પ્રમુખે એ પણ ખુલાસો કર્યો કે, 'મારા પહેલા કાર્યકાળ દરમિયાન જ ભારત પર પારસ્પરિક ટેરિફ લાદવા માંગતા હતા, પરંતુ ત્યાં સુધીમાં કોરોના રોગચાળો આવી ગયો.'

## અશ્વેત જનરલે 2020માં બ્લેક લાઈવ્સ મેટરને સપોર્ટ કર્યો હતો; 5 વધુ રક્ષા અધિકારીઓને હટાવ્યા

# ટ્રમ્પે એરફોર્સ ચીફ ઓફિસર બ્રાઉનને પદથી હટાવ્યા

(એજન્સી) અમેરિકા તા 22

શુક્રવારે રાત્રે ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક દેશના ટોચના લશ્કરી અધિકારીને હટાવી દીધા. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ યુએસ આર્મીના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન સીક્યુ બ્રાઉન જુનિયર સહિત રક્ષા વિભાગના છ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે. જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ અમેરિકામાં સૌથી વરિષ્ઠ અધિકારી છે. કાયદા મુજબ, તેઓ રાષ્ટ્રપતિના મુખ્ય લશ્કરી સલાહકાર છે. સામાન્ય રીતે ચેરમેનનો કાર્યકાળ ચાર વર્ષનો હોય છે પરંતુ CQ ફક્ત 16 મહિના માટે જ પદ પર રહી શક્યા છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં બ્રાઉનના સ્થાને નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ ડેન રાઈઝિન કેઈનના નામાંકનની જાહેરાત કરી. કેન ભૂતપૂર્વ F-16 ફાઈટર પાઈલટ છે અને તાજેતરમાં સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) ખાતે લશ્કરી બાબતોના સહ-નિર્દેશક તરીકે સેવા આપી છે. સી



ક્યૂએ 2020માં એક અશ્વેત વ્યક્તિ જોર્જ ફ્લોયડની હત્યા બાદ શરૂ થયેલાં બ્લેક લાઈવ્સ મેટર આંદોલનનું સાર્વજનિક રીતે સમર્થન કર્યું હતું. ત્યારે ટ્રમ્પ રાષ્ટ્રપતિના પદ પર હતા. ટ્રમ્પ 2020ની ચૂંટણી હારી ગયા હતા જેની પાછળ આ આંદોલનની મોટી ભૂમિકા હોવાનું માનવામાં આવે છે. CQ ઉપરાંત પેન્ટાગોનના 5 વધુ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે. આમાં નૌકાદળનો હવાલો સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી એડમિરલ લિસા ફ્રેન્ચેટ્ટી, વાયુસેનાના ડેપ્યુટી ચીફ જેમ્સ સ્લાઈફ ઉપરાંત આર્મી, વાયુસેના અને નૌકાદળના ત્રણ ટોચના અધિકારીઓનો સમાવેશ થાય છે. હાલમાં તેમના નામ જાહેર કરવામાં આવ્યા નથી. સીક્યુ અમેરિકન લશ્કરી ઈતિહાસમાં આ પદ પર પહોંચનારા બીજા અશ્વેત અધિકારી હતા. તે 4 સ્ટાર ફાઈટર છે. તેમના સ્થાને, નિવૃત્ત 3-સ્ટાર વાયુસેના જનરલ ડેન કેનને આ જવાબદારી સોંપવામાં આવી છે. ટ્રમ્પ અને ડેન કેઈન 2018માં ઈરાકમાં મળ્યા હતા. ત્યારે કેને કહ્યું હતું કે તે ટ્રમ્પ માટે પોતાનો જીવ પણ આપી શકે છે. ટ્રમ્પ આનાથી ખૂબ ખુશ હતા. ટ્રમ્પે બાદમાં આરોપ લગાવ્યો હતો કે બાઈડને તેમના કારણે ડેન કેનને પ્રમોટ કર્યા ન હતા. તે 4 સ્ટાર અધિકારી બનવા માટે સક્ષમ હતા.

# ત્રીજું વિશ્વયુદ્ધ દૂર નથી, અત્યારે મારા લીધે જ અટક્યું છે: ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી

(એજન્સી) અમેરિકા તા 22

અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારી હતી કે ત્રીજું વિશ્વ યુદ્ધ બહુ દૂર નથી. સાથે તેમ પણ કહ્યું કે તેઓનાં નેતૃત્વ નીચે આવું કશું બની શકશે નહીં. ફ્લોરિડાનાં માયામીમાં એફઆઈઆઈ પ્રાયોરિટી સમિટમાં સંબોધન કરતાં તેઓએ કહ્યું હતું કે જો બાયડેન વહીવટી તંત્ર ચાલુ જ રહ્યું હોત તો વિશ્વ અત્યારે યુદ્ધમાં હોમાઈ ગયું હોત, પરંતુ તેમનાં નેતૃત્વ નીચે આવું બનશે નહીં. તેમનું નેતૃત્વ યુદ્ધને અટકાવી દેશે. તેઓએ કહ્યું : ત્રીજાં વિશ્વ યુદ્ધથી કોઈને લાભ થવાનો નથી, પરંતુ તમો તેથી બહુ દૂર નથી, તે હું તમને અત્યારે સ્પષ્ટ રીતે કહું છું, કે તમે તેથી બહુ દૂર નથી. જો તમો તે વહીવટીતંત્રમાં રહ્યા જ હોત તો ત્રીજાં વિશ્વ યુદ્ધમાં હોમાઈ જ ગયા હોત પરંતુ તે તેમનાં નેતૃત્વ નીચે થવાનું નથી. અમેરિકાના પ્રમુખે ફરી એકવાર કહ્યું કે અમેરિકા તે યુદ્ધમાં જોડાશે નહીં, પરંતુ તે યુદ્ધ પછી આપણે બળવત્તર અને વધુ સમર્થ બની રહીશું. જો યુદ્ધ થવાનું જ હોય તો કોઈ પણ આપની નજીક આવી નહીં શકે છતાં આપણે માનવું ન જોઈએ કે તે (વિશ્વયુદ્ધ) થશે જ.

તેઓએ એલન મસ્કનાં ઠ પ્લેટફોર્મ પરનાં પોસ્ટ ટાંક્યું હતું અને કહ્યું હતું : એલન મસ્ક : યુક્રેન અંગે પ્રમુખની અંતર ચેતના યોગ્ય જ છે. તે ખરેખર દુ:ખદ છે. અનેક માતા-પિતાએ તેઓના પુત્રો ગુમાવ્યા છે, અનેક બાળકોએ તેઓના પિતા ગુમાવ્યા છે. પ્રમુખ ટ્રમ્પે યુક્રેન યુદ્ધ માટે યુક્રેનના પ્રમુખ વાલોદોમીર ઝેલેન્સ્કી ઉપર નિશાન તાક્યું હતું. અને કહ્યું હતું કે તેમણે તો યુરોપના દેશો કરતાં ૨૦૦ બિલિયન ડૉલર્સ વધુ વેડફાવી દીધા છે. આ સાથે તેઓએ ઝેલેન્સ્કીને ચૂંટણી સિવાય સત્તા પર બેસી રહેલા ઝેલેન્સ્કીને સરમુખત્યાર કહેવા સાથે તેમની ઉપર જોરદાર પ્રહારો કરતાં કહ્યું હતું કે જે યુદ્ધ જીતી શકાય તેમ જ ન હતું તે માટે તેમણે અમેરિકાના ટેક્ષ પેયર્સના ૩૫૦ બિલિયન ડોલર્સ વેડફાવી નાખ્યા છે.

# એક મહિલા સાથેનુ વેર અને બદલો લેવા માટે એલ્મન સ્ટ્રોજરે કરી નાખી ક્રાંતિકારી શોધ

(એજન્સી) અમેરિકા તા 22

જો આપણને પૂછવામાં આવે કે ટેલિફોનની શોધ કોણે કરી તો તરત જ જવાબ મળે કે એલેકઝાંડર ગ્રેહામ બેલે પરંતુ બહુ ઓછા લોકો જાણતા હશે કે ગ્રેહામ બેલ દ્વારા જે ટેલિફોનની શોધ કરવામાં આવી હતી તે માત્ર દૂર સંચાર માટેનું સાધન હતુ અને તેમા ફોન કનેક્ટ કરવા માટે ઓપરેટરની જરૂર પડતી હતી. ત્યારે ઓપરેટરની જ છૂટ્ટી કરી દેતા અને ટેલિફોન ક્ષેત્રે નવી ક્રાંતિ લાવનારા ઓટોમેટિક ટેલિફોન એક્સચેન્જની શોધ કરનાર શોધક વિશે બહુ ઓછા લોકો જાણતા હશે. તે એક બહુ સાધારણ વ્યક્તિ હતો અને તેની પાસે કોઈ જ એન્જિનિયરીંગ ડિગ્રી પણ ન હતી. તેમણે માત્ર પોતાના ગ્રાહકોની ચોરી કરી જતી ટેલિફોન ઓપરેટર સાથે બદલો લેવા માટે એક એવુ ઉપકરણ વિકસાવ્યુ કે જે સંચારના ક્ષેત્રે આગળ જતા મોટી ક્રાંતિ લાવ્યુ.

એક મહિલા સાથેનુ વેર અને બદલો લેવા માટે એલ્મન સ્ટ્રોજરે કરી નાખી ક્રાંતિકારી શોધ, ટેલિફોન ક્ષેત્રે વિશ્વને આપી આ મોટી ભેટ 18મી સદીના અંતમાં, જ્યારે ટેલિફોનની સેવા હજી પ્રારંભિક અવસ્થામાં હતી, ત્યારે કોલ જોડવા માટે ઓપરેટરોની જરૂર પડતી હતી. જ્યારે કોઈ ટેલિફોનથી ડાયલ કરતું, ત્યારે તે ઓપરેટર સાથે જોડાતો અને ઓપરેટર જ તે કોલને અનુરૂપ નંબર સાથે કનેક્ટ કરી આપતા હતા. આ પ્રક્રિયામાં ઓપરેટર પોતાની ઈચ્છા મુજબ કોલને અન્યત્ર પણ મોકલી શકતા. એ સમયે એલ્મન સ્ટ્રોજર (Almon Strowger) એક સામાન્ય ફ્યુનરલ ડાયરેક્ટર ( મૃત લોકોના અંતિમ સંસ્કારની વિધિનો વ્યવસ્થાપક) હતા. તેમનો વ્યવસાય સુચારૂ રીતે ચાલી રહ્યો હતો, પરંતુ એક દિવસ તેમને લાગ્યું કે તેમના ધંધામાં ખોટ આવી રહી છે. તેમને ગ્રાહકો મળવાનું ઓછુ થયુ છે. જ્યારે તેમણે તપાસ કરી, ત્યારે તેમને ખબર પડી કે ટેલિફોન ઓપરેટર મહિલા તેમના ગ્રાહકોના કોલ તેના પતિને મોકલી દે છે જે શહેરમાં એલ્મન સ્ટ્રોજરનો પ્રતિસ્પર્ધી છે.

ટેલિફોન ઓપરેટર સાથેનો સંઘર્ષ એલ્મન સ્ટ્રોજરે એક મહિલા સાથે બદલો લેવાના ઉદ્દેશ્યથી એક એવા ઉપરકરણની શોધ કરી કે જેનાથી સમગ્ર દુનિયા બદલાઈ ગઈ. એલ્મન એસ્ટ્રોજર અમેરિકામાં એક ફ્યુનરલ ડાયરેક્ટર હતા. જે મૃત લોકોના અંતિમ સંસ્કાર કરાવતા હતા. પરંતુ એકાએક તેના ગ્રાહક ઘટવા લાગ્યા તો અને તેના પ્રતિસ્પર્ધીના કસ્ટમર અચાનક વધવા લાગ્યા. આવુ થવા પાછળનું કારણ હતુ શહેરની નવી ટેલિફોન ઓપરેટર.

# ઈન્દિરા ગાંધીને 'દાદી' કહેવા મુદ્દે રાજસ્થાનમાં વિવાદ

## કોંગ્રેસ ધારાસભ્યોએ વિધાનસભામાં વિતાવી રાત, ધારાસભ્યોને સમગ્ર બજેટ સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

રાજસ્થાન વિધાનસભામાં શુક્રવારે જોરદાર હંગામો થયો હતો. રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી અવિનાશ ગેહલોત દ્વારા પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી પર કરવામાં આવેલી ટિપ્પણીને લઈને ભારે હોબાળો થયો હતો. હંગામાને કારણે કોંગ્રેસના 6 ધારાસભ્યોને બજેટ સત્રના બાકીના સમયગાળા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ધારાસભ્યોને સસ્પેન્ડ કરવાના વિરોધમાં કોંગ્રેસના ધારાસભ્યોએ રાજસ્થાન વિધાનસભામાં ધાબળા, ગાદલા, ચાદર અને ગાદલા નાખીને વિધાનસભાને પોતાનું ઘર બનાવીને આખી રાત વિતાવી હતી. તમામ ધારાસભ્યોની માંગ છે કે સસ્પેન્શન પાછું ખેંચવામાં આવે.

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી અવિનાશ ગેહલોતે ઈન્દિરા ગાંધીને લઈને આપેલા નિવેદનથી હોબાળો શરૂ થયો હતો. મંત્રી ગેહલોતે પ્રશ્નકાળ દરમિયાન કામકાજની મહિલાઓ માટે હોસ્ટેલ સંબંધિત પ્રશ્નનો જવાબ આપતાં વિપક્ષ તરફ ઈશારો કરતા કહ્યું કે, 'દર વખતની જેમ 2023-24ના બજેટમાં પણ તમે આ યોજનાનું નામ તમારા 'દાદી' ઈન્દિરા ગાંધીના નામ પર રાખ્યું હતું.'

વિપક્ષી નેતાઓએ સ્પીકર વાસુદેવ દેવનાનીને અવિનાશ ગેહલોતની ટિપ્પણી હટાવવાની માંગ કરી હતી. પરંતુ વિધાનસભા અધ્યક્ષે વિપક્ષની માગણી ન સ્વીકારી, જેના કારણે હંગામો શરૂ થયો. હંગામાને કારણે વિધાનસભાની કાર્યવાહી ઘણી વખત સ્થગિત કરવી પડી હતી.

જ્યારે વિધાનસભાની કાર્યવાહી ફરી શરૂ થઈ ત્યારે ચીફ વ્હીપ જોગેશ્વર ગર્ગે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ગોવિંદ સિંહ દોતાસરા, અમીન કાગઝી, રામકેશ મીના, હકમ અલી સહિત કોંગ્રેસના છ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત કરી હતી. ઠરાવ પસાર થયા પછી, ધારાસભ્યોને સમગ્ર બજેટ સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.



### અવિનાશ ગેહલોતનું વિવાદો સાથે જૂનો સંબંધ

ભજનલાલ સરકારમાં મંત્રી અવિનાશ ગેહલોતનો વિવાદો સાથે જૂનો સંબંધ છે. તે અવારનવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. અવિનાશ ગેહલોત બીજી વખત ધારાસભ્ય બન્યા છે અને ભાજપના સંગઠનમાં ઘણા મહત્ત્વપૂર્ણ પદો પર રહી ચૂક્યા છે. આ પહેલા અવિનાશ ગેહલોતે તેમની સરકારને ગફલતભરી સરકાર ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે અમારી સરકાર માત્ર કાગળ પર ચાલે છે.

# દહેજની માગ ના કરી હોય તો પણ પતિને ક્રૂરતાની સજા થાય : સુપ્રીમ

## દહેજ ઉત્પીડન બદલ લગાવાતી કલમ 498-એ મુદ્દે સુપ્રીમ કોર્ટની મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા

### દહેજની માગ... 498-એની ફરિયાદમાં દહેજનો ઉલ્લેખ ના હોવાથી તેને રદ કરતો હાઈકોર્ટનો ચુકાદો પલટીને સુપ્રીમે ટ્રાયલનો આદેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

સુપ્રીમ કોર્ટે દહેજ ઉત્પીડનના ગુના બદલ લગાવાતી કલમ ૪૯૮-એને લઈને મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સુપ્રીમે કહ્યું છે કે દહેજની માગણી કરવામાં આવી ના હોય તો પણ ક્રૂરતા વગેરે ગુના બદલ પણ કલમ ૪૯૮-એ હેઠળ ફરિયાદ દાખલ થઈ શકે છે. આ કલમનો ઉદ્દેશ્ય માત્ર દહેજની માગ બદલ થતી ઉત્પીડનથી મહિલાઓને બચાવવા પુરતો જ નથી, જો મહિલાનો પતિ ને સાસરીયાવાળા દહેજની માગણી ના કરતા હોય પરંતુ હિંસા કરતા હોય, મારપીટ કરતા હોય તો પણ તેમની સામે કલમ ૪૯૮એ હેઠળ કાર્યવાહી થઈ શકે.

સામાન્ય ધારણા એવી છે કે જો દહેજની માગ કરીને મહિલાને પતિ કે સાસરીયા પરેશાન કરે કે ક્રૂરતા આચરે તો જ કલમ ૪૯૮-એ લગાવવામાં આવે, એટલે કે દહેજની માગણીને વધુ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. પરંતુ સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી દીધી છે અને ૪૯૮-એનું વ્યાપક અર્થઘટન કર્યું છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમનાથ અને ન્યાયાધીશ પ્રસન્ના બી. વારાલેની બેંચે કહ્યું હતું કે કલમ ૪૯૮-એનો મૂળ ઉદ્દેશ્ય મહિલાને ક્રૂરતાથી બચાવવાનો છે. આ કલમ માત્ર દહેજ ઉત્પીડનના મામલાઓના નિકાલ પુરતી મર્યાદિત નથી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ૪૯૮-એમાં બે પ્રકારની ક્રૂરતાનો ઉલ્લેખ છે, પ્રથમ શારીરિક-માનસિક નુકસાન પહોંચાડવું, બીજો ઉલ્લેખ દહેજ કે સંપત્તિ વગેરેની માગ સંતોષવા માટે મહિલાને પરેશાન કરવી હેરાન કરવીનો સમાવેશ થાય છે. તેથી જરૂરી નથી કે દહેજની માગ હોય તો જ કાર્યવાહી થાય. ૪૯૮-એમાં એ-બી એમ બે સેક્શન છે, એ મુજબ અત્યાચાર કે કોઈ કારણોસર મહિલાને આત્મહત્યા તરફ લઈ જવી અથવા તો શારીરિક કે માનસિક યાતના આપવી, બી મુજબ મહિલા પાસે દહેજ તરીકે સંપત્તિ-રૂપિયા વગેરેની માગણી કરવી અને તેને આ માટે પરેશાન કરવી. આ કલમનો પ્રાથમિક ઉદ્દેશ્ય મહિલાને શારીરિક અથવા માનસિક ક્રૂરતા કે યાતનાથી બચાવવાનો છે જેમાં દહેજ વગેરેની માગણીનો ઉમેરો કરવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં અરજી કરનારી આંધ્ર પ્રદેશની મહિલાના લગ્ન આરોપી સાથે વર્ષ ૨૦૦૫માં થયા હતા, બાદમાં મહિલા પોતાના પતિ અને સાસરીયાવાળા સાથે રહેવા લાગી હતી. મહિલાએ વર્ષ ૨૦૧૭માં ગુંટુર પોલીસ સમક્ષ ફરિયાદ કરી હતી, જેમાં તેણે પતિ સહિત છ સામે કલમ ૪૯૮-એ અને આઈપીસીની કલમ ૩૪ હેઠળ ફરિયાદ દાખલ કરાવી હતી. જેમાં મહિલાએ કહ્યું હતું કે મારા લગ્ન સમયે મારા માતા પિતાએ પતિને એક લાખ રૂપિયા રોકડા અને બાદમાં ૧૦ લાખ રૂપિયાની જ્વેલરી આપી હતી. બાદમાં મારા માતા પિતાને થોડી આર્થિક મદદની જરૂર હતી તો મારા પતિએ મને એક વખત ૪૦ હજાર રૂપિયા આપ્યા હતા, જોકે આ રૂપિયા મે ગામના એક ટેલરને આપ્યા હતા કેમ કે તેનો પુત્ર અત્યંત ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ હતો, ટેલરે બાદમાં મને રૂપિયા પરત ના આપતા મારા પતિ અને સાસરીયાઓએ મારા પર અત્યાચાર કરવાનું શરૂ કરી દીધું.

મહિલાએ કહ્યું હતું કે ૨૩ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ મને માર મારવામાં આવ્યો. જેમાં મારો પતિ પણ સામેલ હતો. બાદમાં હું મારા માતા-પિતાના ઘરે પરત ફરી હતી, મે અનેક વખત મારા સાસરીયાના ઘરે જવાનો પ્રયાસ કર્યો પરંતુ મને તેઓએ કાઢી મુકી. બાદમાં પોલીસે આ મામલે ફરિયાદ દાખલ કરીને ચાર્જશીટ ફાઈલ કરી હતી, જોકે આરોપી પતિ અને સાસુ બન્ને હાઈકોર્ટ પહોંચ્યા હતા.

### 2019માં અટારી સરહદેથી 600 કિ.ગ્રા. માદક પદાર્થ પકડયો હતો

# રૂ. 2700 કરોડની ડ્રગ્સ જપ્તીમાં આરોપો ગંભીર, જામીન નહીં મળે : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

સુપ્રીમ કોર્ટે અટારીમાં ૨૭૦૦ કરોડ રૂપિયાનું ૫૩૨ કિલોગ્રામ હેરોઈન અને ૫૨ કિલોગ્રામ મિશ્રિત માદક પદાર્થ જપ્ત કરવા સંબધિત કથિત માદક પદાર્થ આતંકવાદ કેસમાં એક આરોપીની જામીન અરજી શુક્રવારે ફગાવી દીધી હતી.

ન્યાયમૂર્તિ એમ એમ સુંદરેશ અને ન્યાયમૂર્તિ પ્રશાંતકુમાર મિશ્રાની ખંડપીઠે તારિક અહેમદ લોનની તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ કોલિન ગોંસાલવેસની એ દલીલને ફગાવી દીધી હતી કે જેમા તેમણે જણાવ્યું હતું કે તેની પાસેથી માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યો ન હોવાથી તેને જામીન આપવા જોઈએ.આરોપીઓ પર ૨૦૧૯માં અટારી એકીકૃત ચેક પોસ્ટના માધ્યમથી પાકિસ્તાનથી ભારતમાં માદક પદાર્થની તસ્કરી કરવાના પ્રયાસના આરોપમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરના કુપવાડાના રહેવાસી લોને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ૪ ઓક્ટોબર, ૨૦૨૪ના આદેશની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે પોતાના આદેશમાં જામીન



આપવાનો ઈનકાર કર્યો હતો.મોહાલીમાં એનઆઈએની વિશેષ કોર્ટે ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ તેની જામીન અરજી ફગાવી દીધી હતી.

વકીલે દલીલ કરી હતી કે જે ટ્રકમાં પ્રતિબંધિત પદાર્થ તસ્કરીને લાવવામાં આવ્યો હતો તે ટ્રક અને ગોડાઉન તેમના અસીલનો ન હતો. તેમણે જણાવ્યું હતું કે આ કેસમાં ચાર સહ આરોપીઓને જામીન આપી દેવામાં આવ્યા છે. ખંડપીઠે લોનને પરિસ્થિતિઓમાં ફેરફાર થવા પર નવેસરથી જામીન અરજી દાખલ કરવાની મંજૂરી આપી હતી.

### ફરી એકવાર હવામાનની પેટર્ન બદલાઈ

# આ રાજ્યોમાં 60 કિમીની ઝડપે પવન ફૂંકાશે, હિમવર્ષા,વરસાદનું એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ચક્રવાતની અસર ઘણા રાજ્યોમાં જોવા મળી રહી છે, જેના કારણે ભારે પવન સાથે ભારે વરસાદ થઈ રહ્યો છે. પર્વતોમાં હિમવર્ષા સાથે વાદળછાયું વરસાદ ચાલુ છે, જેના કારણે મેદાની વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. ચાલો જાણીએ કે ભારત હવામાન વિભાગ (IMD)નું નવીનતમ અપડેટ શું છે? આગામી 3 દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મધ્ય પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, ઓડિશા અને પૂર્વોત્તર ભારતમાં છેલ્લા 24 કલાકમાં દિવસના તાપમાનમાં 1 થી 2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે, જ્યારે પશ્ચિમ હિમાલય પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળમાં તાપમાનનો પારો ગગડ્યો છે. આગામી 3 દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે, જ્યારે બાકીના પ્રદેશોમાં આગામી 4-5 દિવસ દરમિયાન તાપમાન યથાવત રહેશે. IMD અનુસાર, બંગાળની ખાડીના ઉત્તરીય ભાગમાં ચક્રવાતી ગતિવિધિ તીવ્ર છે. ચક્રવાતી પરિભ્રમણને કારણે, 22-23 ફેબ્રુઆરીના રોજ ઓડિશામાં તીવ્ર વાવાઝોડા અને વીજળી સાથે 40-60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. 27 ફેબ્રુઆરીએ પશ્ચિમ રાજસ્થાનમાં વાદળો છવાયેલા રહેશે. કર્ણાટકમાં 22 ફેબ્રુઆરીએ, તટીય આંધ્ર પ્રદેશમાં 23 ફેબ્રુઆરીએ ભારે વાદળો રહેશે અને કેરળમાં આગામી 7 દિવસ સુધી વરસાદની ચેતવણી છે.

# ગંગાજળ સ્નાન માટે યોગ્ય, અલ્કલાઈન વોટર જેટલું શુદ્ધ હોવાનો વિજ્ઞાનીનો દાવો

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

મહાકુંભમાં ગંગાના નીરની શુદ્ધતાને મુદ્દે સવાલો ઉઠી રહ્યા છે. તે દરમિયાન જાણીતા પદ્મશ્રી વિજેતા વિજ્ઞાની ડો.અજય સોનકરે ગંગા જળની શુદ્ધતા સામે સવાલ ઉઠાવી રહેલા લોકોને જવાબ આપતાં કહ્યું છે.ગંગા જળ સ્નાન માત્ર યોગ્ય પણ નથી પરંતુ હકીકતે અલ્કલાઈન જળ જેટલું શુદ્ધ છે. સંગમ,અરૈલ સહિતના પાંચ ગંગા ઘાટેથી લીધેલા પાણીના નમૂનાની તપાસ કરીને વિજ્ઞાનીએ આ દાવો કર્યો છે. તેમનું કહેવું છે કે 57 કરોડથી વધુ શ્રાદ્ધાળુએ ગંગા સ્નાન કર્યા પછી પણ ગંગા જળની શુદ્ધતા પ્રભાવિત નથી થઈ.મિસાઈલમેન એપીજે અબ્દુલ કલામ સાથે વૈજ્ઞાનિક વિમર્શ કરી ચૂકેલા વિજ્ઞાની ડો. અજય સોનકરે કહ્યું કે તેમણે પોતાની નૈની ખાતે આવેલી પ્રયોગશાળામાં ગંગાજળની તપાસ કરીને તેના તારણો આપ્યા છે. આ વિજ્ઞાનીએ ગંગાજળની શુદ્ધતા સામે સવાલ ઉઠાવનારી પ્રયોગશાળાને પડકાર પણ ફેંક્યો છે. તેમણે કહ્યું કે ગંગાજળની શુદ્ધતા મુદ્દે જેને શંકા હોય તે મારી પ્રયોગશાળામાં તપાસ કરીને સંતુષ્ઠ થઈ શકે છે.

# સીઝફાયર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે 75 મિનિટ સુધી ચાલી વાત..!

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ભારત અને પાકિસ્તાન વચ્ચે ફ્લેગ મીટિંગ થઈ હતી. આ દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લામાં નિયંત્રણ રેખા (LOC) પર સરહદ પારથી ગોળીબાર અને IED હુમલાની ઘણી ઘટનાઓ પછી તણાવ ઘટાડવા માટે વાતચીત કરવામાં આવી હતી. જેમાં બંને પક્ષોએ સરહદ પર શાંતિ જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સવારે 11 વાગ્યે શરૂ થયેલી બંને દેશો વચ્ચે ફ્લેગ મીટિંગ લગભગ 75 મિનિટ સુધી ચાલી હતી. એલઓસી પર છેલ્લા ઘણા અઠવાડિયાથી તણાવ બાદ આ બેઠક થઈ હતી. સરહદ પર ભારત પાકિસ્તાન બેઠકમાં નિયંત્રણ રેખા(LOC) પર 2021થી ચાલુ યુદ્ધવિરામ જાળવી રાખવા, નિયંત્રણ રેખાને તણાવમુક્ત બનાવવા સહિત અન્ય ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરીને સર્વસંમતિ સધાઈ હતી. ભારત તરફથી પૂંચ બ્રિગેડના કમાન્ડર અને પાકિસ્તાની સેનાની બે પાકિસ્તાની બ્રિગેડના કમાન્ડરોએ ફ્લેગ મીટિંગમાં ભાગ લીધો હતો. છેલ્લા ઘણા સમયથી ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ ફ્લેગ મીટિંગ થઈ નથી.

# મહારાષ્ટ્રના નાસિક હાઈવે પર ધડાકાભેર 6 ગાડીઓ ટકરાતા 6નાં મોત,16 ગંભીર

(એજન્સી) નાસિક । તા. 22

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ચાંદવડ તાલુકાના રાહુડ ઘાટથી એક મોટી દુર્ઘટનાની જાણ થઈ છે. ગઈકાલે રાત્રે થયેલા આ ભયાનક અકસ્માતમાં અનેક વાહનો એકબીજા સાથે અથડાયા હતા, જેમાં 6 લોકોના મોત થયા હતા અને 16થી વધુ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે. આ અકસ્માત એટલો ભયંકર હતો કે તમામ વાહનોને ભારે નુકસાન થયું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર, માલેગાંવ તરફ જઈ રહેલા કન્ટેનરના ડ્રાઈવરને ઊંઘ આવી ગઈ હતી જેના કારણે તેણે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે હાઈવે પર વધુ ઝડપે આવતા અન્ય વાહનો એક પછી એક અથડાયા હતા.અકસ્માત એટલો ગંભીર હતો કે તમામ વાહનોને ખૂબ જ નુકસાન થયું હતું અને 6 લોકોના મોત થયાના સમાચાર સામે આવ્યા છે. આ સિવાય 16થી વધુ લોકો ખરાબ રીતે ઘાયલ થયા છે. ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસને જાણ કરી, ત્યારબાદ પોલીસે તાત્કાલિક ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા. આ તમામની ત્યાં સારવાર ચાલી રહી છે અને તેમાંથી કેટલાકની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

### તૂટેલી સીટથી શિવરાજ સિંહ નારાજ

# શિવરાજ સિંહ ચૌહાણે એર ઈન્ડિયા પર ઉઠાવ્યા સવાલ, ટ્વીટ કરીને આક્રોશ ઠાલવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે એર ઈન્ડિયાની સેવાઓ પર સવાલ ઉઠાવતા એક ટ્વિટ કર્યું છે, જેમાં તેમણે પ્લેનમાં સીટોની ખરાબ સ્થિતિ અંગે વાંધો ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું કે ભોપાલથી દિલ્હી જવા માટે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI436માં ટિકિટ મળી હતી, જ્યાં તેને સીટ નંબર 8C ફાળવવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે તે તેની સીટ પર પહોંચ્યા ત્યારે તેમણે જોયું કે તે તૂટેલી હતી અને અંદર ધસી પડેલી હતી, જેના કારણે તેમને બેસવામાં અસુવિધા થતી હતી. કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વધુમાં લખ્યું છે કે મને એવી ધારણા હતી કે ટાટા મેનેજમેન્ટ સંભાળ્યા બાદ એર ઈન્ડિયાની સેવામાં સુધારો થશેશિવરાજ સિંહ ચૌહાણે સોશિયલ મીડિયા હેન્ડલ X પર આ મામલે એક પોસ્ટ શેર કરી છે. આમાં તેણે એર ઈન્ડિયાને પણ ટેગ કર્યું છે. આ પોસ્ટમાં કેન્દ્રીય મંત્રી ચૌહાણે જણાવ્યું કે આજે મારે ભોપાલથી દિલ્હી આવવાનું હતું, પુસામાં ખેડૂત મેળાનું ઉદ્ઘાટન કરવું હતું, કુરુક્ષેત્રમાં કુદરતી ખેતી મિશનને મળવું હતું અને ચંદીગઢમાં ખેડૂત સંગઠનના માનનીય પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવી હતી. મેં એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર AI436 માટે ટિકિટ બુક કરાવી હતી. મને સીટ નંબર 8C ફાળવવામાં આવ્યો હતો. હું જઈને સીટ પર બેઠો, સીટ તૂટીને અંદર ધસી ગઈ હતી. બેસવું દુ:ખદાયક હતું.

### રાહુલ ગાંધી સમક્ષ કરી ફરિયાદ

# કોંગ્રેસના મોટા નેતા નવાજૂની કરવાની તૈયારીમાં? પહેલા PM મોદીના વખાણ



(એજન્સી) નવી દિલ્હી । તા. 18

શશિ થરૂરને સમજવું મુશ્કેલ બની રહ્યું છે. ક્યારેક તે પીએમ મોદીના વખાણ કરે છે તો ક્યારેક ટીકા. ક્યારેક તેઓ કોંગ્રેસ માટે પ્રેમ વરસાવે છે તો ક્યારેક નારાજગી દર્શાવે છે. પીએમ મોદીના વખાણ કર્યા બાદ શશિ થરૂરે હવે રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. એવું લાગે છે કે કોંગ્રેસ અને શશિ થરૂર વચ્ચે કોઈ તાલમેલ નથી. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરની સાથે કોંગ્રેસ હાઈકમાન્ડ પણ નરમ વલણ અપનાવવા તૈયાર નથી. થરૂરના વલણથી એવું લાગે છે કે તેઓ કોઈ મોટો ધડાકો કરવા જઈ રહ્યા છે. કોંગ્રેસે પોતાની પાર્ટીના સાંસદ શશિ થરૂર પ્રત્યેના પોતાના વલણમાં કોઈ સુગમતા દર્શાવી નથી. થરૂર સાથેની વાતચીત છતાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમની કોઈ ફરિયાદ કે સૂચનોનો જવાબ આપ્યો ન હતો. તાજેતરમાં પીએમ મોદી અમેરિકાના પ્રવાસે ગયા હતા. એવામાં શશિ થરૂરે પીએમ મોદીની યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાત જેવા મુદ્દાઓ પર પાર્ટીના વલણથી અલગ અભિપ્રાય આપ્યો હતો. જેના કારણથી કોંગ્રેસ હાઈકમાન્ડ શશિ થરૂરથી નારાજ છે. એટલું જ નહીં, તાજેતરમાં જ શશિ થરૂરે એક લેખમાં એલડીએફ સરકાર હેઠળના ઔદ્યોગિક વિકાસના વખાણ કર્યા હતા, જેણે કેરળમાં પાર્ટીની અંદર ખળભળાટ મચી ગયો હતો.

### કોંગ્રેસ હવે થરૂર પ્રત્યે નરમ વલણ અપનાવવા તૈયાર નથી

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ હવે થરૂર પ્રત્યે નરમ વલણ અપનાવવા તૈયાર નથી. શશિ થરૂરે રાહુલ ગાંધીને પાર્ટીમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરવા કહ્યું હતું. થોડા દિવસો પહેલા દિલ્હીમાં યોજાયેલી બેઠક દરમિયાન થરૂરે પાર્ટીમાં અવગણના થવા પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીએ આ અંગે કોઈ નક્કર પ્રતિબદ્ધતા નથી આપી, જેના કારણે થરૂર વધુ અસંતુષ્ટ થઈ ગયા.

### થરૂરને એવું લાગે છે પાર્ટીમાં યોગ્ય સન્માન નથી મળતું

માહિતી એ પણ સામે આવી છે કે થરૂર એવું માને છે કે તેમને પાર્ટીમાં યોગ્ય સન્માન નથી મળતું હોવાથી તેમણે પાર્ટી લાઈન છોડવાનું મન બનાવી લીધું છે. રાહુલ ગાંધી સાથેની તેમની મુલાકાત દરમિયાન થરૂરે પોતાનો અસંતોષ પણ વ્યક્ત કર્યો હતો કે તેમને 'ઓલ ઈન્ડિયા પ્રોફેશનલ્સ કોંગ્રેસ'ના પદ પરથી હટાવવામાં આવ્યા હતા, જે તેમણે પોતે રચી હતી. થરૂર એ વાતથી પણ નારાજ છે કે રાહુલ ગાંધી દ્વારા વાતચીતમાં કોઈ નક્કર ખાતરી આપવામાં આવી નથી. જોકે થરૂરે કોંગ્રેસની યુવા વિંગની જવાબદારી લેવાનો સંકેત આપ્યો હતો, પરંતુ રાહુલ ગાંધી આ પ્રસ્તાવ સ્વીકારવા પણ તૈયાર ન હતા.

### વિશ્વભરમાંથી 13 મહિલાઓની પસંદગી કરાઈ

# કોણ છે પૂર્ણિમા દેવી? PhD છોડી પક્ષીઓ બચાવવામાં જીવન ખપાવ્યું, ટાઈમ મેગેઝીનમાં મળ્યું સ્થાન



(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ભારતીય બાયોલોજિસ્ટ અને વન્યજીવ સંરક્ષક પૂર્ણિમા દેવી બર્મનને ટાઈમ મેગેઝિનના વિમેન ઓફ ધ યર-૨૦૨૫ની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ લિસ્ટમાં અસાધારણ મહિલા નેતાઓની કામગીરીને બિરદાવવામાં આવી છે. ટાઈમ મેગેઝિનની વિમેન ઓફ ધ યર ૨૦૨૫ની લિસ્ટમાં સ્થાન પામનાર ૪૫ વર્ષીય પૂર્ણિમા દેવી બર્મન એકમાત્ર ભારતીય મહિલા છે. આ જાહેરાત દરમિયાન બર્મનની ૨૦૦૭ની કામગીરીને ખાસ યાદ કરવામાં આવી હતી. જ્યારે, અસમમાં દુર્લભ પક્ષી- ગ્રેટર એડજુટન્ટ સ્ટોર્ક્સ (ઢોંક) નો માળો ધરાવતા વૃક્ષને કાપવામાં આવી રહ્યું હતું. ત્યારે, તેમણે અનેક વિરોધ વચ્ચે પણ તેને બચાવવાના પ્રયત્નો કર્યા હતા. આ દિવસથી જ તેમના લુપ્તપ્રાય પક્ષી કે જેને આસામમાં 'હર્ગિલા'ના નામથી પણ ઓળખવામાં આવે છે, તેને બચાવવાના અભિયાનની શરૂઆત થઈ ગઈ હતી. બર્મનના પ્રયાસોમાં તેમની લગભગ ૨૦,૦૦૦ મહિલાઓની 'હર્ગિલા આર્મી' મદદરૂપ બની છે. જેઓ પક્ષીઓના માળાનું રક્ષણ કરે છે.

# સોશિયલ મીડિયા સાઈટ્સ પર 'બોયકોટ ઓયો' ટ્રેન્ડ થયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

સોશિયલ મીડિયા સાઈટ્સ પર ઓયોની જાહેરાત વિવાદમાં આવી છે. ઘણા યુઝર્સે રિતેશ અગ્રવાલની કંપની ઓયો પર લોકોની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોચાડી હોવાના આરોપ લગાવ્યા છે. ઓયોએ હિંદી અખબારમાં આપેલી જાહેરાતમાં 'ભગવાન દરેક જગ્યાએ છે' ત્યારબાદ, 'ઔર ઓયો ભી'લખ્યું છે. તેમની જાહેરખબર બાદ સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર હેશટેગ બોયકોટ ઓયો ટ્રેન્ડ થયું હતું. જેમાં, ધાર્મિક સંગઠનો અને




અન્ય યુઝર્સે કંપની પાસે માફીની માંગ કરી હતી. ધાર્મિક સંસ્થાઓનો આરોપ છે કે, ઓયોએ તેની જાહેરખબરમાં ભગવાનની સરખામણી ઓયોના રૂમ્સ સાથે કરી છે. થોડા સમય પહેલા રિતેશ અગ્રવાલે ઓયોના લોગો પાછળ ભગવાનની તસવીરમાંથી પ્રેરણા લીધી હોવાનું કહીને વિવાદ છેડયો હતો.

# મહાકુંભ મેળાના યાત્રાળુઓ માટે પશ્ચિમ રેલવેએ ખાસ ટ્રેનો ચલાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

મહાકુંભ મેળામાં ભેગા થતા યાત્રાળુઓ અને ભક્તોની યાત્રાને સુખદ અને આધ્યાત્મિક અનુભવ બનાવવામાં ભારતીય રેલ્વે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. કુંભ મેળામાં હાજરી આપવા માટે આવતા યાત્રાળુઓના આ વિશાળ ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલ્વે પશ્ચિમ રેલ્વેના વિવિધ સ્ટેશનો જેમ કે અમદાવાદ, સાબરમતી, મુંબઈ સેન્ટ્રલ, વાપી, વલસાડ, ઉધના, વડોદરા, વિશ્વામિત્રી, ભાવનગર, રાજકોટ, ઈન્દોર વગેરે પરથી 125 ટ્રીપ ખાસ ટ્રેનો ચલાવી રહી છે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 23 FEBRUARY-2025
AHMEDABAD

## દેવકરણ મુવાડામાં 41 વીઘા જમીન માટે 53 લાખ પડાવ્યા

ગાંધીનગર | દહેગામના દેવકરણ મુવાડામાં અમદાવાદની મહિલા રિયલ એસ્ટેટ બ્રોકર જાનવી તેજશ જોષી સાથે 53.76 લાખની છેતરપિંડી થઈ છે. આરોપીઓએ 41 વીઘા જમીન 5 કરોડમાં વેચવાનું કહી પૈસા પડાવી લીધા હતા. આ કેસમાં મુખ્ય આરોપી ભૂમસિયાના જમીન દલાલ વિહાભાઈ જેસંગભાઈ દેસાઈ છે. તેમણે ગોપાલ રબારી અને બે ખેડૂતો અભાજી ઉમેદજી ઠાકોર તથા વિક્રમજી ફતાજી ઠાકોર સાથે મળીને આ કૌભાંડ આચર્યું હતું.

## પતિના આડા સંબંધથી કંટાળી પરિણીતાએ આપઘાત કર્યો

ગાંધીનગર | ગાંધીનગરના પિંપળજમાં રહેતી પરણિતાએ પતિના આડા સબંધો અને ત્રાસના કારણે મોત વ્હાલુ કરી લીધુ હતુ. બીજા લગ્ન કરનાર પરણિતાને લગ્નના એક જ વર્ષમાં મોત વ્હાલુ કરવુ પડ્યુ હતુ. જેથી પરણિતાના પિતાએ જમાઈ સામે પેથાપુર પોલીસ મથકમાં મોત માટે મજબુર કરવાનો ગુનો નોંધાવતા પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. અમદાવાદના કાસીન્દ્રા ગામના રોહિતસિંહ દિપસિંહ ચૌહાણની દીકરી પ્રિયંકાના લગ્ન એક વર્ષ પહેલા ગાંધીનગરના પિંપળજમાં રહેતા મયુરસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા સાથે કરવામાં આવ્યા હતા.

# 10-12th Board Exam: પુરવણીના પાના પર કોઈ નંબર-નિશાન કરવા સામે બોર્ડની મનાઈ

(એજન્સી) ગાંધીનગર | તા 22

ધોરણ 10 અને ધોરણ 12ની બોર્ડની પરીક્ષાનો આગામી 27મી ફેબ્રુઆરી આરંભ થઈ રહ્યો છે. ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાર્થીને કેટલીક સલાહ અપાઈ છે. જવાબવહીમા ઓળખ પ્રગટ થઈ શકે તેવા નંબર કે નિશાન કરવા સામે શિક્ષણ બોર્ડે મનાઈ ફરમાવી છે. આ અંગે શિક્ષણ બોર્ડના જણાવ્યા અનુસાર પરીક્ષાર્થીની ફી રસીદ કે પ્રવેશપત્ર પરનો બેઠક નંબર તથા બારકોડ સ્ટીકર પરનો બેઠક નંબર એક જ છે તે ચકાસી તથા બારકોડ સ્ટીકર પરનો વિષયકોડ બરાબર છે તેની ખાતરી કરી મુખપૃષ્ઠ ઉપર બતાવેલા બારકોડ સ્ટીકર ચોંટાડવાના ખાનામાં બારકોડ સ્ટીકર ચોટાડવું.

### ધો.10 અને ધો.12ના વિદ્યાર્થીઓએ પરીક્ષામાં શું કરવું અને શું ન કરવું?

1. બારકોડ સ્ટીકર સાથે કોઈ પણ પ્રકારના ચેડાં કરવા નહીં.
2. પરીક્ષાર્થીએ ફી રસીદ કે પ્રવેશપત્ર અનુસાર પોતાનો બેઠક નંબર ફક્ત નિયત જગ્યા સામે જ ચેકચાક કર્યા સિવાય અંગ્રેજી અક્ષરોમાં અંકો અને શબ્દો બંનેમાં લખવાનો રહેશે.
3. પરીક્ષાર્થી જવાબવહી કે પુરવણીના કોઈપણ પાના પર પોતાની ઓળખ પ્રગટ થઈ શકે તેવા નંબર કે નિશાન દેવી કે દેવતાઓના નામ કે કોઈ પણ ધાર્મિક ચિન્હો સહિત કે લખાણ કરવું નહીં.
4. પરીક્ષાર્થીએ વર્ગખંડમાં હાજર કે ગેરહાજર રિપોર્ટ પત્રક 01માં ખાના નં. 1 છાપેલા પોતાના બેઠક નંબર સામે ખાના નં. 2માં છાપેલી જવાબવહી નંબરની ચકાસણી કરવાની રહેશે.
5. પરીક્ષાનો સમય પૂર્ણ થવાના 10 મિનિટ અગાઉ મુખ્ય જવાબવહી તથા પુરવણી ઉપર ખાખી સ્ટીકર નિયત જગ્યાએ ચોંટાડવાનું રહેશે.
6. જવાબવહી કે પુરવણીના કોઈપણ ભાગમાં લખાણ કરતી વખતે વાદળી કે ભૂરા રંગની શાહી કે બોલપેન સિવાય અન્ય કોઈ રંગની બોલપેન કે શાહીનો ઉપયોગ કરવો નહીં.
7. જવાબના મથાળા કે પેટા મથાળાની નીચે લીટી દોરવા માટે અન્ય કોઈ પણ રંગની શાહીનો ઉપયોગ કરવો નહીં. પ્રત્યેક પાનાની બંને બાજુએ લખવાનુ રહેશે.
8. વિભાગવાર પ્રશ્નોના ઉત્તરો લખવાના રહેશે. વિભાગ બદલાય એટલે ઉત્તરો નવા પાના પરથી શરૂ કરવાના રહેશે.
9. વિભાગવાર પ્રશ્નોના પ્રશ્ન ક્રમાંક જે તે હાંસિયામાં લખવા.
10. વિભાગ બદલાય પછી પ્રશ્નક્રમાંક સળંગ ક્રમાંકમાં જ લખવાના રહેશે.
11. પેપર પૂરું થયા પછી બાકી રહેલા કોરા પાના પર ઊભી લીટી દોરવાની રહેશે.

### સોશિયલ મીડિયાના માધ્યમથી તમામને હાજર રહેવા અપીલ

# TET-TAT પાસ ઉમેદવારોનું સોમવારે ગાંધીનગરમાં આંદોલન : પાંચ મહત્વના પ્રશ્નોને લઈ એકઠા થશે

(એજન્સી) ગાંધીનગર | તા 22

ગુજરાતમાં TET-TAT પાસ ઉમેદવારોએ વધુ એકવાર પોતાના પડતર પ્રશ્નોને લઈ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. મહત્ત્વના સાત પ્રશ્નો સંતોષવાની માગ સાથે સોમવારે 24 તારીખે ગાંધીનગરમાં આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. ટેટ-ટાટ પાસ ઉમેદવારોએ સોશિયલ મીડિયાના માધ્યમથી એકબીજાના ઉમેદવારોને ગાંધીનગર હાજર રહેવા અપીલ કરી છે. ટેટ-ટાટ પાસ ઉમેદવારો છે, તેઓ દ્વારા 24 તારીખને સોમવારે ગાંધીનગરમાં આંદોલન માટે હાજર રહેવા અપીલ કરવામાં આવી રહી છે.

**20 ફેબ્રુઆરીએ વિદ્યાસહાયક કામચલાઉ મેરિટ યાદી જાહેર કરી હતી :** રાજ્યની પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકની ભરતી અંગેની કાર્યવાહીમાં ગુરુવારે વેબસાઈટ પર પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું હતું. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધો.1થી 5 અને ધો.6થી 8 માટે ગુજરાતી તથા અન્ય માધ્યમની મળીને કુલ 13852 વિદ્યાસહાયકની ભરતી માટે 7 નવેમ્બરથી ઓનલાઈન અરજીની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ઓનલાઈન અરજીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ હવે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું છે. પ્રોવિઝનલ મેરિટ યાદીમાં ભૂલ જણાય તો 25 ફેબ્રઆરી સુધીમાં વાંધા અરજીની પ્રિન્ટ મેળવી 27 ફેબ્રુઆરી સુધીમાં વિગતો ભરીને જમા કરાવવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ફાઈનલ મેરિટ યાદી જાહેર કરાશે. રાજ્ય સરકારના આ લિસ્ટ બાદ ઉમેદવારોએ પોતાની પડતર માગણીઓને લઈ આંદોલનની જાહેરાત કરી છે.

### ઉમેદવારોની મુખ્ય માગ

■ શિક્ષણ સહાયક (9થી12)નું PML અને DV શિડ્યૂલ પ્રસિદ્ધ કરો. ■ ધોરણ 1થી8 વિદ્યા સહાયકમાં કેટેગરી અને વિષય મુજબ જગ્યાઓનું લિસ્ટ જાહેર કરો. ■ અંદાજિત 5700 જૂના શિક્ષકો અને 1200 આચાર્યની બદલી કેમ્પના અંતે ખાલી પડતી જગ્યાઓ ચાલુ શિક્ષણ સહાયકમાં જગ્યા વધારા રૂપે સામેલ કરવામાં આવે. ■ ગત વર્ષે મંજૂર થયેલા 2750 વિદ્યા સહાયકને ચાલુ ભરતીમાં જગ્યા વધારા રૂપે સામેલ કરવામાં આવે. ■ ઉનાળુ વેકેશન પહેલાં શિક્ષક ભરતીની તબક્કાવાર સંપૂર્ણ ભરતીપ્રક્રિયા પૂર્ણ કરી નિમણૂક પત્રો એનાયત કરવામાં આવે.

### જુહાપુરાના યુવક પાસેથી ડ્રગ્સનો જથ્થો વેચવા માટે લાવ્યો હતો

# આસ્ટોડિયાના બગીચા પાસેથી રૂ.1.81 લાખના MD ડ્રગ્સ સાથે યુવક પકડાયો

(એજન્સી) અમદાવાદ | તા 22

આસ્ટોડિયા બગીચા નજીકથી એસઓજીની ટીમે 1.81 લાખના એમડી ડ્રગ્સ સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. યુવકની પૂછપરછ દરમિયાન તે ડ્રગ્સની આદત ધરાવતો હોવાનું તથા ડ્રગ્સના વ્યસનની સાથે સાથે તેણે વેચાણ કરવાનું પણ શરૂ કર્યું હોવાનું જણાવ્યું હતું.એસઓજીનીના પીઆઈ એન. ડી. નકુમન અને તેમના સ્ટાફને બાતમી મળી હતી કે, આસ્ટોડિયા વિસ્તારમાં એક યુવક એમડી ડ્રગ્સનું વેચાણ કરવા



માટે ફરી રહ્યો છે, જેના આધારે ગુરુવારે સાંજે એસઓજીની ટીમે તે જગ્યાએ વોચ ગોઠવી શંકાસ્પદ યુસુફ પઠાણ (જમાલપુર)ને ઝડપી પાડ્યો હતો. તેની તપાસ કરતા તેની પાસેથી 18 ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું હતું, જેની કિંમત રૂ.1.81 લાખ થાય છે. પોલીસે ડ્રગ્સનો જથ્થો જપ્ત કરીને યુસુફની ધરપકડ કરી હતી. ત્યાર બાદ તેની પૂછપરછ કરતા તે જુહાપુરામાં રહેતા મોહસીન પઠાણ નામની વ્યક્તિ પાસેથી એમડી ડ્રગ્સનો જથ્થો વેચાણ માટે ખરીદ્યો હોવાનું સામે આવ્યું હતું. સાથે જ યુસુફને પણ એમડી ડ્રગ્સનું સેવન કરતો હોવાથી તેની સાથે વેચાણ પણ કરવા લાગ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. આથી ડ્રગ્સ કોને કોને વેચ્યું તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# રાજ્યમાં ફેબ્રુઆરીમાં માર્ચની આકરી ગરમીનો થતો અહેસાસ

(એજન્સી) અમદાવાદ | તા 22

ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં જ માર્ચની ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. સામાન્ય રીતે માર્ચ આવતાં ગરમી વધતી હોય છે, પરંતુ આ વર્ષે માર્ચ પહેલાં જ ગરમીએ જોર પકડ્યું છે, જેના કારણે ગુજરાતીઓને ગરમી સહન કરવા માટે તૈયાર રહેવું પડશે. રાજકોટમાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 36.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસને લઈને રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. એ મુજબ આગામી 7 દિવસ વાતાવરણ શુષ્ક રહેશે, જ્યારે બે દિવસ પછી રાજ્યમાં લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળશે અને આગામી ત્રણ દિવસ બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળશે.

છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન 33.7 ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં 33.4 ડિગ્રી સેલ્સિયસ નોધાયું છે. સંપૂર્ણ ગુજરાતમાં મહત્તમ તાપમાન રાજકોટ ખાતે 36.3 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયુ છે. જ્યારે અમદાવાદમાં લઘુતમ તાપમાન 19.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ છે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં લઘુતમ તાપમાન નલિયા ખાતે 15.5 ડિગ્રી સેલ્સિયસ નોધાયું છે.

### ભાગીદારે નિવેદનમાં કરચોરી કરી હોવાની કબૂલાત કરી

# કાર્યવાહી: શહેરની પેઢીએ બિલ વગર માલ વેચી રૂ.7 કરોડની ટેક્સચોરી કરી

(એજન્સી) અમદાવાદ | તા 22

શહેરની ગાયત્રી એબ્રેસિવ નામની ભાગીદારી પેઢીની 7.07 કરોડની કરચોરી પકડાઈ છે. સીજીએસટીના અમદાવાદ નોર્થ કમિશનરેટે આ પેઢી બિલ વગર માલનું વેચાણ કરતી હોવાનું પકડી પાડ્યું છે. જીએસટી ભર્યા વગર પેઢીએ અંદાજે 37 કરોડનો માલ વેચ્યાનું બહાર આવ્યું છે. જીએસટી વિભાગના જણાવ્યા અનુસાર, પેઢીએ નાણાકીય વર્ષ 2021-22થી ગ્રાઈન્ડ સ્ટોન, હેન્ડ ટૂલ્સ જેવા માલનું બિલ વગર વેચાણ




કર્યું હોવાના ઈલેક્ટ્રોનિક પુરાવા મળી આવ્યા હતા. તે ઈનવોઈસ જનરેટ કર્યા વગર માલ વેચી જીએસટીની ચોરી કરતી હતી. પેઢીના ભાગીદારોમાંથી એકની ધરપકડ કરવામાં આવી છે. આ ભાગીદારે નિવેદનમાં કરચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેમની 20 ફેબ્રુઆરીએ ધરપકડ કરાઈ હતી. હાલ આ ભાગીદારને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયા છે. ગત સપ્તાહે અસ્તિત્વમાં ન હોય એવી પેઢીઓ પાસેથી બોગસ બિલિંગ મારફતે વિવિધ પેઢીઓએ ખોટી રીતે આઈટીસી રિફન્ડ મેળવ્યાનું પકડાયું છે. આ કેસમાં પણ 80 કરોડની કરચોરીની શંકા છે.

# 10 વર્ષથી ચાલતી વિચારણા અંતે સફળ થઈ: ભદ્રકાળી માતાની નગરયાત્રામાં મોરપીંછથી પહિંદ વિધિ થશે

(એજન્સી) અમદાવાદ | તા 22

નગરદેવી ભદ્રકાળી માતાની નગરયાત્રા 26 ફેબ્રુઆરીએ નીકળશે. ભદ્રકાળી મંદિરથી શરૂ થનારી આ યાત્રા લગભગ 6.25 કિમીના રૂટ પર ફરશે અને બપોર 1 વાગે પુર્ણાહૂતિ થશે. પહેલીવાર નીકળનારી આ યાત્રાની પહિંદ વિધિ પણ થશે. અત્યાર સુધી ભગવાન જગન્નાથની યાત્રામાં પહિંદ વિધિ થતી હોય છે. હવે દર વર્ષે 2 રથયાત્રા નીકળશે. 10 વર્ષથી નગરદેવીની યાત્રા અંગે ચાલતી વિચારણા અંતે સફળ થઈ છે.

ટ્રસ્ટીઓ છેલ્લા 10 વર્ષથી મા ભદ્રકાળીની નગરયાત્રા કાઢવા વિચારી રહ્યા હતા. આખરે સંકલ્પ પૂરો થયો છે. યાત્રામાં માતાજીની મૂર્તિની જગ્યાએ 6 ફૂટના ફોટા સાથે પાદુકા નગરચર્યા કરશે. મંદિરમાં આવતા ભક્તોની લાગણી હતી કે, ભગવાન જગન્નાથ નગરદેવ છે તો મા ભદ્રકાળી નગરદેવી છે. માટે દર વર્ષે તેમની યાત્રા નીકળવી જોઈએ. આ યાત્રા પહેલા પહિંદ વિધિ કરવી અનિવાર્ય છે. બની શકે કે મુખ્યમંત્રી, મેયર કે ઉચ્ચ અધિકારી માતાજીની પાદુકા રથમાં બિરાજિત કરશે. એ પછી સવારે 7 વાગ્યે મોરપીંછથી રસ્તો સાફ કરી પહિંદવિધિ થશે. પહેલીવખત આ યાત્રા નીકળતી હોવાથી તેની સંપૂર્ણ જવાબદારી એક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને સોંપવામાં આવી છે. હવે પછીનાં વર્ષોમાં નગરયાત્રાનું મોટાપાયે આયોજન કરવામાં આવશે. જોકે યાત્રામાં હાથી-ઘોડાને પરમિશન આપવામાં આવી નથી. યાત્રાની પૂર્ણાહૂતિ પછી મંદિરમાં એક પડીનો હવન અને ભંડારાનું આયોજન ટ્રસ્ટ તરફથી કરવામાં આવ્યું છે. મંદિરના પૂજારીના જણાવ્યા અનુસાર, નગર દેવી ભદ્રકાળી માતાનો ઈતિહાસ કાઢવો શક્ય નથી. જો મરાઠાકાળમાં મંદિર બન્યું હોત તો નામ તુળજા ભવાની કે મહાલક્ષ્મી હોત. પરંતુ રાજા કર્ણદેવ સોલંકીએ 1 હજાર વર્ષ પહેલા 3 મંદિરનું નિર્માણ કર્યું હતું. તેથી મંદિર 1 હજાર વર્ષ જૂનું હોવાનું કહી શકાય. - શશિકાંત તિવારી ચેરમેન, શ્રી રામબલિ પ્રાગ તિવારી ટ્રસ્ટ, ભદ્રકાળી મંદિર

# માવઠું વધારશે મુશ્કેલી! બેવડી ઋતુ વચ્ચે કમોસમી વરસાદ મચાવશે તાંડવ! અંબાલાલ પટેલની આગાહી

(એજન્સી) અમદાવાદ તા 22

રાજ્યમાં શિયાળો તેના અંતિમ તબક્કામાં છે. જો કે, લોકો અત્યારથી જ ગરમીનો અનુભવ કરી રહ્યા છે. તેવામાં હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે રાજ્યમાં કમોસમી વરસાદને લઈ મોટી આગાહી કરી છે. રાજ્યમાં બે વખત વરસાદી વાતાવરણ સર્જાવાની શકયતા છે. પ્રથમ વખત 24 થી 28 ફેબ્રુઆરી દરમિયાન કમોસમી વરસાદ પડી શકે છે. જ્યારે બીજી વખત 7 થી 10 માર્ચ દરમિયાન કમોસમી વરસાદ ખાબકવાની આગાહી છે. રાજ્યમાં લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે, હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે રાજ્યમાં કમોસમી વરસાદને



લઈ મોટી આગાહી કરી છે. અંબાલાલ પટેલેની આગાહી અનુસાર, રાજ્યમાં બે વખત વરસાદી વાતાવરણ સર્જાઈ શકે છે. પ્રથમ વખત 24 થી 28 ફેબ્રુઆરી દરમિયાન અને બીજી વખત 7 થી 10 માર્ચ દરમિયાન કમોસમી વરસાદ ખાબકી શકે છે. પ્રથમ તબક્કામાં ઉત્તર ગુજરાત સહિતનાં વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતાઓ છે. રાજ્યનાં કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ અને હળવો વરસાદ પડી શકે છે. જ્યારે બીજા તબક્કામાં એટલે કે 7 થી 10 માર્ચ દરમિયાન રાજ્યનાં કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ (Unseasonal Rains) પડી શકે છે. જો કે, માર્ચ મહિનાથી રાજ્યમાં ગરમીની શરૂઆત થશે. ત્યારે માર્ચ મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદની આગાહી પણ હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે કરી છે. આથી, ઉનાળુ પાક બાજરી, મકાઈ વગેરેને નુકસાન થવાની ભીતિ પણ સેવાઈ છે.

# અમદાવાદના ફાયર ઓફિસર ઈનાયત શેખ રૂપિયા 65 હજારની લાંચ લેતા ઝડપાયા

(એજન્સી) અમદાવાદ | તા 22

અમદાવાદના પ્રહલાદનગર ફાયર સ્ટેશનમાં ACBની ટ્રેપ થઈ છે જેમાં ફાયર ઓફિસર ઇનાયત શેખ લાંચ લેતા ઝડપાયા છે,આ લાંચ રૂપિયા 65 હજારની છે જેમાં અધિકારી રૂબરૂમાં લાંચ લેતા ઝડપાઈ ગયા છે,હાલમાં અધિકારી ઈનાયત શેખ સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને અમદાવાદ એસીબી ઓફીસ ખાતે તેમને લઈ જવામાં આવ્યા છે.ફાયર સેફટીની એનઓસીને લઈ માંગી હતી લાંચ.

ગુજરાતમાં અધિકારીઓ લાંચ લઈ મોટા ફાર્મ હાઉસ,સોના અને વિવિધ મિલકતોમાં રોકાણ કરતા હોય છે,ગુજરાતમાં સાગઠિયા જેવા ઘણા અધિકારીઓ એવા હશે કે જેની પાસે અઢળક મિલકતો હતો, આવા અધિકારીઓ સામે આવક કરતાં વધુ સંપત્તિનો કેસ દાખલ થયા પછી મિલકતો જપ્ત કરવા કોર્ટ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.કેસ દાખલ થયા પછી સરકાર અપ્રમાણસરની મિલકતો જપ્ત કરી શકશે. આ ઉપરાંત જામીન માટે પણ આકરા નિયમો ઘડવામાં આવી શકે છે.ઘણા કિસ્સાઓ એવા પણ બન્યા



છે જેમાં અધિકારીઓને જેલ થયા પછી જામીન મળી જતા હોય છે,ઘણા અધિકારીઓ એવા પણ છે કે જેઓ બીજાના નામે સંપતિ લેતા હોય છે ત્યારે આવા અધિકારીઓએ પણ સચેત થવું જરૂરી છે,ગુજરાતમાં ઘણા અધિકારીઓ એવા છે કે જે સામન્ય નાગરિક પાસે પણ લાંચ લેવામાં અટકાતા નથી,તો ઘણા અધિકારીઓ એવા છે કે જે સરકાર પગાર આપે તેમાં જ તેમનું ગુજરાન ચલાવતા હોય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્ષ 2022માં ડિવિઝનલ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા મનિષ મોડ દ્વારા ફાયર NOC આપવા મામલે લાંચ માગવામાં આવી હોવાના પુરાવા મ્યુનિસિપલ કોર્પોરેશન અને એન્ટીકરપ્શન બ્યુરો (ACB)માં આપવામાં આવ્યા હતા.

# ગોમતીપુરમાં રીડીપી અમલીકરણમાં ચારતોડા કબ્રસ્તાનના બાંધકામો તોડવાની કામગીરી શરૂ





અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શુક્રવારે મળેલી સામાન્ય સભામાં વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણ દ્વારા ટીપી રોડ ખોલવા ગેરકાયદેસર બાંધકામમાં ચોક્કસ વિસ્તારોને ટાર્ગેટ કરવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ત્યારે આજે શનિવારે સવારથી જ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા ગોમતીપુર વિસ્તારમાં રોડ પર રીડીપી અલીકરણ અંતર્ગત બાંધકામોને તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ચારતોડા કબ્રસ્તાનમાં આવેલા બાંધકામોને એક વિભાગની ટીમ દ્વારા આજે સવારથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તોડવામાં આવી રહ્યા છે. ગોમતીપુર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રીડીપીનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત રોડ પહોળો કરવા માટે રસ્તામાં આવતા બાંધકામોને દૂર કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગોમતીપુર હાથીખાઈથી લઈને ચારતોડા કબ્રસ્તાન થઈ સરસપુર તરફના રોડ ઉપર 100 દુકાનો અને મકાનો સહિતની મિલકતો તોડવામાં આવનાર છે. આજે શનિવારે સવારથી જ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા ગોમતીપુર ચારતોડા કબ્રસ્તાન પાસે આવેલા 10થી વધુ બાંધકામો તોડવાની કાર્યવાહી થઈ રહી છે. રોડ પહોળો કરવાની કામગીરી અંતર્ગત આ બાંધકામો તોડવામાં આવી રહ્યા છે.